सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | ૩૦–૦૧–૨૦૧૮ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૩૦–૦૧–૨૦૧૮ |
| નિકાલ કર્યા તારીખ | ૨૯–૦૫–૨૦૧૯ |
| સ મ ય ગા ળો | વર્ષ માસ દિવસ |
| | ૦૧ – ૦૩ – ૨૯ |

# મે. મહેસાણા જિલ્લાના સેશન્સ જજ સાહેબની અદાલત,
# મું. મહેસાણા.

**સેશન્સ કેસ નં.૧૧/૨૦૧૮**

**આંક:–૭૯**

**ફરીયાદી :–** **શ્રી સરકાર,**

(ઠાકોર બાબુજી રાયાજી
રહે.ડોડીવાડા,વચલો ઠાકોરવાસ,
તા.બેચરાજી,જી.મહેસાણા)

**વિરૂધ્ધ**

**આરોપીઓ :–** ૧. ઠાકોર અશ્વિનકુમાર ઉર્ફે અશ્વિનજી ગોપાળજી,
ઉ.વ.આ.૨૨,ધંધો–અભ્યાસ

૨. ઠાકોર દિલીપજી વરસંગજી,
ઉ.વ.આ.૨૭,ધંધો–મજુરી,

૩. ઠાકોર જીવણજી ઉર્ફે ટીકો મણાજી,
ઉ.વ.આ.૨૬,ધંધો–મજુરી,
૪. ઠાકોર ગોપાળજી માસંગજી,
ઉ.વ.આ. ૫૦,ધંધો–ખેતી,
૫. ઠાકોર મણાજી માસંગજી,
ઉ.વ.આ. ૬૦,ધંધો–ખેતી,
૬. ઠાકોર અભુજી મણાજી,
ઉ.વ.આ. ૩૫, ધંધો–મજુરી,
૭. ઠાકોર વિપુલકુમાર ઉર્ફે વિપુલજી ગોપાળજી,
ઉ.વ.આ. ૨૦,ધંધો–અભ્યાસ
૮. ઠાકોર હરજીજી માસંગજી,
ઉ.વ.આ.૫૬,ધંધો–ખેતી,
૯. ઠાકોર વિષ્ણુજી હરજીજી,
ઉ.વ.આ. ૩૩,ધંધો–મજુરી,
તમામ રહે.ડોડીવાડા,ઠાકોરવાસ, તા.બહુચરાજી,
જી.મહેસાણા

**ગુનો :– ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯,૫૦૪, ૫૦૬(૨),૧૨૦–બી તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ**

.......................................................................................
ફરીયાદી તરફે :– વિ.એ. પી. પી. શ્રી રેખાબેન કે. જોષી
આરોપીઓ તરફે :– વિ.વકીલશ્રી એમ.જી.ચૌધરી
.......................................................................................

# **-:: હુ ક મ :: -**

(૧)... આ કામના ઉપરોકત જણાવેલ આરોપી સામે તારીખ ૦૭-૦૩-૨૦૧૮ નારોજ આંક-૫ થી **ઈ. પી. કો. કલમ ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦-બી તથા જી.પી.એકટની કલમ ૧૩૫** મુજબના ગુન્હા સંબંધે તહોમતનામું ફરમાવી તેમની સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

**આરોપી સામેનું તહોમતનામું**

(૨)... આ કામે તમો આરોપી નં. ૮ ઠાકોર હરજીજી માસંગજી સરપંચની ચુંટણીમાં ઉભા રહેલ અને તેમાં હારી જતાં તમો તમામ આરોપીઓએ ભેગા મળી ગુનાહીત કાવતરૂ રચી એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બની,પ્રાણઘાતક હથિયારો ધારીયુ, લોખંડની છરી, લાકડીઓ, ધોકા જેવા હથિયારો ધારણ કરી બનાવ તારીખ ૧૧-૦૪-૨૦૧૭ નારોજ કલાક ૧૮-૩૦ વાગ્યાના સુમારે મોજે ડોડીવાડા મુકામે ફરીયાદી તેમના ભાઈ ઠાકોર હેમતાજી રાયાજીના ઘરે બેઠેલ હોઈ ત્યાં તમો તમામ આરોપીઓએ આવી ફરીયાદીને કહેલ કે તમોએ ઠાકોર હરજીજી માસંગજીને વોટ આપેલ નથી તેમ કહી ફરીયાદી સાથે ઝઘડો કરી ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી તમો આરોપી નં.૧ અશ્વિનજીનાએ તેના હાથમાનું ધારીયું ફરીયાદીને માથાના ભાગે સીધુ મારી તથા તમો આરોપી નં. ૫ મણાજી તથા આરોપી નં. ૬ અભુજીનાએ ફરીયાદીને પકડી રાખતાં તમો

આરોપી નં. ૨ દિલીપજીનાએ લોખંડની છરી ફરીયાદીના ડાબા હાથની પહેલી આંગળી ઉપર મારી તથા તમો આરોપી નં. ૩ જીવણજી, નં. ૪ ગોપાળજી, નં. ૮ હરજીજી તથા નં. ૯ વિષ્ણુજીનાઓએ લાકડીઓથી તથા તમો આરોપી નં. ૭ વિપુલજીનાએ ધોકાથી ફરીયાદીને બરડાના ભાગે તથા કમરના ભાગે તથા થાપાના ભાગે માર મારી તથા ફરીયાદીને છોડાવવા સાહેદો વચ્ચે પડતાં સાહેદ નં. ૧૦ મહેશજી હેમતાજીને તમો આરોપી નં. ૪ ગોપાળજીનાએ તેના હાથમાંની લાકડી માથાના ભાગે મારી તથા સાહેદ નં. ૧૧ જતનબેન હેમતાજીને તમો આરોપી નં. ૩ જીવણજીનાએ લાકડી મોઢાના જમણી બાજુના ભાગે મારી તેમને મારી નાંખવાના ઈરાદે જીવલેણ ઈજાઓ કરી તેમજ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કરી તમો આરોપીઓએ **ઈ. પી. કો. કલમ ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦-બી તથા જી.પી. એકટની કલમ ૧૩૫** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો આ કોર્ટની હકુમતમાં કરેલ છે.

(૩)... **<u>ફરીયાદ પક્ષના કેસની હકીકત</u>**

સદરહું બનાવ અંગેની ફરીયાદ આ કામના ફરીયાદી ઠાકોર બાબુજી રાયાજી દ્વારા તારીખ ૧૨-૦૪-૨૦૧૭ નારોજ બેચરાજી પોલીસ સ્ટેશનના પો.સ.ઈશ્રી એમ.જે.બારોટ રૂબરૂ આપેલ છે અને તેમની ફરીયાદ હકીકત પ્રમાણે તેઓ તેમના પરિવાર સાથે ડોડીવાડા મુકામે રહે છે. ફરીયાદીની ફરીયાદ હકીકત મુજબ બનાવ તારીખ ૧૧-૦૪-૨૦૧૭

નારોજ બપોરના આશરે અઢી વાગ્યાના સુમારે તેઓ તેમના ઘરે હાજર હતા તે વખતે તેમની બાજુના મહોલ્લામાં રહેતા ઠાકોર જીવણજી ઉર્ફે ટીકો મણાજી તથા ઠાકોર કરણાજી મણાજીનાઓએ ચુંટણીનું પરિણામ ટેલીફોન ઉપર જાણતાં ઠાકોર હરજીજી માસંગજી સરપંચ ઉમેદવારમાં હારી ગયેલાનું જાણ થતાં બંને આરોપીઓએ તેમની સાથે બોલાચાલી કરેલ અને આરોપી ઠાકોર હરજીજી માસંગજી સરપંચ ઉમેદવારમાં હારી જતાં તેનુ મનદુઃખ રાખી સાંજના આશરે સાડા છ વાગ્યાના સુમારે ફરીયાદી તેમના ભાઈ ઠાકોર હેમતાજી રાયાજીના ઘરે બેઠેલ હતા તે વખતે તમામ આરોપીઓ ભેગા મળી ગુનાહીત કાવતરૂ રચી એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બની,પ્રાણઘાતક હથિયારો ધારીયુ, લોખંડની છરી, લાકડીઓ, ધોકા જેવા હથિયારો ધારણ કરી બનાવ તારીખ ૧૧–૦૪–૨૦૧૭ નારોજ કલાક ૧૮–૩૦ વાગ્યાના સુમારે મોજે ડોડીવાડા મુકામે ફરીયાદી તેમના ભાઈ ઠાકોર હેમતાજી રાયાજીના ઘરે બેઠેલ હોઈ ત્યાં તમામ આરોપીઓએ આવી ફરીયાદીને કહેલ કે તમોએ ઠાકોર હરજીજી માસંગજીને વોટ આપેલ નથી તેમ કહી ફરીયાદી સાથે ઝઘડો કરી ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી તમો આરોપી નં.૧ અશ્વિનજીનાએ તેના હાથમાનું ધારીયું ફરીયાદીને માથાના ભાગે સીધુ મારી તથા તમો આરોપી નં. ૫ મણાજી તથા આરોપી નં. ૬ અભુજીનાએ ફરીયાદીને પકડી રાખતાં તમો આરોપી નં. ૨ દિલીપજીનાએ લોખંડની છરી ફરીયાદીના ડાબા હાથની પહેલી આંગળી ઉપર મારી તથા આરોપી નં. ૩ જીવણજી, આરોપી નં. ૪ ગોપાળજી, આરોપી નં. ૮ હરજીજી તથા આરોપી નં. ૯ વિષ્ણુજીનાઓએ લાકડીઓથી તથા આરોપી નં. ૭ વિપુલજીનાએ ધોકાથી ફરીયાદીને બરડાના ભાગે તથા કમરના

ભાગે તથા થાપાના ભાગે માર મારી તથા ફરીયાદીને છોડાવવા સાહેદો વચ્ચે પડતાં સાહેદ નં. ૧૦ મહેશજી હેમતાજીને આરોપી નં. ૪ ગોપાળજીનાએ તેના હાથમાંની લાકડી માથાના ભાગે મારી તથા સાહેદ નં. ૧૧ જતનબેન હેમતાજીને આરોપી નં. ૩ જીવણજીનાએ લાકડી મોઢાના જમણી બાજુના ભાગે મારી તેમને મારી નાંખવાના ઈરાદે જીવલેણ ઈજાઓ કરેલ હોવા અંગેની હકીકત દર્શાવતી ફરીયાદી દ્વારા આ કામના આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપવામાં આવેલ છે.

**<u>પોલીસ તપાસ</u>**

(૪)... ફરીયાદીની ફરીયાદ આધારે બહુચરાજી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજી.નં. ૧૭/૨૦૧૭ થી ઈ. પી. કો. કલમ ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦–બી તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ અને તે ગુનાની તપાસ પી.એસ.આઈ.શ્રી બહુચરાજી પોલીસ સ્ટેશનનાએ સંભાળી લીધેલ અને તેઓએ લાગતા વળગતા સાહેદોના જવાબો લીધેલા તેમજ જરૂરી પંચનામા કરેલા અને જરૂરી મુદ્દામાલ કબજે કરી તપાસણી અર્થે એફ. એસ. એલ. અમદાવાદને મોકલી આપેલ તેમજ આ કામના આરોપીઓની તપાસ કરતાં તેઓ મળી આવતાં તેમને અટક કરી આરોપીઓ વિરૂધ્ધ ચાર્જસીટ કરવા જેટલો પુરતો પુરાવો હોઈ ચાર્જસીટ કરવામાં આવેલ.

(૫)... **<u>કમીટલ કાર્યવાહી</u>**

આરોપીઓ સામે ઈ. પી. કો. કલમ ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦–બી તથા જી.પી. એકટની કલમ ૧૩૫

મુજબના ગુના અંગેનું ચાર્જસીટ રજુ થતાં બહુચરાજીના વિ.જયુડી.મેજી. ફર્સ્ટ કલાસશ્રીએ આરોપીઓને સમન્સ કાઢી હાજર કરી તેઓની સામેનાં પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડેલ. ત્યારબાદ આરોપીઓને પોતે તેઓની સામેના કેસમાં બચાવ માટે ખાનગી વકીલ રોકવા માંગે છે કે સરકારી ખર્ચે વકીલ રોકવા માંગે છે તે અંગે પૃચ્છા કર્યો બાદ આરોપીઓએ પોતાના સ્વખર્ચે વકીલ રોકવા માંગતા હોઈ આરોપીઓનું નિવેદન લઈ તથા આરોપીઓ સામેનાં કેસની કાર્યવાહી ચલાવવાની સત્તા અને હકુમત વિ. જયુડી. મેજી. ફર્સ્ટ કલાસશ્રી બહુચરાજીનાઓને નહોઈ અને કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની હકુમત માત્ર સેશન્સ અદાલતને હોઈ તેઓએ સદર કેસ તારીખ ૦૪–૦૧–૨૦૧૮ નારોજ સેશન્સ કમીટ કરી મોકલી આપેલ છે.

## <u>કોર્ટ કાર્યવાહી</u>

(૬)... સદર કેસ સેશન્સ કમીટ થઈ આવતા આરોપીઓને હાજર કરી તેઓને નકલ મળેલ છે કે કેમ તેની પૃચ્છા કર્યો બાદ આરોપીઓ વિરૂધ્ધ ઈ. પી. કો. કલમ ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦–બી તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબના ગુના અંગેનું આંક–૫ થી તહોમતનામું ફરમાવી આરોપીઓને વાંચી સંભળાવી અને સમજાવતાં આરોપીઓએ તેઓની સામેના ગુન્હાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ હોઈ તેઓની સામે ફરીયાદ પક્ષનો પુરાવો તેઓએ રેકર્ડ કરેલ છે જે નીચે મુજબ છે.

(૭)... ફરીયાદ પક્ષ તરફથી આરોપીઓ સામેનુ તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## -: મૌખિક પુરાવો :-

| અ.નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| | **ડોકટર સાહેદ** | |
| ૧ | ડો.પુજા નરેન્દ્રપુરી ગોસ્વામી (મેડીકલ ઓફીસર) | ૪૧ |
| ૨ | ડો.પ્રવિણકુમાર પોપટલાલ સોની (મેડીકલ ઓફીસર) | ૪૬ |
| | **ફરીયાદી તથા સાહેદો** | |
| ૩ | ઠાકોર ભાવુજી ગલાજી (પંચ સાહેદ) | ૧૭ |
| ૪ | ઠાકોર નરસિંહજી તખાજી(પંચ સાહેદ) | ૧૯ |
| ૫ | ઠાકોર રમેશજી ભુપતાજી (પંચ સાહેદ) | ૨૫ |
| ૬ | ઠાકોર રાજેન્દ્રકુમાર વરસંગજી(પંચ સાહેદ) | ૨૮ |
| ૭ | ઠાકોર પ્રકાશકુમાર ગોવિંદજી(પંચ સાહેદ) | ૩૧ |
| ૮ | ઠાકોર બાબુજી રાયાજી (ફરીયાદી) | ૩૬ |
| ૯ | ઠાકોર મહેશજી હેમતાજી (સાહેદ) | ૩૮ |
| ૧૦ | ઠાકોર જતનબેન હેમતાજી(સાહેદ) | ૩૯ |
| ૧૧ | ઠાકોર હેમતાજી રાયાજી (સાહેદ) | ૪૦ |
| ૧૨ | ઠાકોર કિરણજી હેમતાજી (સાહેદ) | ૫૪ |
| ૧૩ | ઠાકોર શારદાબેન મહેશજી (સાહેદ) | ૫૫ |
| ૧૪ | ચૌધરી હરજીભાઈ વાઘજીભાઈ (નાયબ મામલતદાર) | ૫૭ |
| | **પોલીસ સાહેદ** | |
| ૧૫ | પરમાર મુળચંદભાઈ સોમાભાઈ (પી.એસ.ઓ.) | ૬૧ |
| ૧૬ | બારોટ મુકેશકુમાર જયદેવભાઈ (પી.એસ.આઈ.) | ૬૪ |

# -: દસ્તાવેજી પુરાવો :-

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૮ |
| ૨ | ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદોનું શરીર સ્થિતીનું પંચનામું | ૨૨ |
| ૩ | મારક હથિયારનું પંચનામું | ૨૬,૨૯ |
| ૪ | ફરીયાદીની ફરીયાદ | ૩૭ |
| ૫ | ફરીયાદીનું બેચરાજી સી.એચ.સી.નું મેડીકલ સર્ટીફીકેટ | ૪૨ |
| ૬ | ઈજા પામનારનું બેચરાજી સી.એચ.સી.નું મેડીકલ સર્ટીફીકેટ | ૪૪ |
| ૭ | ફરીયાદીનું મેડીકલ સર્ટીફીકેટ | ૪૭ |
| ૮ | ઈજા પામનારનું મેડીકલ સર્ટીફીકેટ | ૫૦ |
| ૯ | ફરીયાદી તથા ઈજા પામનારને સારવાર કરવા કરેલ યાદી | ૫૨ |
| ૧૦ | મેડીકલ ઓફીસરશ્રીનો લેખીત રીપોર્ટ | ૫૩ |
| ૧૧ | ડેપ્યુટ હુકમ | ૬૩ |
| ૧૨ | સારવાર સર્ટીફીકેટ આપવા સારૂની યાદી | ૬૫ |
| ૧૩ | ગુનાવાળી જગ્યાનું નકશો બનાવવાની યાદી | ૬૬ |
| ૧૪ | આરોપીની અટકની નોંધ કરવા કરેલ રીપોર્ટ | ૬૭,૬૮ |
| ૧૫ | જાહેરનામાની નકલ | ૬૯ |
| ૧૬ | મુદ્દામાલ રવાનગી નોંધ | ૭૦ |
| ૧૭ | મુદ્દામાલ પહોંચ | ૭૧ |
| ૧૮ | એફ.એસ.એલ. ફોર્વડીંગ લેટર | ૭૨ |
| ૧૯ | એફ.એસ.એલ.નો બાયોલોજી વિભાગનો અહેવાલ | ૭૩ |
| ૨૦ | એફ.એસ.એલ.નો સીરોલોજી વિભાગનો અહેવાલ | ૭૪ |

## <u>ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩</u>

(૮)... આ કામે વિ.એ.પી.પી.શ્રી તરફથી આંક-૭૫ થી પોતાનો મૌખિક તથા લેખિત પુરાવો પુરો થયેલો હોવાનું જાહેર કરતાં કોર્ટે ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આ આરોપીનો વધુ જવાબ નોંધેલ જેમાં આરોપીઓએ તેમના

વિરૂધ્ધના તમામ પુરાવાને નકારેલ છે અને ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે તેમજ પોતાના વિશેશ નિવેદનમાં તેઓએ જણાવેલ છે કે," કહેવાતા બનાવ સમયે અમો સ્થળ ઉપર હાજર નથી પરંતુ ગ્રામ પંચાયતની ચુંટણીની અદાવત રાખી અમો આરોપીઓને ચુંટણીની અદાવતના કારણે ખોટા નામ આપી કહેવાતો ખોટો કેસ ઉભો કરેલ છે. અમો નિર્દોષ માણસ છીએ."

**<u>ફરીયાદ પક્ષ તથા બચાવ પક્ષની દલીલો</u>**

(૯)... ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો પુરો થયા બાદ સરકાર શ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે. જોષી તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એમ.જી.ચૌધરીની દલીલો સાંભળવામાં આવેલ છે.

ફરીયાદ પક્ષે **વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે. જોષીનાઓએ** દલીલ કરતાં જણાવેલ છે કે આરોપીઓ સામે ઈ. પી. કો. કલમ ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦–બી તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાનુ તહોમતનામું ફરમાવેલ છે. સદર કામે આંક–૧૫ તથા આંક–૨૪ ના લીસ્ટથી જુદા જુદા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. સદરહું કામે ફરીયાદ પક્ષ ધ્વારા કુલ ૧૬ સાહેદોને તપાસવામાં આવેલ છે જેમાં પંચ સાહેદો અને નજરે જોનાર સાહેદો તેમજ પોલીસ સાહેદોનો પુરાવો મહત્વનો છે.ફરીયાદ પક્ષે પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં તે ફરીયાદ પક્ષને સમર્થનકર્તા છે.

**વધુમાં વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે.જોષીનાએ દલીલ કરતાં** જણાવેલ છે કે,ક્રિમીનલ ટ્રાયલમાં નામદાર સુપ્રીમ કોર્ટ અને

નામદાર ગુજરાતની વડી અદાલત દ્વારા સંખ્યાબંધ કેસોમાં એવું ઠરાવવામાં આવેલ છે કે, ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકા રહિત સચોટ પુરાવા વડે પુરવાર કરવાનો હોય છે. હાલના કેસમાં ફરીયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા તમામ સાહેદોનો પુરાવો સંલગ્ન એકબીજા સાથે સુસંગત તેમજ માની શકાય તેવો તેમજ શંકા રહિત હોઈ સદરહું પુરાવાના આધારે ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ સાબિત કરી શકેલ છે.

**વધુમાં વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે.જોષીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે,આ કામે ફરીયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદો જેવા કે ફરીયાદી તથા ઈજા પામનાર તથા બીજા અન્ય નજરે જોનાર સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન આપેલ છે અને તેઓએ પોલીસ રૂબરૂના નિવેદનમાં જે હકીકત દર્શાવેલ છે તે હકીકત તેઓએ નામદાર કોર્ટમાં સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે. સદરહુ સાહેદોની બચાવ પક્ષ તરફથી ખુબજ લંબાણપુર્વક ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ સદરહું સાહેદોનો પુરાવો ધ્યાને ન લઈ શકાય તેવી કોઈ ફળદાયી હકીકત બચાવ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.વધુમાં ફરીયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ તટસ્થ સાહેદો એવા ડોકટર અને તપાસ કરનાર અધિકારીનો પુરાવો પણ હાલના નજરે જોનાર સાહેદો, ઈજા પામનાર અને ફરીયાદીના પુરાવા સાથે સુસંગત છે. આ તમામ પુરાવો એકીસાથે વંચાણે લેવામાં આવે તો આરોપીઓએ એકસંપ થઈ ગુનાહીત ઈરાદા સાથે ગેરકાયદેસર ગુનાહીત મંડળી રચીને ફરીયાદી અને તેના પક્ષના માણસો ઉપર હુમલો કરેલ છે તે હકીકત ફરીયાદ પક્ષ દ્વારા નિઃશંકપણે પુરવાર થયેલ છે. વધુમાં આ કામે તપાસ દરમ્યાન

ફરીયાદ પક્ષ દ્વારા આરોપીઓ પાસેથી રીકવર થયેલ હથિયારોના પંચનામાના પંચોએ પણ ફરીયાદ પક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન આપેલ છે. આમ ફરીયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા સાહેદોનો પુરાવો જોતાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે.

**વધુમાં વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે.જોષીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે, નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર ગુજરાતની વડી અદાલતે તેમના વખતોવખતના ચુકાદાઓમાં એવુ ઠરાવેલ છે કે, સાહેદો દ્વારા જયારે સોગંદ ઉપર પુરાવો રજુ કરવામાં આવેલ હોય તે પુરાવો તથા પોલીસ રૂબરૂના નિવેદનમાં જો સામાન્ય હકીકતમાં કોન્ટ્રાડીકશન જોવા મળે તો તે સામાન્ય ઘટના ગણી શકાય, કારણ કે બનાવના ઘણા સમય બાદ સાહેદો પુરાવો આપતા હોય તો તેમના કથનમાં થોડોઘણો ફેરફાર જોવા મળે પરંતુ તે ફેરફાર અથવા તો વિરોધાભાસ એવો ન હોય કે જે ફરીયાદ પક્ષના કેસ માટે ઘાતક પુરવાર થતો હોય. આમ રેકર્ડ ઉપરના પુરાવામાં થોડીઘણી વિસંગતતા અને વિરોધાભાસ જોવા મળે તેટલા માત્ર કારણસર ફરીયાદ પક્ષનો કેસ ફેંકી દઈ શકાય નહી.

**વધુમાં વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે.જોષીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે,આ કામે ફરીયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ તમામ સાહેદોએ બનાવ સમયે ગોપુજી ઉર્ફે ગોપાળજીનાએ ઈજા પામનાર મહેશજીને માથામાં લાકડી મારેલી હોવાનું જણાવેલ છે તેમજ તપાસ કરનાર અધિકારીએ પણ તેની તપાસના કામે આરોપી ગોપાળજી પાસેથી ગુનાના કામમાં વપરાયેલ હથિયાર લાકડી કબજે કરેલ છે. આમ ફરીયાદ પક્ષ દ્વારા રજુ થયેલ તમામ પુરાવો જોતાં નિર્વિવાદપણ જણાઈ આવે છે

કે, બનાવ સમયે ગોપુજી ઉર્ફે ગોપાળજીના હાથમાં લાકડી હતી તથા આ લાકડી વડે તેમણે ઈજા પામનાર મહેશજીને માથામાં ફટકો મારેલો. રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં એવુ જણાઈ આવે છે કે, ઈજા પામનાર મહેશજીને બનાવ બન્યા બાદ તુર્ત સારવાર અર્થે ડોકટર પાસે લઈ ગયેલ ત્યાં તેમણે તેમની હીસ્ટ્રીમાં ગોપાળજીએ તેમના માથામાં ધારીયુ મારેલ હોવાનું જણાવેલ છે. રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં બનાવના કામે વપરાયેલ હથિયાર લાકડી અને ધારીયુ અલગ અલગ હથિયાર છે પરંતુ જયારે બનાવ બન્યા બાદ સાહેદને તુર્તજ સારવાર અર્થે લઈ ગયેલ હતા અને ઈજા પામનારને માથામાંથી લોહી આવતુ હતુ તેવા સંજોગોમાં તેમણે લાકડીની જગ્યાએ ધારીયુ ભુલથી ડોકટર રૂબરૂની હીસ્ટ્રીમાં લખાવેલ હોય તેવું જણાઈ આવે છે કારણ કે સદરહું સાહેદે પોતે જ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તેમજ પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપી ગોપાળજીએ તેમના માથામાં લાકડી મારેલ હોવાનું દર્શાવેલ છે તે સિવાય બાકીના અન્ય નજરે જોનાર સાહેદોએ પણ ગોપાળજીએ સાહેદ મહેશજીને લાકડી મારેલ હોવાનું જણાવેલ છે. આમ જે તે સમયે ઈજાના કારણસર માનસીક અસ્વસ્થતાના કારણસર તેમણે લાકડીના બદલે ધારીયુ ડોકટર રૂબરૂની હીસ્ટ્રીમાં લખાવેલ હોય તેવું બની શકે અથવા તો ડોકટરે ભુલથી લાકડીના બદલે ધારીયુ લખી દીધેલ હોય તેવું પણ બની શકે છે.

**વધુમાં વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે.જોષીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે,જયારે સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં તેને આરોપી ગોપાળજીએ માથાના ભાગે લાકડી મારી ઈજા કરેલાનું જણાવતા હોય તેમજ ગુનાના કામમાં વપરાયેલ હથિયાર લાકડીને પણ

ઓળખી બતાવતા હોય તથા બાકીના અન્ય સાહેદો પણ ઉપરોકત હકીકત સાથે ગુનામાં વપરાયેલ હથિયાર લાકડીને ઓળખી બતાવતો હોય અને મારક હથિયાર રીકવર કર્યાના પંચનામાના પંચ સાહેદો પણ સદરહું ગુનાના કામમાં વપરાયેલ હથિયાર લાકડી આરોપીએ રજુ કરેલ હોવાની હકીકતને સમર્થન આપતી જુબાની આપેલ હોય તો તે નહી માનવા માટે કોઈ કારણ નથી.

**વધુમાં વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે.જોષીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે,નામદાર સુપ્રિમ કોર્ટે તેમના વખતોવખતના ચુકાદામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, જયારે નજરે જોનાર સાહેદનો મૌખિક પુરાવો ડોકટરના પુરાવાથી જુદો હોય અને થોડાઘણા અંશે વિરોધાભાસ ધરાવતો હોય તો તેવા સંજોગોમાં નામદાર કોર્ટે પોતાની વિવેકબુધ્ધિનો ઉપયોગ કરી સાહેદના મૌખિક પુરાવો ધ્યાને લેવો જોઈએ કારણ કે ડોકટરનો પોતાનો અભિપ્રાય એ એક્સ્પર્ટના અભિપ્રાય તરીકે ફરીયાદ પક્ષના કેસમાં મૌખિક પુરાવા તરીકે લેવામાં આવતો પુરાવો છે પરંતુ તે પુરાવો ચોકકસ પુરાવો છે તેવું કહી શકાય નહી પરંતુ અનુમાન આધારીત પુરાવો છે જયારે સાહેદનો મૌખિક પુરાવો તે ઘટના ઘટી છે તેના ઉપર આધારીત પુરાવો છે આથી જયારે ડોકટરનો પુરાવો સાહેદના મૌખિક પુરાવા કરતાં અલગ હોય તો તેવા સંજોગોમાં નામદાર કોર્ટે સાહેદના મૌખિક પુરાવાને ધ્યાને લેવો જોઈએ.

**વધુમાં વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે.જોષીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે,આ કામે આરોપી ગોપાળજીએ ઈજા પામનાર મહેશજીને માથામાં લાકડી માર્યા અંગે સાહેદોએ જે પુરાવો આપેલ છે તે

પુરાવામાં સાહેદોએ આરોપીનું નામ ગોપાળજી, ગોપુજી અને ગોકુજી એમ અલગ અલગ ત્રણ નામ દર્શાવેલ છે. પરંતુ સદરહુ સાહેદોની બચાવ પક્ષ દ્વારા આ ગોપુજી, ગોપાળજી અને ગોકાજી અલગ અલગ વ્યકિત હોવા સંબંધે કોઈ પુછપરછ ઉલટ તપાસ દરમ્યાન કરવામાં આવેલ નથી તેમજ સદરહું ગુનાના કામે ગોપાળજીની સંડોવણી નથી તે અંગેનો કોઈ બચાવ પણ લેવામાં આવેલ નથી. બચાવ પક્ષ દ્વારા ગુના સંબંધીત આરોપીની સંડોવણી અંગે ગર્ભીત રીતે સ્વીકાર થઈ ગયેલ છે તેમજ ગામડામાં સામાન્ય રીતે ગોપાળજીને ગોપુજી અથવા તો ગોકાજી એ રીતે ઉર્ફેવાળા નામ વડે બોલાવતા પણ હોય છે જેથી ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ સદરહું પુરાવામાં જે સામાન્ય વિસંગતતા છે તે વિસંગતતા ફરીયાદ પક્ષના કેસને અસર કરતી નથી તથા રેકર્ડ ઉપરના પુરાવાનુ પુરાવાકીય મુલ્યાંકન કરતી વખતે આ ગૌણ હકીકતને ધ્યાને લઈ આરોપીઓને શંકાના લાભ આપી શકાય નહી.

**વધુમાં વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે.જોષીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે,આ કામે ફરીયાદ પક્ષ અને આરોપી પક્ષ વચ્ચે ગામમાં થયેલ ચુંટણીની અદાવતના કારણસર ઝઘડો થયેલ છે અને સદરહું ઘટના ઘટવા પામેલ છે તેવો ફરીયાદ પક્ષનો શરૂઆતથી જ કેસ છે અને બચાવ પક્ષ દ્વારા ઉલટ તપાસમાં પણ સદરહું ચુંટણીના પરિણામ બાદ આરોપી પક્ષના માણસો હારી ગયા હોવા બાબતે પક્ષકારો વચ્ચે મનદુઃખ થયા અંગેની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આમ ફરીયાદ પક્ષ ગુનો બનવા માટેની શરૂઆત અથવા તો ગુનો બનવાનુ કારણ એટલે કે મોટીવ સ્પષ્ટપણે સાબિત કરેલ છે. આ કામે આરોપીઓએ એકસંપ થઈ

ગેરકાયદેસર મંડળી રચી ગુનાહીત કૃત્ય કરવાના બદદાનત અને બદ આશય સાથે ગુનાહીત હથિયાર લઈ ફરીયાદ પક્ષના માણસો ઉપર હુમલો કરેલાની હકીકતને સ્પષ્ટપણે રેકર્ડ ઉપરના પડેલ તમામ પુરાવા ઉપરથી શંકા રહીત રીતે ફરીયાદ પક્ષ સાબિત કરેલ હોઈ આરોપીઓને સખતમાં સખત સજા કરવા વિનંતી કરેલ છે.

**વધુમાં વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે.જોષીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે,નામદાર સુપ્રિમ કોર્ટે એવુ સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, જયારે કોઈ પણ ગુનાહીત કૃત્ય કરવામાં આવેલ હોય અને તે ગેરકાયદેસર મંડળીના કોઈપણ સભ્ય ગુનાના કામમાં કરવામાં આવેલ મુખ્ય ગુનેગાર જેટલો જ ગુનેગાર ગણાય. જો ગેરકાયદેસર મંડળીના સભ્યની હાજરી ફકત મંડળીમાં હાજર રહેવા પુરતી હોય તેમ છતાં ગેરકાયદેસર મંડળીના સભ્યે મંડળીના સભ્ય તરીકે ઘટના સ્થળે હાજર રહેલ હોય પરંતુ ગુનામાં સક્રિયપણે ભાગ ભજવેલ ન હોવા છતાં ફકત અને ફકત ગેરકાયદેસર મંડળીના સભ્ય હોવાના કારણસર સદરહું આરોપીએ મુખ્ય આરોપી જેટલો જ ગુનો કરેલ છે તેવું કહી શકાય અને તેને મુખ્ય આરોપી જેટલો જ સજાનો હુકમ ફરમાવી શકાય .

**વધુમાં વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે.જોષીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે,ગેરકાયદેસર મંડળીના સભ્યો દ્વારા ગુનાહીત કૃત્ય દરમ્યાન તેમનો સમાન ઈરાદો હતો તેવું ગણી શકાય અને આ સમાન હેતુ અને ઈરાદાના ફળસ્વરૂપે જ તેઓએ ગેરકાયદેસર મંડળી રચી અને સામાવાળા પક્ષ ઉપર હુમલો કરી નુકશાન પહોંચાડેલ છે તેમાં દરેક આરોપીની એકસરખી સંડોવણી છે તેવુ માની શકાય.

**વધુમાં વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે.જોષીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે,આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા ફરીયાદીનો જે પુરાવો છે તે સતત, સખત અને કોઈપણ જાતની ખામી વગરનો છે. આ પુરાવો સંપુર્ણપણે વિશ્વાસનીય અને આધારભુત છે. સદરહું સાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આરોપીઓના નામ વર્ણન અને ગુના વખતે તેઓએ કરેલ કૃત્યને સ્પષ્ટ શબ્દોમાં વર્ણવેલ છે તથા સદરહું સાહેદની બચાવ પક્ષ ધ્વારા ખુબજ ઝીણવટભરી રીતે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ એવી કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી કે જેના આધારે એવુ કહી શકાય કે સદરહુ સાહેદે આરોપીઓને હેરાન કરવાના બદ આશયથી સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે અને ખોટી રજુઆત કરે છે. વધુમાં સદરહું ફરીયાદીના પુરાવાને સ્વતંત્ર સાહેદો જેવા કે ડોકટર અને તપાસ કરનાર અધિકારીના પુરાવાથી પણ સમર્થન મળે છે જેથી તમામ પુરાવો નજર સમક્ષ રાખતાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિઃશંકપણે કોઈપણ જાતની શંકા વગર પુરવાર કરેલ છે આથી આરોપીઓને દોષીત ઠરાવી કાયદામાં પ્રસ્થાપિત મહત્તમ સજા કરવા વિનંતી કરેલ છે.

(૧૦)... જયારે **આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એમ.જી.ચૌધરીએ આંક–૭૮ થી લેખીતમાં** દલીલ કરી જણાવેલ છે કે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવો જોઈએ. ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવામાં વિસંગતા હોય અને પુરાવો શંકાસ્પદ જણાતો હોય તેવા સંજોગોમાં આરોપીને શંકાનો લાભ મળવો જોઈએ. હાલના કેસમાં ફરીયાદ પક્ષ નિઃશંકપણે પોતાનો કેસ સાબિત

કરવામાં નિષ્ફળ ગયેલ છે જેથી આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવા જોઈએ.

**બચાવ પક્ષે વિ.વકીલશ્રી એમ.જી.ચૌધરીએ વધુમાં દલીલ કરતાં** જણાવેલ છે કે, આ કામે પંચ સાહેદ ઠાકોર ભાવુજી ગલાજીનો પુરાવો ધ્યાને લેતાં તેઓ ફરીયાદીના નજીકના સંબંધી છે અને તેઓ હિત ધરાવતા સાહેદ છે તેમજ તેઓને પોલીસે પંચનામામાં બોલાવેલ નથી જેથી ગુનાવાળી જગ્યાનું પંચનામું સાબિત થયેલ માની શકાય નહી. ફરીયાદ પક્ષના સાહેદ નં. ૨ ઠાકોર નરસિંહજી તખાજીનો પુરાવો ધ્યાને લેતાં તેઓ પણ ફરીયાદીના કુટુંબી ભાઈ છે અને હિત ધરાવતા સાહેદ છે અને તેઓને પણ પોલીસે પંચનામા માટે બોલાવેલ હોય તેવું બનેલ નથી તેમજ પોલીસે પંચનામું તૈયાર કરી તેમની સહીઓ લીધેલાનુ કબુલ કરે છે જેથી આંક−૨૨ નું ફરીયાદીના કપડા કબજે કર્યાનું પંચનામું પણ પુરવાર થયેલાનું માની શકાય તેમ નથી. ફરીયાદ પક્ષે સાહેદ નં. ૩ ઠાકોર રમેશજી ભુપતાજી કે જેઓ હથિયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે તેઓ પણ ફરીયાદીના નજીકના સંબંધી છે અને તેઓએ પહોંચ્યા તે પહેલા પોલીસે હથિયાર કબજે કરી લીધેલા હતા જેથી તેમનો પુરાવો પણ ફરીયાદ પક્ષને મદદકર્તા નથી.

**બચાવ પક્ષે વિ.વકીલશ્રી એમ.જી.ચૌધરીએ વધુમાં દલીલ કરતાં** જણાવેલ છે કે,ફરીયાદ પક્ષે સાહેદ નં. ૪ ઠાકોર રાજેન્દ્રકુમાર વરસંગજીનો તથા સાહેદ નં. ૫ ઠાકોર પ્રકાશકુમાર ગોવિંદજી કે જેઓ આંક−૨૯ ના હથિયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદો છે જે ફરી ગયેલા જાહેર થયેલ છે અને ફરીયાદ પક્ષને મદદકર્તા નથી. ફરીયાદ પક્ષે

સાહેદ નં. ૬ ફરીયાદી ઠાકોર બાબુજી રાયાજીનો પુરાવો ધ્યાને લેતાં ફરીયાદીની પોલીસ રૂબરૂની ફરીયાદ તથા તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની સરતપાસમાં વિરોધાભાસ ઉભો થયેલ છે. સદર સાહેદને પ્રથમ બેચરાજી સરકારી દવાખાને ડોકટર રૂબરૂની હીસ્ટ્રીમાં કોઈપણ વ્યકિતનું નામ કે હકીકતો જણાવેલ નથી તે જોતાં ફરીયાદીની જુબાની વિશ્વાસનીય જણાતી નહોઈ તે આધારે આરોપીને સજા થઈ શકે નહી. એ જ રીતે સાહેદ નં. ૭ ઠાકોર મહેશજી હેમતાજીનો પુરાવો ધ્યાને લેતાં તેઓ પણ ફરીયાદીના સગા ભત્રીજા છે અને તેઓ તેમના પુરાવામાં સત્ય હકીકત છુપાવતા હોવાનું સ્પષ્ટ થાય છે. સદરહુ સાહેદનો પુરાવો તથા ડોકટર રૂબરૂની હકીકતો જોતાં તથા બેચરાજી રૂબરૂના ડોકટરી સર્ટીફીકેટ તથા મહેસાણા રૂબરૂના ડોકટરી સર્ટીફીકેટની હકીકતો જોતાં તેમને કયા હથિયારથી ઈજા થયેલ છે અને કોણે ઈજા કરેલ છે તે અંગે વિરોધાભાસ જણાય છે અને ફરીયાદ પક્ષનો પ્રથમદર્શનીય રીતે કેસ ફરીયાદ પક્ષે પુરવાર થતો નથી અને સાહેદની જુબાનીમાં કેટલેક અંશે શંકા કુશંકાઓ જણાઈ આવે છે.

**બચાવ પક્ષે વિ.વકીલશ્રી એમ.જી.ચૌધરીએ વધુમાં દલીલ કરતાં** જણાવેલ છે કે,આ કામે ફરીયાદ પક્ષે સાહેદ નં. ૮ ઠાકોર જતનબેન હેમતાજીનો પુરાવો ધ્યાને લેતાં તેઓ સ્થળ ઉપર હાજર ન હોવા છતાં ફરીયાદીના નજીકના સગા હોવાથી તેમના સમર્થનમાં ખોટી જુબાની આવતા હોય તેવું સ્પષ્ટ થાય છે જેથી આ સાહેદ પણ ફરીયાદીના નજીકના હિત ધરાવતા સાહેદ હોઈ તેમનો પુરાવાથી ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરી શકેલ ન હોઈ શંકાનો લાભ મળવાપાત્ર છે. ફરીયાદ પક્ષે

સાહેદ નં. ૯ ઠાકોર હેમતાજી રાયાજી કે જેઓ પણ ફરીયાદીના સગા ભાઈ થાય છે અને કહેવાતા બનાવ સમયે હાજર ન હોવા છતાં ફરીયાદ પક્ષને મદદ કરવા સાચી હકીકતો છુપાવી ખોટી જુબાની આપે છે. વધુમાં આ સાહેદ પણ હિત ધરાવતા સાહેદ હોઈ તેમના પુરાવાની વિશ્વાસનીયતા જણાઈ આવતી નથી. એ જ રીતે ફરીયાદ પક્ષે સાહેદ નં. ૧૦ ડો. પુજા નરેન્દ્રપુરી ગોસ્વામીનો પુરાવો તેમજ ફરીયાદ પક્ષે સાહેદ નં. ૧૧ ડો. પ્રવિણકુમાર પોપટલાલ સોનીનો પુરાવો ધ્યાને લેતાં સદર સાહેદ મેડીકલ ઓફીસરો છે અને ફરજના ભાગરૂપ જુબાની આપતા હોય તેવુ તેમની જુબાની ઉપરથી સ્પષ્ટ થાય છે પરંતુ તેઓએ આપેલ મેડીકલ સર્ટીફીકેટોમાં જણાવેલ ઈજાઓ જોતાં ફરીયાદ પક્ષનો કેસ સાબિત થતો નથી. ફરીયાદ પક્ષે સાહેદ નં. ૧૨ ઠાકોર કિરણજી હેમતાજી કે જેઓ ફરીયાદીના સગા ભત્રીજા થાય છે તેમજ સાહેદ નં. ૧૩ ઠાકોર શારદાબેન મહેશજી કે જેઓ ફરીયાદીના ભત્રીજાની પત્ની થાય છે તેઓનો પુરાવો ધ્યાને લેતાં તેઓ પણ હિત ધરાવતા સાહેદ છે અને તેઓનો પુરાવો આધારભુત, માનવાલાયક અને વિશ્વાસનીય જણાતો નહોઈ તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે.

**બચાવ પક્ષે વિ.વકીલશ્રી એમ.જી.ચૌધરીએ વધુમાં દલીલ કરતાં** જણાવેલ છે કે,ફરીયાદ પક્ષે આંક-૧૪ થી ચૌધરી હરજીભાઈ વાઘજીભાઈ કે જેઓ નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા અને તેમની ફરજના ભાગ રૂપ જુબાની આપેલ છે પરંતુ તેમના પુરાવાને ધ્યાને લેતાં તેમજ ડી.ડી.ની હકીકતો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ કાયદાકીય જોગવાઈ અનુસાર સાબિત કરી શકેલ હોવાનું પુરવાર થતુ

નથી. ફરીયાદ પક્ષે સાહેદ નં. ૧૫ પરમાર મુળચંદભાઈ સોમાભાઈ તેમજ સાહેદ નં. ૧૬ બારોટ મુકેશકુમાર જયદેવભાઈનો પુરાવો ધ્યાને લેતાં તેઓ પોલીસ સાહેદો છે અને પોતાની ફરજને અનુરૂપ કરેલ કાર્યવાહી અંગેનો પુરાવો આપે છે પરંતુ તેઓએ એકત્રીત કરેલ પુરાવો ધ્યાને લેતાં સ્વતંત્ર સાહેદોનો પુરાવો મળી શકે તેમ હોવા છતાં માત્ર ફરીયાદ પક્ષને મદદરૂપ એવા હિત ધરાવતા સાહેદોનો પુરાવો એકત્રીત કરેલ છે તેમજ તેમની તપાસ દરમ્યાન સત્ય હકીકતો છુપાવી ખોટી રીતે આરોપીઓને ગુનામાં સંડોવી દઈ તેમની સામે ખોટુ ચાર્જસીટ કરેલ છે.

**બચાવ પક્ષે વિ.વકીલશ્રી એમ.જી.ચૌધરીએ વધુમાં દલીલ કરતાં** જણાવેલ છે કે,ફરીયાદી બાબુજીનું આંક-૪૧ નું બેચરાજી સી.એચ.સી.નું સર્ટીફીકેટ જોતાં કોઈ આરોપીનુ નામ જણાવેલ નથી એ જ રીતે આંક-૪૪ થી બેચરાજી સી.એચ.સીનું સાહેદ મહેશજીનું મેડીકલ સર્ટીફીકેટ વંચાણે લેતાં તેમાં ગોપુજી વસંતજી ઠાકોરનું નામ લખાવેલ છે જયારે ચાર્જસીટમાં તેવા નામની કોઈ વ્યકિતને આરોપી તરીકે દર્શાવેલ નથી જેથી સદર હકીકતો પ્રથમદર્શનીય રીતે શંકા ઉપજાવે તેવી છે. વધુમાં સૌ પ્રથમ મેડીકલ સર્ટીફીકેટમાં કોઈ આરોપીના નામ જણાવેલ નથી જયારે આંક-૫૦નું ડો.પી.પી.સોનીનું મહેસાણા સીવીલ હોસ્પીટલ નું સર્ટીફીકેટ જોતાં તેમાં ગોકુળજી માનસંગજી નામ જણાવેલ છે પરંતુ તેવી કોઈ વ્યકિત સદર ચાર્જસીટમાં આરોપી તરીકે દર્શાવેલ નથી જેથી સદરહું હકીકતો શંકા ઉભી કરતી હોઈ તેનો લાભ હંમેશા આરોપીને મળવાપાત્ર છે. ફરીયાદ પક્ષે રજુ થયેલ બાયોલોજી વિભાગનો રીપોર્ટ જોતા રજુ થયેલ હથિયારો જેવા કે લાકડી, ધારીયુ તથા ધોકા ઉપર કોઈ

લોહીની હાજરી મળેલ નથી જેથી ફરીયાદ પક્ષના કેસ મુજબ હુમલો થયેલ હોય તો લોહીની હાજરી મળે પરંતુ સદરહું હકીકત ફરીયાદ પક્ષે સાબિત થતી નથી જેથી આ કામે આંક–૭૩ નો બાયોલોજીનો રીપોર્ટ તથા આંક–૭૪ નો સીરોલોજી વિભાગનો રીપોર્ટ વંચાણે લેતાં ફરીયાદ પક્ષના કેસને મદદકર્તા નથી.

વધુમાં બચાવ પક્ષે વિ. વકીલશ્રી ચૌધરીએ તેમના બચાવમાં તેઓએ જી.એલ.આર. ૨૦૧૭ વોલ્યુમ–૧ પેજ નં. ૪૭૪ નું નામદાર ગુજરાત હાઈકોર્ટનું જજમેન્ટની નકલ રજુ કરેલ છે જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, સગા સિવાય કોઈ સ્વતંત્ર સાક્ષી તપાસવામાં આવેલા નહતા અને સાક્ષીઓની જુબાનીમાં અસંગતતા અને સુધારા હતા જેથી ગુનાનો હેતુ સ્ત્રોત સાબિત થયેલ નહી અને સદરહું ચુકાદામાં આરોપીઓને શંકાનો લાભ આપવામાં આવેલ જે હકીકત હાલના કેસને સુસંગત હોઈ સદરહું ચુકાદામાં સ્થાપિત સિધ્ધાંતનો લાભ આરોપીઓને મળવાપાત્ર છે જેથી આરોપીઓ તર્ફે ઉપરોકત લેખીત દલીલોની હકીકતો ધ્યાને લઈ ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ આરોપીઓને શંકાનો લાભ મળવાપાત્ર હોઈ શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ કરવા વિનંતી કરેલ છે તેમજ તેમની દલીલોના સમર્થનમાં નીચે મુજબના ન્યાયીક ચુકાદાઓ રજુ કરેલ છે.

(૧)..૨૦૦૯ (૩) જી.એલ.એચ. ૬૧૮, વિનુભાઈ ઉર્ફે ડાઘીયો હિંમતભાઈ ગોસ્વામી વિ. સ્ટેટ ઓફ ગુજરાત

(૨)..૨૦૧૭ (૧) જી.એલ.આર. પેજ નં. ૪૯૪, સ્ટેટ ઓફ ગુજરાત વિ. ધીરજભાઈ જીણાભાઈ મકવાણા.

(૧૧)... આ કામે બંને પક્ષે થયેલ રજુઆતો તેમજ લેખીત તથા મૌખિક પુરાવાને ધ્યાને લેતાં કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણયો માટે ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આરોપીઓએ ભેગા મળી ગુનાહીત કાવતરૂ રચી એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બની,પ્રાણઘાતક હથિયારો ધારીયુ, લોખંડની છરી, લાકડીઓ, ધોકા જેવા હથિયારો ધારણ કરી બનાવ તારીખ ૧૧-૦૪-૨૦૧૭ નારોજ કલાક ૧૮-૩૦ વાગ્યાના સુમારે મોજે ડોડીવાડા મુકામે ફરીયાદી કહેલ કે તમોએ ઠાકોર હરજીજી માસંગજીને વોટ આપેલ નથી તેમ કહી ફરીયાદી સાથે ઝઘડો કરી ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી આરોપી નં.૧ અશ્વિનજીનાએ તેના હાથમાનું ધારીયું ફરીયાદીને માથાના ભાગે સીધુ મારી તથા આરોપી નં. ૫ મણાજી તથા આરોપી નં. ૬ અભુજીનાએ ફરીયાદીને પકડી રાખતાં આરોપી નં. ૨ દિલીપજીનાએ લોખંડની છરી ફરીયાદીના ડાબા હાથની પહેલી આંગળી ઉપર મારી તથા આરોપી નં. ૩ જીવણજી, નં. ૪ ગોપાળજી, નં. ૮ હરજીજી તથા નં. ૯ વિષ્ણુજીનાઓએ લાકડીઓથી તથા આરોપી નં.૭ વિપુલજીનાએ ધોકાથી ફરીયાદીને બરડાના ભાગે તથા કમરના ભાગે તથા થાપાના ભાગે માર મારી તથા સાહેદ નં. ૧૦ મહેશજી હેમતાજીને આરોપી નં. ૪ ગોપાળજીનાએ તેના હાથમાંની લાકડી માથાના ભાગે મારી તથા સાહેદ નં. ૧૧ જતનબેન હેમતાજીને આરોપી નં. ૩ જીવણજીનાએ

લાકડી મોઢાના જમણી બાજુના ભાગે મારી તેમને મારી નાંખવાના ઈરાદે જીવલેણ ઈજાઓ કરી તેમજ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કરી **ઈ. પી. કો. કલમ** ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦–બી તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.?

(૨) શું હુકમ ?

(૧૨)... આ કામે રજુ થયેલ તમામ દસ્તાવેજો તથા તપાસવામાં આવેલ તમામ સાહેદોની જુબાની તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**<u>–: નિ ર્ણ યો :–</u>**

(૧) મુદ્દા નં. ૧ **અંશતઃ હ કા રા ત્મ ક**

(ઈ.પી.કો.કલમ ૧૪૭, ૧૪૮, ૩૦૭ સાથે વાંચતા કલમ ૧૪૯ પુરતુ હકારમાં)

(૨) મુદ્દા નં. ૨ **આખરી હુકમ મુજબ**

(૧૩)... ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

**<u>–: કા ર ણો :–</u>**

**<u>મુદ્દા નં. ૧ અને ૨ સાથે.</u>**

આ કામમાં રજુ થયેલ મૌખિક તેમજ લેખીત દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લેતાં આ મુદ્દા નં. ૧ અને ૨ નાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા

હોઈ પુનરાવર્તન ટાળવાના હેતુથી બંને મુદ્દાઓની એક સાથે ચર્ચા કરેલ છે.

(૧૪)... સદર કામે ફરીયાદ પક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે કુલ જુદા જુદા ૧૬ સાહેદોને તપાસેલ છે જેમાં બે મેડીકલ ઓફીસરો તથા ફરીયાદી તેમજ ઈજા પામનાર તથા અન્ય સાહેદો તેમજ પંચ સાહેદો અને પોલીસ સાહેદોનો સમાવેશ થાય છે તેમજ ફરીયાદ પક્ષે જુદા જુદા દસ્તાવેજો ઉપર પણ આધાર રાખેલ છે.

સદર કેસનો નિકાલ કરતાં અગાઉ એ બાબતની પણ નોંધ લેવી જરૂરી બની રહે છે કે, સદર જે બનાવ બન્યો તે દિવસ દરમ્યાન ફરીયાદી તેમના ભાઈ ઠાકોર હેમતાજી રાયાજીના ઘર આગળ બેઠેલ હતા તે દરમ્યાન બનેલ છે અને તેની ફરીયાદ ઈજા પામનાર ફરીયાદી દ્વારા આપવામાં આવેલ છે.

આ કામે આરોપીઓ સામે ગુનાનો આક્ષેપ છે તે જોતાં ઈ. પી. કો. કલમ ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦–બી તથા જી.પી. એકટની કલમ ૧૩૫ ના ગુનાનો આરોપ છે. સદર જે બનાવ બનવા પામેલ છે તે જોતાં આરોપીઓ પૈકી આરોપી નં.૧ અશ્વિનજીનાએ તેના હાથમાનું ધારીયું ફરીયાદીને માથાના ભાગે સીધુ મારી તથા આરોપી નં. ૫ મણાજી તથા આરોપી નં. ૬ અભુજીનાએ ફરીયાદીને પકડી રાખતાં આરોપી નં. ૨ દિલીપજીનાએ લોખંડની છરી ફરીયાદીના ડાબા હાથની પહેલી આંગળી ઉપર મારી તથા આરોપી નં. ૩ જીવણજી, નં. ૪ ગોપાળજી, નં. ૮ હરજીજી તથા નં. ૯ વિષ્ણુજીનાઓએ

લાકડીઓથી તથા આરોપી નં.૭ વિપુલજીનાએ ધોકાથી ફરીયાદીને બરડાના ભાગે તથા કમરના ભાગે તથા થાપાના ભાગે માર મારી તથા ફરીયાદીને છોડાવવા સાહેદો વચ્ચે પડતાં સાહેદ નં. ૧૦ મહેશજી હેમતાજીને આરોપી નં. ૪ ગોપાળજીનાએ તેના હાથમાંની લાકડી માથાના ભાગે મારી તથા સાહેદ નં. ૧૧ જતનબેન હેમતાજીને આરોપી નં. ૩ જીવણજીનાએ લાકડી મોઢાના જમણી બાજુના ભાગે મારી તેમને મારી નાંખવાના ઈરાદે જીવલેણ ઈજાઓ કરી ગુનો કર્યાનો આક્ષેપ છે. એટલે કે સદર જે બનાવ બનવા પામેલ છે તેમાં આરોપીઓનો ઈરાદો ફરીયાદી તથા તેના સાહેદોને મારી નાખવાનો હતો કે કેમ? તે બાબતને પણ જોવુ જરૂરી બની રહે છે. કારણ કે જે **ઈ. પી. કો. કલમ ૩૦૭ માં જણાવ્યા પ્રમાણે** " કોઈ વ્યકિત, કોઈ કૃત્ય, એવા ઈરાદાથી કે જાણકારી સાથે અને એવા સંજોગોમાં કરે કે તે કૃત્યથી જો પોતે મૃત્યુ નિપજાવત તો ખુન માટે દોષીત થાત, તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર થશે અને તેવા કૃત્યથી કોઈ વ્યકિતને વ્યથા થાય, તો ગુનેગાર આજીવન કેદની અથવા ઉપર જણાવ્યા પ્રમાણેની કેદની શિક્ષાને પાત્ર થશે તેવું તેમાં ઠરાવેલ છે." એટલે કે સદર ઈ. પી. કો. કલમ ૩૦૭ ના ગુનામાં ઈરાદો મહત્વની બાબત ગણી શકાય જેથી ફરીયાદ પક્ષે જે પુરાવો પડેલ છે તે પુરાવાને ચકાસવો જરૂરી બની રહે છે તેમ હું માનું છું અને તે સંબંધે જે મેડીકલ ઓફીસરોનો જે પુરાવો રેકર્ડ ઉપર આવવા પામેલ છે તેની સૌ પ્રથમ ચર્ચા કરવી હું જરૂરી માનું છુ.

**<u>મેડીકલ પુરાવો</u>**

(૧૫)... સદર કામે **આંક–૪૧ થી ડૉ.પુજા નરેન્દ્રપુરી ગોસ્વામીને** તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,સી.એચ.સી. બેચરાજી ખાતે મેડીકલ ઓફીસર તરીકે તા. ૧૧/૦૪/૧૭ ના રોજ હું મારી ફરજ ઉપર હાજર હતી દરમ્યાન સાંજે ૦૭:૧૫ કલાકે દર્દી નામે બાબુજી રાયાજી ઠાકોરને ૧૦૮ ધ્વારા તેઓના સગા મારફતે મેડીકલ ચકાસણી સારૂ મારી સમક્ષ લાવવામાં આવેલા. દર્દીએ પોતે હીસ્ટ્રી આપેલ જે મુજબ ''આજે સાંજે આશરે સાડા છ વાગ્યે ડોડીવાડા ગામમાં ઝઘડો થતાં મને માથામાં લાકડી મારી અને ધારીયું માર્યું અને ડાબા હાથની પહેલી આંગળી પર છરી મારી'' વધુમાં સદર સાહેદ જણાવે છે કે,દર્દીને તપાસતાં એક કપાયેલો છુંદાયેલો ઘા ૭×૦.૨ સે.મી. ડાબી સાઈડના પરાઈટો ટેમ્પોરલ ભાગ ઉપર આશરે ૪ સે.મી. વર્ટેકસની નીચે અને ડાબી બાજુએ જોવા મળેલો. કપડા લોહીવાળા હતા. એક છુંદાયેલો ઘા ડાબા હાથની પહેલી આંગળી પર જોવા મળેલ.દર્દીને વધુ સારવાર માટે મહેસાણા સીવીલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવેલા.ઉપરની ઈજા ધારદાર અથવા તીક્ષ્ણ હથીયારથી થઈ શકે તેવી હતી.આ અંગેનું મેડીકલ સર્ટીફીકેટ મેં મારા હસ્તાક્ષરમાં ઈસ્યુ કરેલ જે આંક – ૪૨ થી તથા અસલ કેસ પેપર્સ આંક – ૪૩થી રજુ છે. વધુમાં સાહેદ જણાવે છે કે,મેડીકલ સર્ટીફીકેટમાં દર્શાવેલ ઈજા નં.૧ તે માથાની ઈજા છે અને તે જીવલેણ ઈજા કહી શકાય. જો દર્દીને સમયસર સારવાર ન મળે તો આ પ્રકારની ઈજાના કારણે દર્દીનું મૃત્યુ પણ સંભવી શકે. મેડીકલ સર્ટીફીકેટમાં દર્શાવેલ ઈજા નં. ૨ લોખંડની છરી મારફત થઈ શકે. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ ની છરી તથા મુદ્દામાલ

આર્ટીકલ નં.૮ નું ધારીયું બતાવવામાં આવે છે જે જોઈને જણાવું છું કે દર્દીના શરીર ઉપર જોવા મળેલ ઈજા નં. ૨ અને ૧ આવી છરી તથા ધારીયા વડે થઈ શકે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,તે જ તારીખે સાંજે ૦૭:૧૦ કલાકે દર્દી નામે મહેશજી હેમતાજી ઠાકોરને ૧૦૮ મારફત તેમના સગા ધ્વારા મેડીકલ ચકાસણી સારૂ મારી સમક્ષ લાવવામાં આવેલા.દર્દીએ પોતાની જાતે હીસ્ટ્રી આપેલ જે મુજબ ''આજે સાંજે આશરે સાડા છ વાગ્યે ડોડીવાડા ગામમાં મારામારી થતાં ગોપુજી વસંતજી ઠાકોરે મને માથામાં ધારીયું માર્યુ'' વધુમાં સદર સાહેદ જણાવે છે કે, દર્દીને તપાસતાં એક કપાયેલો ઘા ૪ × ૦.૧ સે. મી. ત્રાંસો માથાની ડાબી બાજુએ ડાબા કાનની પાંચ સે.મી. ઉપર જોવા મળેલ. કપડાં લોહીવાળા હતા. ઉપરની ઈજા ધારદાર અથવા તીક્ષ્ણ હથીયારથી થઈ શકે અને આ ઈજાનો રીકવરી પીરીયડ ૧૦ થી ૧૪ દીવસનો હતો. આ અંગેનું મેડીકલ સર્ટીફીકેટ મેં મારા હસ્તાક્ષરમાં ઈસ્યુ કરેલ. જે આંક – ૪૪ થી તથા અસલ કેસ પેપર્સ આંક – ૪૫ થી રજુ કરેલ છે. વધુમાં સાહેદ જણાવે છે કે, મેડીકલ સર્ટીફીકેટમાં દર્શાવેલ ઈજા મારક હથીયાર ધારીયાથી થઈ શકે તેવી હતી.મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ નું ધારીયું બતાવવામાં આવે છે. જે જોઈને જણાવું છું કે તે આ પ્રકારના ધારીયાથી ઈજા સંભવી શકે. વધુમાં સાહેદ જણાવે છે કે,માથું તે શરીરનો વાઈટલ પાર્ટ કહેવાય. મેડીકલ સર્ટીફીકેટમાં દર્શાવેલ ઈજા તે માથાની ઈજા ગંભીર પ્રકારની ઈજા કહેવાય.

સદરહું સાહેદની **બચાવ પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે** જેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, બંને દર્દી તેમની પાસે આવ્યા

ત્યારે તેઓ સભાન અવસ્થામાં હતા અને બોલીચાલી શકતા હતા. જો કે તેઓએ બંને સર્ટીફીકેટમાં જે હીસ્ટ્રી લખાવેલ છે તે દર્દીએ જાતે નહી પરંતુ તેમના સગાવહાલાઓએ લખાવેલાની હકીકત તેમજ મેડીકલ સર્ટીફીકેટમાં જણાવેલ બંને ઈજાઓ સાદા પ્રકારની હોવાની હકીકતનો તેઓએ ઈન્કાર કરેલ છે. જો કે તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, વ્યકિત આર.સી.સી. રોડ ઉપર પડે અને આંગળી ચગદાય તો આંગળી ઉપર થયેલી ઈજા જેવી ઈજા સંભવી શકે. તેમજ બચાવ પક્ષના સજેશન કે લોખંડના ધારદાર દરવાજા સાથે માથુ અથડાય તો ઈજા નં. ૧ જેવી ઈજા સંભવી શકે તે હકીકત અંગે તેઓ ચોકકસપણે કહી શકે નહી તેવું જણાવેલ છે. જો કે તેઓએ આ ઈજા ધારીયા વડે સંભવી શકે તેવું ખોટુ જણાવતા હોવાની અને દર્દીને થયેલ ઈજા સાદા પ્રકારની હોવાની બંને હકીકતોને નકારી કાઢેલ છે.

એજ રીતે **ફરીયાદ પક્ષે આંક–૪૬ થી ડૉ. પ્રવિણકુમાર પોપટલાલ સોનીને** તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૧/૦૪/૧૭ ના રોજ જનરલ હોસ્પિટલ, મહેસાણા ખાતે ફરજ દરમ્યાન રાત્રે ૦૯:૪૦ કલાકે દર્દી નામે બાબુજી રાયાજી ઠાકોરને સગાઓ ધ્વારા મેડીકલ ઓફીસર, સી.એચ.સી., બેચરાજી ની ટ્રાન્સફર ચીટ સાથે સારવાર માટે લાવેલા. દર્દીને પુછતાં જણાવેલ કે, ''તે જ દીવસે સાંજે છ કલાકની આજુબાજુ ડોડીવાડા ગામે ધારીયું, લાકડી અને છરી મારવાથી ઈજા થયેલ છે અને ઈજા કરનાર તરીકે અશ્વિનજી ગોપાળજી સાથે કુલ છ જણા હતા'' વધુમાં સદર સાહેદ જણાવે છે કે,દર્દીને માથામાં ટાંકા, ડાબા હાથની આંગળીએ ટાંકા

અને બીજી અન્ય બાહય ઈજાઓ હોવાથી દર્દીનો માથાનો સીટી સ્કેન સુયોગ ઈમેજીંગ સેન્ટર, મહેસાણા ખાતે કરાવેલો તેમજ દર્દીના ડાબા સાથળ, ડાબો હાથ માથા અને ડાબા ખભાના એક્ષ–રે લીધેલા અને તપાસણી અંગેનું સર્ટીફીકેટ આપેલ જે આ કામે આંક – ૪૭ થી તથા અસલ કેસ પેપર્સ આંક – ૪૮ થી રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,તે જ દીવસે રાત્રે ૦૯:૫૦ કલાકે દર્દી નામે મહેશજી હેમતાજી ઠાકોરને સારવાર માટે લાવેલા.દર્દીએ સી. એચ. સી.,બેચરાજી ખાતે સારવાર લીધેલી.દર્દીને પુછતાં જણાવેલ કે, ''તે જ દીવસે સાંજે ૦૬:૩૦ કલાકે ડોડીવાડા ગામે ધારીયું મારવાથી ઈજા થયેલ છે અને ઈજા કરનાર તરીકે ગોકુળજી માનસંગજી ઠાકોર સાથે કુલ દસ જણા હતા'' વધુમાં સદર સાહેદ જણાવે છે કે,દર્દીને માથામાં ટાંકા હોવાથી માથાનો એક્ષ–રે લીધેલો તેમજ તમામ ઈજાઓ સાત થી દસ દીવસમાં મટી શકે તેવી હતી જે અંગેનું મેડીકલ સર્ટીફીકેટ આપેલ જે આંક – ૫૦ થી તથા કેસ પેપર્સ આંક – ૫૧ થી રજુ કરેલ છે.

**આ સાહેદની જે બચાવ પક્ષે ઉલટ તપાસ થયેલ છે તે** જોતાં તેઓએ સ્વીકારેલ છે કે,ઉપરોકત બંને દર્દીઓ મારી પાસે લાવવામાં આવેલા ત્યારે તેઓ સભાન અવસ્થામાં હતા અને બોલી શકતા હતા.તે વાત ખરી છે કે અમારા મત પ્રમાણે બંને દર્દીને લાવવામાં દસ મીનીટનો સમયનો તફાવત હતો. વધુમાં તેઓએ જણાવે છે કે તે વાત ખરી નથી કે અમારા રૂબરૂની હીસ્ટ્રી દર્દીની સાથે આવેલા સગાઓએ લખાવેલ હતી.તે વાત ખરી છે કે બંને દર્દીએ હીસ્ટ્રીમાં આરોપીના નામ લખાવેલ છે અને ગામના નામ અને રહેઠાણ લખાવેલ નથી.અમારા મત પ્રમાણે બંને

સર્ટીફીકેટમાં દર્શાવેલ ઈજાઓ સાદા પ્રકારની હતી.ટાંકા લીધેલ ઘા હોવાથી હું કહી શકું નહી કે બાબુજીના માથામાં થયેલ ઈજા લોખંડના દરવાજા સાથે અથડાવાથી થઇ શકે તેવી હતી કે કેમ ?. તે વાત ખરી છે કે દર્દીના એક્ષ–રે અને સીટી સ્કેન મેળવી તે જોતાં તેમાં ઈન્ટરનલ કોઈ ઈજા જોવા મળેલ નહી. હું તે કહી શકું નહી કે દર્દી મહેશજી રીફર ચીટ વગર આવેલ હોઈ તેઓ ડોકટરની એડવાઈઝની વિરૂધ્ધમાં ચાલુ સારવારે આવેલ હતા કે કેમ ? સદરહુ દર્દીના એક્ષ–રે જોતાં ઈન્ટરનલ કોઈ ઈજા જોવા મળેલ નહી.

**એટલે કે આ કામે ઉપરોકત બંને મેડીકલ ઓફીસરશ્રીઓ** નો ઉપરોકત પુરાવો ધ્યાને લેવામાં આવે તો મેડીકલ ઓફીસરશ્રી ડો. પુજા નરેન્દ્રપુરી ગોસ્વામીના પુરાવા મુજબ બનાવ તારીખ ૧૧–૦૪–૨૦૧૭ નારોજ ફરીયાદી બાબુજી રાયાજીને તેમની સમક્ષ લાવતાં હીસ્ટ્રીમાં સાંજે આશરે સાડા છ વાગે ડોડીવાડા ગામે ઝઘડામાં માથામાં લાકડી અને ધારીયુ માર્યુ અને ડાબા હાથની પહેલી આંગળી ઉપર છરી મારેલાનું જણાવેલ છે.એટલે કે આ કામે ફરીયાદ પક્ષના કેસ મુજબ બનાવમાં ફરીયાદીને માથામાં તેમજ ડાબા હાથની આંગળી ઉપર ઈજા થયેલાની હકીકત અંગે આ સાહેદ સમક્ષની હીસ્ટ્રીમાં જણાવેલ હકીકતથી સમર્થન મળે છે. જો કે આ કામે સદરહું ફરીયાદીએ હીસ્ટ્રીમાં તેમને ઈજા કરનાર વ્યકિતના નામ જણાવેલ નથી પરંતુ તે સિવાય બનાવના દિવસે ડોડીવાડા ગામમાં ઝઘડો થતાં તેમને સદરહું ઈજા થયેલાની હકીકતને સમર્થન મળે છે. વધુમાં આ કામે ફરીયાદ પક્ષના કેસ મુજબ ફરીયાદીને

માથાના ભાગે ધારીયાથી અને આંગળી ઉપર છરી વડે ઈજા થયેલાનો કેસ છે જે હકીકતને આ કામે સદરહું તબીબી અધિકારીએ તેમની સરતપાસમાં સમર્થન કરેલ છે અને જણાવેલ છે કે, મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ ની છરી અને આર્ટીકલ નં. ૮ ના ધારીયા વડે આ ઈજાઓ સંભવી શકે તેવું સ્વીકારેલ છે. એટલે કે આ કામે ફરીયાદીને થયેલ ઈજાઓ ફરીયાદ પક્ષ મુજબ કહેવાતા બનેલ બનાવમાં થયેલાની હકીકતને સમર્થન મળે છે. વધુમાં તે જ તારીખે સાહેદ મહેશજી હેમતાજીને પણ આ સાહેદે સારવાર કરેલ છે અને તેઓએ હીસ્ટ્રીમાં ડોડીવાડા ગામમાં મારામારીમાં ગોપુજી વસંતજી ઠાકોરે માથામાં ધારીયુ મારેલાનું જણાવેલ છે. જો કે આ કામે ગોપુજી વસંતજી ઠાકોર નામની કોઈ વ્યકિત ચાર્જસીટમાં સામેલ નથી. વધુમાં તબીબી અધિકારીશ્રીએ સદરહું ઈજા મારક હથિયાર ધારીયાથી થઈ શકે તેવી હોવાનું અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ ના ધારીયાથી આવી ઈજા સંભવી શકે તેવું જણાવેલ છે તેમજ મુદ્દામાલ નં. ૫ ની લાકડીથી આવી ઈજા સંભવી શકે નહી તેવું જણાવેલ છે તે જોતાં ઈજા પામનાર સાહેદ મહેશજીને ધારીયાથી ઈજા થયેલ હોવા અંગે તબીબી પુરાવો સ્પષ્ટ છે જયારે આ કામે ઈજા પામનાર મહેશજી તેમજ અન્ય નજરે જોનાર સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ મહેશજીને લાકડીથી ઈજા થયેલાનું જણાવેલ છે જેથી આ કામે તબીબી અધિકારીના પુરાવા સાથે ઈજા પામનાર અને અન્ય સાહેદોના પુરાવાનુ એકીસાથે મુલ્યાંકન કરવામાં આવે તો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે. વધુમાં આ કામે ઈજા પામનાર સાહેદ મહેશજીએ તબીબી અધિકારી રૂબરૂ તેમની હીસ્ટ્રીમાં આરોપી તરીકે જે વ્યકિતનું નામ લખાવેલ છે તે ગોપુજી વસંતજી ઠાકોર નામની કોઈ

વ્યકિત નથી. એટલે કે આ કામે મહેશજીનો પુરાવો ધ્યાને લેતાં ઈજા પામનાર સાહેદ તરીકે તેમના પુરાવાની મહત્વતા પ્રથમ હોય છે પરંતુ આ કામે ઉપર કરેલ ચર્ચા મુજબ તેઓને કયા હથિયારથી ઈજા થયેલ છે તે અંગે તેમજ કોણે ઈજા કરેલ છે તે વ્યકિત અંગે જે તબીબી અધિકારી રૂબરૂની હીસ્ટ્રીમાં અને પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ હકીકતમાં મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ હોઈ આ કામે તેઓને બનાવમાં ઈજા થયેલાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ તેમને કયા હથિયારથી કયા આરોપીએ આ ઈજા પહોંચાડેલ છે તે અંગે મહત્વનો વિરોધાભાસ જણાઈ આવે છે. એટલે કે આ કામે ઈજા પામનાર સાહેદ મહેશજીને થયેલ ઈજા ફરીયાદ પક્ષ દ્વારા પુરવાર થયેલ છે પરંતુ કોના દ્વારા શુ હથિયારથી ઈજા થયેલ છે તે પુરવાર થતી નથી જયારે ફરીયાદીને થયેલ ઈજા આ તબીબી અધિકારીના પુરાવામાં સ્પષ્ટપણે પુરવાર થાય છે.

એ જ રીતે તબીબી અધિકારી શ્રી ડો. પી. પી. સોનીનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ પણ તેમના પુરાવામાં ઈજા પામનાર સાહેદ મહેશજીએ તેમના રૂબરૂની હીસ્ટ્રીમાં ધારીયાથી ઈજા કરવામાં આવેલાનું અને ઈજા કરનાર ગોકુળજી માનસંગજી ઠાકોર સાથે કુલ દસ જણા હોવાનું જણાવેલ છે જો કે આ કામે ઈજા પામનાર સાહેદ મહેશજીએ હીસ્ટ્રીમાં જણાવેલ નામ ગોકુળજી માનસંગજી આરોપી તરીકે નથી પરંતુ ગોપાળજી માનસંગજી છે. એ જ રીતે તેમના રૂબરૂની હીસ્ટ્રીમાં તેમને આરોપી દ્વારા ધારીયુ મારેલાની હીસ્ટ્રી જણાવેલ છે પરંતુ તેમના પોલીસ રૂબરૂની નિવેદન અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં તેઓએ તેમને આરોપી ગોપાળજી

માનસંગજીનાઓએ લાકડી વડે માથામાં ઈજા કરેલાની હકીકત જણાવેલ છે.

એટલે કે આ કામે ઈજા પામનાર સાહેદ મહેશજી કે જેઓ ખુદ ઈજા પામનાર સાહેદ છે અને તેમના કથન મુજબ તેમને આરોપી ગોપાળજી માનસંગજી દ્વારા લાકડીથી ઈજા કરવામાં આવેલ છે અને તે હકીકત તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદન અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે પરંતુ તેઓએ તબીબી અધિકારી રૂબરૂની હીસ્ટ્રીમાં લાકડીના બદલે ધારીયુ મારેલાની હકીકત લખાવેલ છે. એટલે કે ખરેખરે તેઓએ તબીબી અધિકારી રૂબરૂ જે હીસ્ટ્રીમાં ધારીયાથી ઈજા થયેલાનું લખાવેલ છે તે હકીકત અંગે તેમજ તેમના પોલીસ રૂબરૂના નિવેદન અને કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં લાકડી વડે ઈજા થયેલ હકીકત અંગે મહત્વનો વિરોધાભાસ ઉભો થયેલ છે તેમજ આ કામે તબીબી અધિકારીનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં ઈજા પામનાર સાહેદ મહેશજીને માથામાં થયેલ ઈજા લાકડી વડે સંભવી શકે નહી તેવી હોવાનું અને ધારીયાથી થઈ શકે તેવું જણાવેલ છે ત્યારે આવા વિરોધાભાસ તેમજ આરોપીના નામ જે હીસ્ટ્રીમાં લખાવેલ છે તે અંગેનો વિરોધાભાસ ધ્યાને લેતાં ખરેખરે ઈજા પામનાર મહેશજીને થયેલ ઈજા કોણે કયા હથિયારથી કરેલ છે તે હકીકત સ્પષ્ટપણે પુરવાર થતી નથી જયારે ફરીયાદીને થયેલ ઈજા અંગે જોઈએ તો તબીબી અધિકારીશ્રીનો ઉપરોકત પુરાવાથી સંપુર્ણ સમર્થન મળી રહે છે જેથી તેટલા પુરતો તબીબી અધિકારીશ્રીનો પુરાવો ફરીયાદ પક્ષને સમર્થનકર્તા હોવાનું જણાઈ આવે છે.

## ફરીયાદી તથા સાહેદોનો પુરાવો

(૧૬)... સદર કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ સાહેદોનો પુરાવો નજર સમક્ષ રાખીએ તો કામે **આંક-૩૬ થી ફરીયાદી ઠાકોર બાબુજી રાયાજી**ને તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ તા.૧૧/૦૪/૧૭ નારોજ દીવસે બપોરે આશરે અઢી વાગ્યાના સુમારે હું મારા ગામના ચોકડી પડે છે તે રસ્તા ઉપર ઉભેલો હતો તે સમયે ઠાકોર કરણાજી મણાજી અને ઠાકોર જીવણજી ઉર્ફે ટીકો મણાજીએ મને બિભત્સ શબ્દોમાં ગાળો બોલેલી અને તેનું કારણ એ છે કે તેઓએ ચુંટણીનું પરીણામ ૧૧ મી તારીખે જાણેલું અને તેમાં હરજીજી માસંગજી સરપંચની ચુંટણીમાં હારી ગયેલા તેવું જાણેલું અને જેના કારણે મને તે લોકોએ ગાળો બોલેલી અને તે વખતે બપોરના અઢી ત્રણ વાગ્યે જઈ બેચરાજી પોલીસ સ્ટેશનમાં આ બે ઈસમો વિરૂધ્ધ કેસ કરેલો. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,તા.૧૧/૦૪/૧૭ ના રોજ સાંજના સાડા છ વાગ્યાના સુમારે હું મારા ભાઈ હેમતાજી રાયાજી ઠાકોરના ઘરે તેમના આંગણામાં ઓટલા ઉપર બેઠેલ હતો અને તે વખતે મારી સાથે મારા ભાઈનો છોકરો મહેશજી હેમતાજી ઠાકોર હાજર હતો તે વખતે અશ્વિનજી ગોપાળજી, દીલીપજી વરસંગજી, મણાજી માસંગજી, અભુજી મણાજી, ગોપાળજી માસંગજી, વિપુલજી ગોપાળજી, હરજી માસંગજી અને વિષ્ણુ હરજી જેઓ બધા ઠાકોર જ્ઞાતીના હતા તે બધા તેમના હાથમાં લાકડી, ધોકા, છરી અને ધારીયું જેવા મારક હથીયારો લઈને આવેલા. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ઉપરોકત ઈસમો પૈકી

અશ્વિનજી ગોપાળજીના હાથમાં ધારીયું હતું અને દીલીપજીના હાથમાં છરી હતી અને મણાજી તથા અભુજીની પાસે કંઈ ન હતું અને ગોપાળજીની પાસે લાકડી હતી અને વિપુલજીની હાથમાં ધોકો હતો અને હરજી માસંગજી તથા વિષ્ણુ હરજીના હાથમાં લાકડીઓ હતી અને જીવણજીના હાથમાં લાકડી હતી. વધુમાં સાહેદ જણાવે છે કે,આ તમામ વ્યકિતઓ એક સાથે આવેલા અને અશ્વિનજીએ પોતાના હાથમાં રહેલું ધારીયું સીધુ મારા માથામાં મારેલું તે વખતે હું પડી ગયેલો અને તે બધા ગાળો બોલતા હતા અને તે વખતે હું નીચે પડી ગયેલો તે વખતે મને લાગેલ કે આ લોકો મને મારી જ નાખવાના છે અને મેં ભાગવાની કોશીશ કરેલી તે વખતે મણાજી માસંગજી તથા અભુજી મણાજી બંને જણાએ મને પકડી રાખેલો અને દીલીપજી વરસંગજીએ તેના હાથમાંની છરી સીધી મને માથામાં મારવામાં આવેલો પરંતુ મેં મારો ડાબો હાથ આડો કરેલો જેથી છરી મને ડાબા હાથની પહેલી આંગળી ઉપર વાગેલી અને મને લોહી નીકળેલું. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ઠાકોર જીવણજી મણાજી, હરજી માસંગજી, વિષ્ણુ હરજી, ગોપાળજી માસંગજી અને વિપુલ ગોપાળજીએ તેમના હાથમાં રહેલ લાકડીઓ તેમજ ધોકાથી મને શરીરના બરડાના ભાગે તથા કમરના ભાગે તથા ખભા ઉપર તથા સાથળના ભાગે માર મારેલો અને તે વખતે મેં થોડી બુમ પાડેલી અને મારા ભાઈ હેમતાજીનો દીકરો મહેશ મને છોડાવવા માટે વચ્ચે પડેલો તો તેને પણ ગોપાળજી માસંગજીએ તેના હાથમાંની લાકડી માથામાં મારેલી અને જેથી તે લોહીલુહાણ થઈ ગયેલો અને તે સમયે ઘરમાંથી મારા ભાઈ હેમતાજી ઠાકોર તથા તેમના પત્નિ જતનબેન તે છોડાવવા વચ્ચે પડેલા અને તેમાં જતનબેનને જીવણજી મણાજીએ તેમના હાથમાંની લાકડી જમણા ગાલના નીચેના ભાગે મારેલી.તે વખતે બુમાબુમ

થતાં આજુબાજુના માણસો બુમો સાંભળીને દોડી આવેલા અને તે લોકોએ વચ્ચે પડીને મને છોડાવેલો અને આ લોકોને સમજાવીને પાછા કાઢેલા અને આ લોકો જતા જતા એવું બોલતા જતા હતા કે, ''આજે તો બચી ગયો છે, સમય આવ્યે તને છોડવાનો નથી, તને મારી જ નાખવાનો છે'' અને ત્યારબાદ તે બધા હથીયારો સાથે તેઓના ઘર તરફ જતા રહેલા.તે સમયે હું લોહીલુહાણ હોવાથી મને ચકકર આવતા હતા અને તે વખતે કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવતાં મને તથા મારા ભત્રીજા મહેશને બેચરાજી સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાં ડોકટર સાહેબે અમારી પ્રાથમીક સારવાર કરેલી અને મને ટાંકા લીધેલા. મેં ડોકટરને બનાવ અંગેની હીસ્ટ્રી આપેલી અને ત્યારબાદ અમો બંને જણાને વધુ સારવાર અર્થે સરકારી વાહનમાં મહેસાણા સીવીલ હોસ્પિટલમાં લાવેલા.આ બનાવ બનવાનું કારણ સરપંચની ચુંટણીમાં હરજી માસંગજી હારી ગયેલા એટલે આ બધા હુમલો કરનાર ઈસમોને એવો શક હતો કે ચુંટણીમાં હરજીને હરાવનાર વ્યકિત હું જ છું અને બીજા વ્યકિતઓને પણ મેં વોટ આપવા દીધેલ નથી તેની અદાવત રાખીને આ બધાએ એકસંપ થઈ મારા ઉપર હુમલો કરેલ છે અને જીવલેણ ઈજા પહોંચાડેલ છે.બનાવ અંગેની ફરીયાદ મેં તા. ૧૨/૦૪/૧૭ ના રોજ દવાખાનામાં આપેલી. જે ફરીયાદ પોલીસે મારા લખાવ્યા મુજબ લખી લીધેલી અને તે નીચે મેં મારી સહી કરેલી. જે ફરીયાદ નીચે મારી સહી છે. જે હું ઓળખું છું. જે ફરીયાદ આંક–૩૭ થી રજુ કરેલ છે.વધુમાં સદર સાહેદ જણાવે છે કે,મેં બનાવ સમયે પહેરેલ ગોળ ગળાની ટી–શર્ટ ગ્રે કલરની પહેરેલ હતી જે લોહીવાળી થયેલ હતી તે મેં પોલીસમાં રજુ કરેલી. મહેશે પણ પોતાના કપડા પોલીસમાં રજુ કરેલા. વધુમાં સદર સાહેદ

જણાવે છે કે,મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ લોખંડની છરી, આર્ટીકલ નં. ૪ વાંસની લાકડી,આર્ટીકલ નં.૫ લાકડી,આર્ટીકલ નં. ૬ વાંસની લાકડી, આર્ટીકલ નં. ૭ વાંસની લાકડી,આર્ટીકલ નં. ૮ ધારીયું તથા આર્ટીકલ નં. ૯ ધોકો બતાવવામાં આવે છે જે જોઈને જણાવું છું કે આ તે જ હથીયારો છે જેના વડે મને તથા મારા ભત્રીજા તથા મારા ભાઈની પત્નિને માર મારવામાં આવેલો અને બનાવ સમયે આરોપીઓએ ધારણ કરેલા હતા.મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ એક ગ્રેકલરની ગોળ ગળાવાળી ટી–શર્ટ બતાવવામાં આવે છે. જે જોઈને જણાવું છું કે આ તે જ ટી–શર્ટ છે જે મેં બનાવ સમયે પહેરેલ હતી અને પોલીસમાં રજુ કરેલી.

**એટલે કે, આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં** આ સાહેદ ઈજા પામનાર તથા ખુદ ફરીયાદી છે અને તેમની સોગંદ ઉપરની સરતપાસમાં તેઓએ આંક–૩૭ થી રજુ થયેલ તેમની ફરીયાદની હકીકતોને સંપુર્ણપણે સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે. એટલે કે આ સાહેદે ફરીયાદમાં જણાવેલ હકીકતો કે આરોપીઓ દ્વારા ચુંટણી અંગે અદાવત રાખી તેમની ઉપર જીવલેણ હુમલો કરેલ અને તેમાં કયા આરોપીએ શું ભાગ ભજવેલ તે અંગેનો ફરીયાદમાં જણાવેલ હકીકતો દર્શાવતા સ્પષ્ટ પુરાવો રજુ કરેલ છે.

આ કામે સદરહું સાહેદની **બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ** ધ્યાને લેતાં તેઓએ જણાવેલ છે કે, તે વાત ખરી છે કે મહેશજી અને કીરણજી મારા સગા ભત્રીજા થાય છે અને હેમતાજી મારા ભાઈ થાય છે અને જતનબેન મારા ભાભી થાય છે તેમજ પંચ ભાવુજી ગલાબજી મારો ભત્રીજો થાય છે. નરેશજી તખાજી અમારા કુટુંબી ભાઈ થતા નથી. તે વાત

ખરી છે કે રમેશજી ભુપતાજી મારો ભત્રીજો થાય છે. એટલે કે, આ સાહેદની ઉલટ તપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં બચાવ પક્ષે એ હકીકત લાવવાનો પ્રયત્ન કરેલ છે કે ફરીયાદી સાથે અન્ય સાહેદોનો જે પુરાવો રજુ થયેલ છે તેમાં તેમના નજીકના સાહેદો છે. જો કે આ કામે સદરહું હકીકત અંગે કોઈ તકરાર નથી પરંતુ એ હકીકત પણ ફરીયાદ પક્ષે સ્પષ્ટ છે કે, આ કામે ફરીયાદી સિવાય સદરહું ગુનામાં બનાવ સમયે હાજર સાહેદ મહેશજી કે જેઓ ફરીયાદીના ભત્રીજા થાય છે તેઓ પણ ઈજા પામનાર સાહેદ છે તેમજ ફરીયાદીના ભાઈના પત્ની જતનબેનને પણ ઈજાઓ થયેલાનો ફરીયાદ પક્ષનો કેસ છે તે ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ દ્વારા તેમનો પુરાવો રજુ થવો તે સામાન્ય બાબત છે અને તેઓ ફરીયાદીના નજીકના સાહેદો હોઈ તેમનો પુરાવો જયારે તેઓ પોતે પણ ઈજા પામનાર સાહેદ હોય ત્યારે નહી માનવા માટે કોઈ કારણ નથી. વધુમાં તેઓએ ઉલટ તપાસમાં એ હકીકત પણ જણાવેલ છે કે, સરપંચની ચુંટણીમાં હરજીભાઈના હરીફ તરીકે મિસ્ત્રી ચંદુભાઈ અમથાભાઈ હતા. તે વાત ખરી છે કે સરપંચની ચુંટણીનું રીઝલ્ટ આવ્યા બાદ અમોએ ફરીયાદ આપેલી. એટલે કે,આ સાહેદની ઉલટ તપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં ચુંટણી અંગેના મનદુઃખના કારણે સદરહું બનાવ બનવા પામેલ હોવાનો જે ફરીયાદ પક્ષનો કેસ છે તેને સમર્થન મળે છે.વધુમાં આ સાહેદે તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે,તે વાત ખરી છે કે બનાવ શરૂ થયો ત્યારે મારા ભાઈ અને ભાભી ઘરની ઓસરીમાં હતા.બનાવ બન્યા બાદ હથીયાર પોલીસે અમોને બતાવેલા ન હતા. તે વાત ખરી છે કે ફરીયાદમાં અમોએ હથીયાર જેવા કે ધારીયું, લાકડી, ધોકા અને છરી વિગેરેનો ઉલ્લેખ

કરેલ છે પરંતુ તેનું વર્ણન કરેલ નથી. તે વાત ખરી છે કે અમોએ ડોકટર રૂબરૂ જે હીસ્ટ્રી આપેલ હતી તેમાં આરોપીના નામ અને સરનામા દર્શાવેલા નથી. એટલે કે, ઉલટ તપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં ફરીયાદ પક્ષના કેસ મુજબ તબીબી અધિકારી રૂબરૂ હીસ્ટ્રીમાં આરોપીના નામ સરનામા લખાવેલ નથી પરંતુ બનાવનો સમય અને સ્થળ તેમજ હાલના આરોપીઓની સંડોવણી અંગે જે ફરીયાદમાં વિગત તેમજ કોર્ટ રૂબરૂની સરતપાસમાં રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં આરોપીઓ દ્વારા સદરહું ગુનાહીત કૃત્ય કરવામાં આવેલાની હકીકતને સમર્થન મળે છે. વધુમાં આ સાહેદની ઉલટ તપાસમાં બચાવ પક્ષ દ્વારા ફરીયાદ તેઓએ જાતે લખાવેલ નહી હોવાનું તેમજ હીસ્ટ્રીની વિગત પણ તેમની સાથેના માણસોએ લખાવેલાની હકીકત અને સગાવહાલાઓ સાથે ચર્ચા બાદ આરોપીઓના નામ જોડવાનુ નકકી કરેલ તે હકીકત તેમજ ધક્કામુકીમાં પડી જવાથી તેઓને આંગળીમાં ઈજા થયેલ અને ધારીયાથી તેમને કોઈ માર મારવામાં આવેલ નથી તેવી તમામ હકીકતોને તેઓએ નકારી કાઢેલ છે. એટલે કે, આ સાહેદની ઉલટ તપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં લેતાં બચાવ પક્ષ દ્વારા એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે જેનાથી સદરહું બનાવ સમયે આરોપીઓની હાજરી નહતી અને તેઓ દ્વારા કોઈ ગુનાહીત કૃત્ય કરવામાં આવેલ નથી તે હકીકત સ્વીકારી શકાય.

એટલે કે આ કામે ફરીયાદી ઈજા પામનાર સાહેદનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં બનાવ સમયે તેઓ તેમના ભાઈના ઘરે ઓસરી આગળ બેઠા હતા ત્યારે આરોપીઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી

રચી જીવલેણ હથિયારો સાથે આવી ફરીયાદી તથા સાહેદ મહેશજીને ગંભીર ઈજાઓ પહોંચાડેલાની હકીકતને સમર્થનકર્તા પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે.

ફરીયાદ પક્ષે **સાહેદ મહેશજી હેમતાજીને આંક-૩૮થી** તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,બનાવ તા.૧૧/૦૪/૧૭ ના રોજ પ્રથમ માથાકુટ બપોરના આશરે બેએક વાગ્યે થઈ હતી અને હરજીજી માસંગજી સરપંચના ઉમેદવાર તરીકે હારી ગયેલ હતા તેની માથાકુટ મારા કાકા બાબુજી રાયાજી સાથે થયેલી અને તે મારા ઘરની પાસે આવીને જીવણજી મણાજી અને કરણાજી મણાજી ઉમેદવાર હારી ગયેલા એટલે ગાળો બોલતા હતા અને તે વખતે મારા કાકા બહાર બેસેલા હતા અને હું બારણા ઉપર તે વખતે પણ બહાર જ બેસેલ હતો અને તે લોકો બંને જણા ગાળો બોલતા હતા એટલે બધાએ તેમને સમજાવીને પાછા મોકલી દીધેલા.ત્યારબાદ સાંજે છ વાગ્યે મારા કાકા મારા ઘરની ઓસરીમાં મારાથી થોડેક દુર મારી સાથે બેસેલ હતા અને તે વખતે અશ્વિનજી ગોપાળજી, દીલીપજી વરસંગજી, ગોપાળજી માસંગજી, જીવણજી મણાજી, વિષ્ણુજી હરજીજી, મણાજી માસંગજી, અભુજી મણાજી તથા વિપુલજી ગોપાળજી બધા એકસંપ થઈ આવેલા.તે સમયે અશ્વિનજીના હાથમાં ધારીયું અને દીલીપજી વરસંગજીના હાથમાં છરી અને જીવણજી મણાજી તથા ગોપાળજી તથા વિષ્ણુજી પાસે લાકડીઓ અને વિપુલજી પાસે ધોકો અને હરજીજી માસંગજી પાસે લાકડી જેવા હથીયારો હતા અને અશ્વિનજીએ સીધા

આવીને તેમના હાથમાંનું ધારીયું મારા કાકા બાબુજીને માથામાં મારેલું જેથી મારા કાકા લોહીલુહાણ થઇ ગયેલા અને દીલીપજી વરસંગજીએ પણ મારા કાકાને ડાબા હાથની પ્રથમ આંગળીમાં છરી મારેલી અને તેવામાં હું મારા કાકાને છોડાવવા વચ્ચે પડતાં આ બધા ઈસમો પૈકી ગોપાળજી એ મને પણ તેમના હાથમાંની લાકડી માથામાં મારેલી જેથી હું પણ લોહીલુહાણ થઇ ગયેલો અને તે વખતે અભુજી મણાજીએ અને મણાજી માસંગજીએ મારા કાકાનો હાથ પકડી રાખેલો અને બીજા બધા ઈસમો તેમના હાથમાંની લાકડીઓ અને ધોકાથી મારા કાકાને બરડામાં અને સાથળમાં દેવા (મારવા) મંડેલા અને તે વખતે મારી મમ્મી પણ મને તથા મારા કાકાને છોડાવવા વચ્ચે પડતાં તેણીને પણ જીવણજીએ તેના હાથમાંની લાકડી જમણા ગાલના નીચેના ભાગે મારેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,આ બધા ઈસમોએ અમોને કહેલ કે, ''આજે તો બચી ગયા છો, ઘાટમાં આવશો તો જાનથી મારી નાખીશું'' ત્યારબાદ આ ઈસમો હથીયારો સાથે જતા રહેલા. ત્યારબાદ મને તથા મારા કાકાને કોઈએ ૧૦૮ બોલાવતાં બેચરાજી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલા જયાં મેં ડોકટરને બનાવ અંગેની વિગત જણાવેલી. ત્યાં ડોકટરે મારી અને મારા કાકાની પ્રાથમીક સારવાર કરેલી અને ત્યાંથી અમોને મહેસાણા સીવીલ ખાતે વધુ સારવાર માટે લઈ ગયેલા. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,આ બનાવ બનવાનું કારણ એ છે કે ચુંટણીમાં વોટ આપેલ નથી ઉમેદવાર હારી ગયેલ છે તે બાબતે અદાવત રાખી આ તમામ વ્યકિતઓએ એકસંપ થઈ અમારી ઉપર જીવલેણ હુમલો કરેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,મેં બનાવ સમયે પહેરેલ આછા ગુલાબી રંગનો શર્ટ જે લોહીવાળો થયેલ

હતો તે મેં પોલીસમાં રજુ કરેલ. વધુમાં સાહેદ જણાવે છે કે,મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ લોખંડની છરી, આર્ટીકલ નં. ૪ વાંસની લાકડી, આર્ટીકલ નં. ૫ લાકડી,આર્ટીકલ નં. ૬ વાંસની લાકડી, આર્ટીકલ નં. ૭ વાંસની લાકડી,આર્ટીકલ નં. ૮ ધારીયું તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૯ ધોકો બતાવવામાં આવે છે જે જોઈને જણાવું છું કે આ તે જ હથીયારો છે જેના વડે મને તથા મારા કાકા તથા મારી મમ્મીને માર મારવામાં આવેલો અને બનાવ સમયે આરોપીઓએ ધારણ કરેલા હતા. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ એક આછા ગુલાબી રંગનો શર્ટ બતાવવામાં આવે છે. જે જોઈને જણાવું છું કે આ તે જ શર્ટ છે જે મેં બનાવ સમયે પહેરેલ હતો અને પોલીસમાં રજુ કરેલ.

**એટલે કે આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં** તેઓ ફરીયાદીના ભત્રીજા થાય છે અને બનાવ સમયે તેઓ પણ બનાવ સ્થળે ફરીયાદી સાથે એટલે કે તેમના ઘરે હાજર હતા અને તેઓને પણ આરોપીઓ પૈકી આરોપી ગોપાળજી દ્વારા લાકડી વડે માથાના ભાગે  ભાગે ઈજા કરવામાં આવેલાનો ફરીયાદ પક્ષનો કેસ છે જેને આ સાહેદે પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં સમર્થન કરેલ છે. આ સાહેદે પોતાની સરતપાસમાં બનાવના દિવસે આરોપીઓ પૈકી આરોપી અશ્વિનજીએ તેમના કાકા એટલે કે ફરીયાદીને માથામાં ધારીયુ મારેલાની તેમજ આરોપી દિલીપજીએ લોખંડની છરી વડે ઈજા કરેલાની હકીકત તેમજ બાકીના આરોપીઓએ લાકડી વડે ઈજાઓ કરેલાની હકીકત અંગે સમર્થનકર્તા પુરાવો આપે છે તેમજ બનાવ સમયે આરોપીઓ પાસેના મુદ્દામાલના હથિયાર અને તેઓએ બનાવ સમયે પહેરેલ કપડાં પણ

ઓળખી બતાવેલ છે. એટલે કે આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં ફરીયાદીની ફરીયાદ તેમજ પોલીસ રૂબરૂના નિવેદનોને સમર્થનકર્તા પુરાવો રેકર્ડ ઉપર રજુ કરે છે. જો કે આ સાહેદને આરોપી ગોપાળજીએ લાકડી વડે ઈજાઓ કરેલાની હકીકત અગાઉ મેડીકલ ઓફીસરશ્રીના પુરાવાની કરેલ ચર્ચા ધ્યાને લેતાં પુરવાર થતી નથી પરંતુ તે સિવાય અન્ય હકીકતો અંગે આ સાહેદનો પુરાવો સમર્થનકારી છે.

**આ સાહેદ બચાવ પક્ષ દવારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં** ધ્યાને લઈએ તો તેઓએ જણાવેલ છે કે, ફરીયાદી મારા કાકા થાય છે. તે વાત ખરી છે કે મારા કાકા દરરોજ નવરાશની પળોમાં અમારા ઘરે આવીને બેસતા હોય છે. તે વાત ખરી છે કે બનાવ બની ગયા બાદ મહોલ્લાના બીજા માણસો ત્યાં આવી ગયેલા. આ બનાવ અડધો કલાક જેટલો ચાલેલો. તે વખતે મહોલ્લાની કોઈ પબ્લીક આવેલ ન હતી. માથાકુટ ચાલતી હતી તે દરમ્યાન અમારા ઘર આગળ કોઈની આવન જાવન ચાલુ ન હતી.એટલે કે આ સાહેદની ઉલટ તપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં તેમના કાકા નવરાશની પળોમાં તેમના ઘરે આવતા હોવાનું અને બનાવ સમયે કોઈ પબ્લીક આવેલ ન હતી અને બનાવ વખતે તેમના ઘર આગળ કોઈની આવન જાવન ચાલુ ન હોવાનું જણાવેલ હોઈ ફરીયાદ પક્ષે બનાવ સમયે હાજર સાહેદોનો એકલાનો જ પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તેને સમર્થન મળે છે. વધુમાં આ સાહેદે એ હકીકત પણ સ્વીકારેલ છે કે, ચાલુ સરપંચ મિસ્ત્રી ચંદુભાઈ હરજીજીના હરીફ ઉમેદવાર હતા. જો કે તેઓએ ચુંટણીના દિવસોમાં તેમના કાકા ચંદુભાઈના ટેકેદાર હોવાની

તેમજ તેમના કાકાના કહેવાથી તેમને સમગ્ર પરિવાર ચંદુભાઈનો ટેકેદાર હોવાની હકીકત નકારી કાઢેલ છે. જો કે તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, ચુંટણીમાં બે જ ઉમેદવારો હતા અને ચુંટણી અગાઉ તેમના કાકા અને હરજીજીને કોઈ અદાવત ન હતી અને મનદુઃખ થયેલ ન હતુ. વધુમાં સદર સાહેદે બચાવ પક્ષની ઉલટ તપાસમાં એ હકીકત નકારી કાઢેલ છે કે, ડોકટર રૂબરૂની હીસ્ટ્રી તેઓએ લખાવેલ નહી પરંતુ તેમના પિતાએ લખાવેલ અને એ જ રીતે મહેસાણા ડોકટર રૂબરૂની હીસ્ટ્રી તેઓએ લખાવેલ ન હતી પરંતુ તેમની સાથેના માણસો તથા તેમના પિતાજીએ લખાવેલ હોવાની હકીકત નકારી કાઢેલ છે. વધુમાં તેઓએ તેમના ઘરની બહાર ઓટલો હોવાની અને આર.સી.સી. રોડ આવેલાની હકીકત સ્વીકારેલ છે પરંતુ આરોપીઓએ માર મારેલ નથી પરંતુ ઝપાઝપીમાં નીચે પડી જવાથી આર.સી.સી.નો રોડ માથામાં વાગવાથી ઈજા થયેલાની હકીકત નકારી કાઢેલ છે. એટલે કે આ કામે બચાવ પક્ષનો બચાવ કે સાહેદ મહેશજીને આર.સી.સી. રોડ ઉપર પડી જવાથી ઈજા થયેલ હોવાની હકીકત આ સાહેદની ઉલટ તપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં સમર્થન મળતુ નથી. વધુમાં આ સાહેદની ઉલટ તપાસની હકીકત ધ્યાને લેતાં ચુંટણી બાદ સદરહું બનાવ બનેલાની હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં આ કામે સદરહું સાહેદે તેમની ઉલટ તપાસમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, આજે મે જે હથિયારો ઓળખેલા છે તે પોલીસે મને બતાવેલા નહી અને તેનુ વિગતવારનું વર્ણન તેમના જવાબમાં લખાવેલ નથી. એટલે કે આ કામે આ સાહેદની ઉલટ તપાસની આ હકીકત ધ્યાને લેતાં મુદ્દામાલના હથિયાર પોલીસે તેમને બતાવેલ હોય

અને ત્યારબાદ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ હોય તેને સમર્થન મળતું નથી પરંતુ જે હથિયારો સાથે આરોપીઓ આવેલા તે કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. વધુમાં તેઓએ તેમની ઉલટ તપાસમાં ચુંટણીની અદાવતના કારણોસર તેમના કાકાએ ખોટો બનાવ ઉભો કરેલાની અને ફરીયાદી તેમના કાકા હોવાથી તેને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાનું નકારી કાઢેલ છે.

એટલે કે આ કામે ફરીયાદીને તથા આ સાહેદને થયેલ ઈજા ધ્યાને લેતાં તેમજ આ સાહેદની બનાવ સમયે હાજરી અને તે અંગેનો આરોપીઓની ગુનાહીત કૃત્યમાં સંડોવણી અંગેનો રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં ચુંટણીની અદાવતના કારણો ખોટો બનાવ ઉભો કરેલાની હકીકતને સમર્થન મળતું નથી. ઉલટાનું આ કામે ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં ચુંટણીની અદાવતના કારણે હાલનો હુમલો આરોપીઓએ કરેલ છે અને સદર સાહેદના પુરાવામાં આરોપીઓની ગુનાહીત કૃત્યમાં સંડોવણી અંગેનો સ્પષ્ટ અને આધારભુત પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે જે નહી માનવા માટે કોઈ કારણ નથી.

ફરીયાદ પક્ષે **સાહેદ જતનબેન હેમતાજીને આંક-૩૯થી** તપાસવામાં આવેલ છે.આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ચૈત્ર માસમાં પુનમના દીવસે એટલે કે આશરે દોઢેક વર્ષ પહેલાં બનેલો અને તે દીવસે બપોરે બે થી અઢી વાગ્યાના ગાળામાં ઓસરીમાં હું બેઠેલી હતી અને તે વખતે ટીકાજી ઉર્ફે જીવણજી તથા કરણાજી બંને ધોકા લઈને આવેલા અને તેઓ અમને ધમકી આપવા

આવેલા અને કહેલ કે, ''તમને મારવા છે'' સરપંચની ચુંટણીમાં વિષ્ણુજી હારેલા તેથી તેઓ ધમકી આપવા આવેલા. ત્યારબાદ તે જ દીવસે સાંજે સાડા છ વાગ્યે હું મારા ઘરની ઓસરીમાં બેઠેલ હતી તે સમયે હરજીજી, ગોપાળજી, વિષ્ણુજી, ટીકાજી, મણાજી, વિપુલજી, અશ્વિનજી તથા અભુજી અમારા ઘરના આંગણા પાસે ઓસરી પાસે આવેલા. તે સમયે વિપુલના હાથમાં ધોકો, હરજીજીના હાથમાં લાકડી, ગોપાળજીના હાથમાં લાકડી, ટીકાજીના હાથમાં લાકડી, વિષ્ણુજીના હાથમાં લાકડી, અશ્વિનના હાથમાં ધારીયું તથા દીલીપજીના હાથમાં છરી હતી. આ લોકો બધા એક સંપ થઈને આવેલા અને મારા જેઠ બાબુજી કે જેઓ અમારા આંગણે ઉભેલા હતા તેમના ઉપર હુમલો કરેલો અને તે સમયે મારા જેઠ સાથે મારો દીકરો મહેશ પણ ઉભેલ હતો. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,આ હુમલામાં અશ્વિનજીના હાથમાં જે ધારીયું હતું તે મારા જેઠ બાબુજીના માથામાં મારેલું જેથી મારા જેઠ પડી ગયેલા. તે સમયે દીલીપજીએ તેમના હાથમાંની છરી મારા જેઠને માથામાં મારવા જતાં તેઓએ ડાબો હાથ વચ્ચે લાવતાં તે છરી હાથની પહેલી આંગળીએ વાગેલી અને તે બધા લોકો એવું કહેતા હતા કે,''જાનથી મારી જ નાખવા છે'' તે સમયે હું મારી ઓસરીમાં હતી ત્યાંથી દોડીને છોડાવવા વચ્ચે પડતાં લાકડી મને જમણા ગાલના નીચેના ભાગે વાગેલી અને મેં ઘરગથ્થુ સારવાર કરાવેલી. વધુમાં સાહેદ જણાવે છે કે,આ હુમલામાં ગોપાળજીએ તેમના હાથમાંની લાકડી મારા દીકરા મહેશને માથાના ભાગે મારેલી.આ બનાવમાં મારા જેઠને બચવાની આશા ન હતી અને મારા દીકરાને પણ ખુબ લોહી નીકળેલ હતું. મારા દીકરાને ત્રણ-ચાર ટાંકા આવેલા.આ બનાવ ચાલુ હતો

ત્યારે આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલા અને તે લોકોએ અમોને બધાને છોડાવેલા અને આ બધા મારવા આવેલા ઈસમોએ અમોને કહેલ કે, ''તમોને તો જાનથી જ મારી નાખવા છે'' વધુમાં સદર સાહેદ જણાવે છે કે, આ બનાવ બનવાનું કારણ એ છે કે ઉમેદવાર ચુંટણીમાં હારી ગયા એટલે તેની અદાવત રાખીને અમારી ઉપર જીવલેણ હુમલો કરેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,મારા જેઠ અને મારા દીકરાને સૌ પ્રથમ સારવાર માટે બેચરાજી સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે મહેસાણા સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા. બનાવ અંગેની ફરીયાદ મારા જેઠે આપેલી. પોલીસે મારી પુછપરછ કરી મારો જવાબ લીધેલો તથા મેં પોલીસને ગુન્હાવાળી જગ્યા જે મારા ઘર આગળ મારા આંગણમાં આવેલ છે તે બતાવેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ લોખંડની છરી, આર્ટીકલ નં. ૪ વાંસની લાકડી,આર્ટીકલ નં.૫ લાકડી, આર્ટીકલ નં.૬ વાંસની લાકડી,આર્ટીકલ નં.૭ વાંસની લાકડી, આર્ટીકલ નં.૮ ધારીયું તથા મુ દ્દામાલ આર્ટીકલ નં. ૯ ધોકો બતાવવામાં આવે છે જે જોઈને જણાવું છું કે આ તે જ હથીયારો છે જેના વડે મને તથા મારા જેઠ તથા મારા દીકરાને માર મારવામાં આવેલો અને બનાવ સમયે આરોપીઓએ ધારણ કરેલા હતા.

**એટલે કે આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને** લેવામાં આવે તો બનાવના દિવસે બપોરે બે થી અઢી વાગ્યાના ગાળામાં આરોપી ટીકાજી ઉર્ફે જીવણજી તથા કરણાજી બંને ધોકા લઈને આવેલા અને તેઓ અમને ધમકી આપવા આવેલા અને કહેલ કે,

''તમને મારવા છે'' સરપંચની ચુંટણીમાં વિષ્ણુજી હારેલા તેથી તેઓ ધમકી આપવા આવેલા ની અને ત્યારબાદ તે જ દિવસે સાંજે હાલનો બનાવ બનેલાની હકીકત નીકળી આવે છે. વધુમાં આ સાહેદની સરતપાસની હકીકત ધ્યાને લેતાં ફરીયાદી ઈજા પામનાર તેમના જેઠ થાય છે અને બનાવ સમયે તેઓ તેમના ઘરની ઓસરીમાં હતા અને બનાવ બનતાં તેઓ છોડાવવા વચ્ચે પડતાં તેઓને પણ આરોપી નં. ૩ જીવણજી ઉર્ફે ટીકો મણાજીનાઓએ લાકડીથી મોંઢાના ભાગે ઈજા કરેલાનું જણાવેલ છે. એટલે કે આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં બનાવ સમય અને સ્થળે તેઓની હાજરી હોવાનું અને બનાવ સમયે કયા આરોપી શું હથિયાર લઈને કોને કઈ ઈજા કરેલ તે અંગે જે પુરાવો આપેલ છે તે ધ્યાને લેતાં ફરીયાદીની ફરીયાદ તેમજ તેમના પોલીસ રૂબરૂના નિવેદનોને સમર્થનકર્તા છે.

**આ સાહેદની બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ** જોઈએ તો તેઓએ જણાવેલ છે કે, તે વાત ખરી છે કે ફરીયાદી મારા જેઠ થાય છે. તે વાત ખરી છે કે અમારૂ, અમારા જેઠ અને આરોપીઓનું મકાન એક જ શેરી (મહોલ્લા) માં આવેલ છે. ઝઘડો થયો તે વખતે ત્યાં કોઈ હતું નહી પરંતુ ઝઘડો થયા બાદ ત્યાં પબ્લીક ભેગી થયેલી.આ ઝઘડો દસ મીનીટ ઉપરાંતના સમય સુધી ચાલેલો.બનાવમાં મને વાગેલ પરંતુ મેં કોઈ સારવાર કરાવેલ નહી ઘરગથ્થુ ઉપચાર કરેલા.બનાવ બન્યા બાદ હું મારા દીકરા અને જેઠ સાથે શંખલપુર સરકારી દવાખાને ગયેલી.અમો મહેસાણા સીવીલ હોસ્પિટલમાં સાથે ગયેલ ન હતા.બનાવના બીજા દીવસે પોલીસ મારો જવાબ લેવા આવેલી. બનાવના બીજા દીવસે પોલીસ આવી

ત્યારેહું,મારો દીકરો કીરણ અને તેની વહુ વિગેરે લોકો ભેગા થયેલા.તે વાત ખરી નથી કે પોલીસે ફકત મારૂ નામ અને સરનામુ પુછેલું અને બાકીની બધી વિગત મારા દીકરા કીરણે લખાવેલી. ભાવુજી ગલાજી ઠાકોર મારા ભત્રીજા થાય છે. તે બીજા દીવસે પોલીસ આવી ત્યારે હાજર હતા કે કેમ ? તે હાલ મને યાદ નથી. તે વાત ખરી છે કે મારા દીકરા અને બીજાએ વાત કરતાં ભાવુજી ત્યાં આવેલા. તે વાત ખરી નથી કે બનાવવાળી જગ્યા મેં પોલીસને બતાવેલ નથી. તે વાત ખરી છે કે આજરોજ મેં કોર્ટમાં જે હથીયાર ઓળખી બતાવેલ છે તે બનાવ બન્યા બાદ આજરોજ પ્રથમવાર કોર્ટમાં જોયેલ છે. તે વાત ખરી નથી કે બનાવ સમયે કયું હથીયાર કયા આરોપીના હાથમાં હતું? તે હું જાણતી નથી. તે વાત ખરી નથી કે મારા દીકરાને ધકકામુકકીમાં આર.સી.સી. રોડ ઉપર પડી જવાથી માથાના ભાગે ઈજા થયેલી અને મારા જેઠને પડી જવાથી આંગળીમાં ઈજા થયેલી. તે વાત ખરી નથી કે ધકકામુકકીમાં પડી જવાથી અમારા ઘરનો દરવાજો મારા જેઠના માથામાં વાગવાથી તેમને ઈજા થયેલ છે.તે વાત ખરી નથી કે બનાવ પહેલાં ગામમાં આગેવાની બાબતે મારા જેઠ અને હરજીજી વચ્ચે મનદુ:ખ હતું. તે વાત ખરી નથી કે બનાવ સમયે આરોપીઓ સ્થળ ઉપર હાજર ન હતા અને તેઓ પાસે કોઈ હથીયાર ન હતા અને તેઓએ કોઈ હુમલો કરેલ ન હોવા છતાં ફરીયાદ મારા જેઠે આપેલ હોવાથી તેઓની ફરીયાદને સમર્થન આપવા સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. તે વાત ખરી નથી કે ચુંટણીમાં અમો હરીફ ઉમેદવાર ચંદુભાઈ મિસ્ત્રીના ટેકેદાર હોવાના કારણોસર આરોપીઓ સામે ખોટી ફરીયાદ આપેલ છે.

**એટલે કે આ સાહેદની ઉલટ તપાસની ઉપરોકત હકીકત** ધ્યાને લેતાં બચાવ પક્ષ દ્વારા એ હકીકત લાવવાનો પ્રયત્ન કરવામાં

આવેલ છે કે, બનાવ વખતે ધક્કામુકીમાં પડી જવાથી સાહેદના દિકરા મહેશજીને આર.સી.સી. રોડ ઉપર પડી જવાથી તેમજ ફરીયાદી ઈજા પામનાર તેમના જેઠને ઘરનો દરવાજો માથામાં વાગવાથી ઈજા થયેલાની હકીકત અને પોલીસ રૂબરૂનો જવાબ તેમના દિકરા કિરણે લખાવેલાની હકીકત તેમજ બનાવ સમયે આરોપીઓ સ્થળ ઉપર હથિયાર સાથે હાજર નહી હોવાની હકીકત લાવવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ આ સાહેદે તે હકીકતનો ઈન્કાર કરેલ છે અને બનાવ તેઓએ નજરો નજર જોયેલ હોવાનો અને આરોપીઓની ગુનાહીત કૃત્યમાં સંડોવણી અંગેનો સમર્થનકર્તા પુરાવો આપેલ છે. એટલે કે આ સાહેદની ઉલટ તપાસમાં એવી કોઈ હકીકત નીકળી આવતી નથી કે બનાવ સમયે આરોપીઓની હાજરી નહતી અને તેમની ખોટી રીતે સદરહું ગુનામાં સંડોવણી કરવામાં આવેલાનું માની શકાય.

આ કામે ફરીયાદ પક્ષે **સાહેદ હેમતાજી રાયાજીને આંક-૪૦ થી** તપાસવામાં આવેલ છે.આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,બનાવના દીવસે પહેલાં બપોરે બે વાગ્યે કરણાજી અને જીવણજી બંને ભાઈઓએ મારા ભાઈ બાબુભાઈને ધમકી આપેલી. તે દીવસે પહેલાં આ બંને ભાઈઓએ મને ધમકી આપેલી કે, ''તમે વોટ આપેલ નથી'' તે બાબતે ધમકી આપેલી અને પછી બધા ભેગા થઈ તે બધાને લઈ ગયેલા.ત્યારબાદ તે દીવસે સાંજે સાડા છ વાગ્યે તે બધા બીજી વખત આવેલા. તે વખતે મણાજી, અભુજી, જીવણજી, દીલીપજી, અશ્વિન, ગોકુજી, વિપુલ તથા વિષ્ણુજી અમારા ઘરના આંગણે આવેલા

તે સમયે હું તથા મારી પત્નિ મારા ઘરમાં હતા અને આંગણામાં તે વખતે મારો દીકરો મહેશજી અને મારો ભાઈ બાબુજી હતા. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,તે વખતે અશ્વિનના હાથમાં ધારીયું હતું અને તે ધારીયું બાબુજીને માથામાં મારેલું જેથી તેઓ પડી ગયેલા અને તેમણે ઉભા થઈને નાસવાનો પ્રયત્ન કરેલો અને તે વખતે અભુજી અને મણાજી બંને જણાએ મારા ભાઈને પકડી રાખેલા અને પછી દીલીપજીએ તેના હાથમાંની છરી મારા ભાઈને માથામાં મારવાનો પ્રયત્ન કરેલો પરંતુ મારા ભાઈએ હાથ આડો કરતાં તેના ડાબા હાથની પહેલી આંગળી ઉપર છરી વાગેલી.તે સમયે બીજા ચાર જણા એટલે કે ગોકુજી, હરજીજી, વિષ્ણુજી અને જીવણજી ના હાથમાં લાકડીઓ હતી અને વિપુલના હાથમાં ધોકો હતો અને આ બધા મારા ભાઈને મારતા હતા અને આ બનાવમાં મારા દીકરા મહેશજીને પણ ગોકુજીએ લાકડી માથામાં મારેલી.બનાવમાં મારી પત્નિને જીવણજીએ લાકડી જમણા ગાલના નીચેના ભાગે મારેલી.મારા ભાઈ બાબુજી તેમજ મારા દીકરા મહેશને શંખલપુર- બેચરાજી સિવિલ હોસ્પિટલમાં લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે મહેસાણા સીવીલમાં લાવેલા. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ લોખંડની છરી, તથા નં. ૪ વાંસની લાકડી તથા નં.૫ લાકડી તથા નં.૬ વાંસની લાકડી તથા નં. ૭ વાંસની લાકડી તથા નં.૮ ધારીયું તથા નં. ૯ ધોકો બતાવવામાં આવે છે જે જોઈને જણાવું છું કે આ તે જ હથીયારો છે જેના વડે મને તથા મારા જેઠ તથા મારા દીકરાને માર મારવામાં આવેલો અને બનાવ સમયે આરોપીઓએ ધારણ કરેલા હતા. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,આ બનાવ બનવાનું કારણ

એ છે કે ઉમેદવાર ચુંટણીમાં હારી ગયા એટલે તેની અદાવત રાખીને અમારી ઉપર જીવલેણ હુમલો કરેલ છે.

**એટલે કે આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં** તેઓ ફરીયાદ પક્ષના કેસ મુજબ બનાવના નજરે જોનાર સાહેદ છે અને સદરહું સાહેદે તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં બનાવના દિવસે બપોરે બે વાગે આરોપી કરણાજી અને જીવણજીએ તેમના ભાઈ એટલે કે ફરીયાદીને ધમકી આપેલ કે, તમે વોટ આપેલ નથી અને ત્યારબાદ સાંજે સાડા છ વાગે બધા આરોપીઓ બીજી વખત તેમના ઘરે આવેલા અને તે સમયે તેઓ તથા તેમની પત્ની તેમના ઘરમાં આંગણામાં હતા અને તેમનો દિકરો મહેશજી અને તેમના ભાઈ બાબુજી હતા ત્યારે આરોપીઓ હથિયારો સાથે આવેલા અને આરોપી અશ્વિનજીએ ફરીયાદી બાબુજીને માથામાં ધારીયુ તેમજ અભુજી અને મણાજીએ તેમના ભાઈ ફરીયાદી બાબુજીને પકડી રાખેલ અને આરોપી દિલીપજીએ હાથમાંની છરી માથામાં મારવાનો પ્રયત્ન કરતાં ફરીયાદીએ હાથ આડો કરતાં ડાબા હાથની પહેલી આંગળી ઉપર મારેલ અને બીજા આરોપીઓએ લાકડીઓ અને વિપુલજીએ ધોકા વડે ફરીયાદી તથા સાહેદના દિકરા મહેશજી તેમજ સાહેદની પત્નીને પણ ઈજા થયેલાની હકીકત જણાવેલ છે.એટલે કે આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં તેઓએ કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ તેઓએ નજરોનજર જોયેલ છે અને તે બનાવ દરમ્યાન ફરીયાદી તથા સાહેદ મહેશજી અને સાહેદ જતનબેનને આરોપીઓ દ્વારા ઈજાઓ કરવામાં આવેલાની હકીકત અંગે સમર્થનકર્તા પુરાવો આપે છે.

**આ સાહેદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં** જણાવે છે કે, બનાવ બન્યો તે સમયે મારા ભાઈ અને દીકરો બહાર ઉભા હતા અને અમો ઘરની અંદર આંગણામાં હતા. તે વાત ખરી નથી કે બનાવની હકીકત અમોએ નજરે જોયેલ નથી પરંતુ અમારા ભાઈના કહેવાથી જાણેલ છે. બનાવના સ્થળે અમારા ઘરના સિવાય બીજા ૪૦ થી ૫૦ જેટલા માણસો ભેગા થયેલા.આ માણસો અમારા ગામના અને મહોલ્લાના પરીચીત માણસો હતા.બનાવ બન્યા બાદ હું મારા દીકરા અને ભાઈ સાથે બહુચરાજી તથા મહેસાણા ગયેલ ન હતો. હું મહેસાણા આવેલ ન હતો. પોલીસે મારો જવાબ ઘરે લીધેલો. તે વાત ખરી નથી કે પોલીસે ફકત મારૂ નામ અને સરનામું પુછેલું અને મારો જવાબ કીરણજીએ લખાવેલ છે. તે વાત ખરી નથી કે મારા દીકરા મહેશજીને ઝપાઝપીમાં રોડ ઉપર પડી જવાથી વાગેલું. તે વાત ખરી નથી કે મારા ભાઈને માથામાં જે વાગેલ છે તે ઈજા ઝપાઝપીમાં દરવાજા સાથે અથડાવાથી થયેલ છે. તે વાત ખરી નથી કે ચુંટણી વખતે અમોએ મિસ્ત્રી ચંદુભાઈને ટેકો આપેલો. તે વાત ખરી નથી કે બનાવ પહેલાં ગામમાં આગેવાની બાબતે મારા ભાઈ અને હરજીજી વચ્ચે મનદુ:ખ હતું. તે વાત ખરી નથી કે બનાવ સમયે આરોપીઓ સ્થળ ઉપર હાજર ન હતા અને તેઓ પાસે કોઈ હથીયાર ન હતા અને તેઓએ કોઈ હુમલો કરેલ ન હોવા છતાં ફરીયાદ મારા ભાઈએ આપેલ હોવાથી તેઓની ફરીયાદને સમર્થન આપવા સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. તે વાત ખરી નથી કે ચુંટણીમાં અમો હરીફ ઉમેદવાર ચંદુભાઈ મિસ્ત્રીના ટેકેદાર હોવાના કારણોસર આરોપીઓ સામે ખોટી ફરીયાદ આપેલ છે.તે વાત ખરી છે કે મેં

મારા પોલીસ રૂબરૂના જવાબમાં એવું લખાવેલ નથી કે,''આ બંને ભાઈઓએ મને ધમકી આપેલી કે, ''તમે વોટ આપેલ નથી''

એટલે કે આ સાહેદની **ઉલટ તપાસની** ઉપરોકત હકીકત ધ્યાને લેતાં બચાવ પક્ષ દ્વારા એ હકીકત લાવવાનો પ્રયત્ન કરેલ છે કે, તેઓએ બનાવ નજરે જોયેલ નથી તેમજ બનાવ સ્થળે આરોપીઓની હથિયારો સાથે હાજરી ન હતી પરંતુ ચુંટણીની અદાવતના કારણે તેમને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે જેનો આ સાહેદે ઈન્કાર કરેલ છે અને પોતાની ઉલટ તપાસમાં પણ બનાવ તેઓએ નજરોનજર જોયેલાની અને આરોપીઓ દ્વારા ગુનાહીત કૃત્ય કરેલ તે અંગેની હકીકતને વળગી રહેલ છે. એટલે કે આ સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષે બનાવના નજરે જોનાર સાહેદ તરીકે સ્પષ્ટ, આધારભુત અને માનવાલાયક હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

ફરીયાદ પક્ષે **સાહેદ ઠાકોર કિરણજી હેમતાજીને આંક-૫૪ થી** તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,બનાવ તા.૧૧/૦૪/૧૭ નારોજ દીવસે બપોરે અઢી વાગ્યાના સુમારે હું મારા ઘરે હાજર હતો અને તે વખતે મારા ઘરની સામે બાબુજી રાયાજી ઠાકોર ઉભેલા હતા તે વખતે જીવણજી અને કરણાજી બંને બાબુજીને ગાળો બોલતા હતા અને તેઓ વોટીંગ બાબતે ગાળો બોલતા હતા અને તેઓ કહેતા હતા કે, ''વોટીંગમાં તમે વોટ નથી આપેલા'' વધુમાં સદર સાહેદ જણાવે છે કે,ત્યારબાદ તે દીવસે સાંજના સાડા છ વાગ્યે બાબુજી ઠાકોર અમારા ઘરના ઓટલા ઉપર બેઠેલા

હતા અને હું તે વખતે મારા ઘરની બાજુમાં આવેલ મારી ભેંસના છાપરામાં હતો અને તે વખતે જીવણજી મણાજી, મણાજી માસંગજી, દીલીપજી વરસંગજી, ગોકુજી માનસંગજી, અશ્વિનજી ગોપુજી ,વિપુલજી ગોપુજી, અભુજી મણાજી, વિષ્ણુજી હરજીજી અને હરજીજી માસંગજી તેઓ બધા આવેલા અને તેઓ હાથમાં મારક હથીયાર લાકડીઓ, ધારીયું, છરી અને ધોકા જેવા હથીયારો ધારણ કરી આવેલા અને આ બધા મારક હથીયારો ધારણ કરીને આવેલા અને ઠાકોર બાબુજીને મારવા લાગેલા. અશ્વિનજીએ તેમના હાથમાંનું ધારીયું બાબુજીના માથામાં મારેલું અને ઠાકોર દીલીપજીએ બાબુજીને માથામાં મારવા જતાં તેઓએ જમણા હાથ આડો કરતાં તેની પહેલી આંગળીએ છરી મારેલી અને મારા ભાઇ મહેશજીને માથામાં ગોકુજીએ લાકડી મારેલી અને મારી મમ્મી જતનબેનને જીવણજીએ મોંઢા ઉપર લાકડી મારેલી. આ બધા મારવા લાગેલા અને ગાળો બોલવા લાગેલા. મણાજી અને અભુજી બંને જણાએ બાબુજીના હાથ પકડી રાખેલા અને કહેલ કે, ''આને મારી નાખવો છે'' વધુમાં સાહેદ જણાવે છે કે, ત્યારપછી ૧૦૮ ને કોઇએ ફોન કરતાં બાબુજી ઠાકોર અને મારા ભાઈ મહેશજીને બેચરાજી સિવિલ હોસ્પિટલમાં સારવાર સારૂ લઈ જવામાં આવેલા અને આ બધાએ હુમલો મારા ભાઈ તથા મારા કાકા ઉપર એટલા માટે કરેલો કે તે બધા એમ કહેતા હતા કે, ''તમોએ વોટ આપેલ નથી'' . વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ત્યારબાદ બાબુજી ઠાકોર અને મારા ભાઈ મહેશજીને વધુ સારવાર માટે સીવીલ હોસ્પિટલ, મહેસાણા ખાતે લાવવામાં આવેલા. પોલીસે બનાવ અંગે મારી પુછપરછ કરી મારો જવાબ લીધો હતો. હું આરોપીઓને ઓળખું છું. જેઓ આજરોજ નામ. કોર્ટમાં હાજર છે.

**એટલે કે આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને** લેતાં તેઓ પણ ફરીયાદ પક્ષના કેસ મુજબ તેઓ પણ બનાવના નજરે જોનાર સાહેદ છે અને પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થન કરેલ છે તેમજ આ કામે બનાવ બન્યો તે પહેલા બપોરે અઢી વાગ્યાના સુમારે તેઓ ઘરે હતા ત્યારે જીવણજી અને કરણાજી બંને તેમના ઘરે આવેલા અને તેમા ઘરની સામે બાબુજી રાયાજી એટલે કે ફરીયાદી ઉભા હતા ત્યારે જીવણજી અને કરણાજી બંને બાબુજીને ગાળો બોલતા હતા અને વોટીંગ બાબતે ગાળો બોલી કહેતા હતા કે "વોટીંગમાં તમે વોટ નથી આપેલા" અને ત્યારબાદ તે જ દિવસે સાંજના સાડા છ વાગે બાબુજી ઠાકોર એટલે કે ફરીયાદી સાહેદના ઘરના ઓટલા ઉપર બેઠેલા હતા ત્યારે તમામ આરોપીઓ એકસંપ થઈ હથિયારો ધારણ કરી તેમના ઘરે આવેલા અને ફરીયાદી તથા સાહેદ મહેશજી તેમજ સાહેદ જતનબેનને આરોપીઓએ તેમની પાસેના હથિયારોથી ઈજાઓ પહોંચાડેલ. એટલે કે આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં તેઓએ પોતાની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં કયા આરોપી પાસે શુ હથિયાર હતા અને તેઓએ કોને કયા હથિયારથી શું ઈજા પહોંચાડેલ છે તે અંગે સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે અને તેમના પોલીસ રૂબરૂના નિવેદનને વળગી રહેલ તે ધ્યાને લેતાં બનાવ સમયે આરોપીઓની બનાવ સ્થળે હથિયારો સાથે હાજરી અને તેઓના દ્વારા ગુનાહીત કૃત્ય કરવામાં આવેલાની હકીકત અંગે અને બનાવ આ સાહેદે નજરો નજર જોયેલાની હકીકત અંગે સમર્થનકર્તા પુરાવો રેકર્ડ ઉપર આવે છે.

**આ સાહેદ બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં** જણાવે છે કે,તે વાત ખરી છે કે હું, મારા મમ્મી–પપ્પા, મહેશજી તથા મારા ભાભી બધા સાથે સંયુકત કુટુંબમાં રહીએ છીએ. તે વાત ખરી છે કે અમો અને આરોપીઓ વર્ષોથી એક જ મહોલ્લામાં રહેતા હોઈ બધાને નામજોગ ઓળખીએ છીએ. આરોપીઓના મકાન બાબુજીના મકાનની લાઈનમાં પાછળ આવેલા છે.હાલમાં હું નોકરી કરૂ છું અને બનાવ સમયે ખેતીકામ કરતો હતો. તે વાત ખરી છે કે સામાન્ય રીતે ખેતીકામ કરવા માટે સવારે જઈએ તો સાંજે પરત આવતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે દીવસે હું ઘરે જ હતો.મારા ઘરની આગળ ખુલ્લો ચોક આવેલ છે જયાં મહોલ્લાની વસ્તી નવરાશની પળોમાં બેસતી હોય છે. મને દીશાઓમાં ખબર પડતી નથી. અમારા ઘરની આગળ અને પાછળની બંને સાઈડે રસ્તો આવેલ છે.તે વાત ખરી છે કે મારા બાપુજી બાબુજી દરરોજ બેસવા ઉઠવા અમારા ઘરે આવતા હોય છે. તે વાત ખરી છે કે હરજીજી સરપંચના ઉમેદવાર હતા અને તેમની સામેના ઉમેદવાર ચંદુભાઈ મિસ્ત્રી હતા.તે વાત ખરી છે કે ઈલેકશનમાં અમોને ચંદુજી ઉમેદવાર તરીકે સારા લાગેલા અને અમો બધા તેમના ટેકેદાર હતા.તે વાત ખરી નથી કે બનાવ બન્યો તે સમયે હું સ્થળ ઉપર હાજર ન હતો. સાંજે બનાવ બન્યો ત્યારે હું છાપરામાં બેસેલો હતો. બનાવ અંદાજે અડધો કલાક જેટલો ચાલેલો. મહોલ્લામાં ૫૦ થી ૬૦ જેટલા માણસો ભેગા થઈ ગયેલા. જેઓ અમારા પરીચીત વ્યકિતઓ હતા.હું તેઓની સાથે બહુચરાજી કે મહેસાણા મુકામે ગયેલ ન હતો.તેવાત ખરી નથી કે મારા ભાઈને માથામાં જે ઈજા થયેલી તે પડી જવાથી થયેલી. તે વાત ખરી નથી કે અમો મારા મોટા બાપુજી બાબુજીને અને મહેશભાઈને આરોપીઓએ જે ઈજા કરેલાનું

જણાવીએ છીએ તે ખોટી વાત જણાવીએ છીએ. તે વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ નથી, આરોપીઓએ માર મારેલ નથી પરંતુ ચુંટણીની અદાવતના કારણોસર ખોટી ફરીયાદ કરેલ છે.

એટલે કે આ સાહેદની **ઉલટ તપાસની** ઉપરોકત હકીકત ધ્યાને લેતાં બચાવ પક્ષ ધ્વારા એ હકીકત લાવવાનો પ્રયત્ન કરેલ છે કે, આ કામે આરોપીઓની બનાવ સ્થળે હથિયારો સાથે હાજરી ન હતી અને ચુંટણીની અદાવતના કારણે ખોટી રીતે સંડોવી દીધેલ છે તેમજ ફરીયાદી તથા સાહેદ મહેશજીને જે ઈજાઓ થયેલ છે તે આરોપીઓએ કરેલ નથી જે હકીકતનો આ સાહેદે ઈન્કાર કરેલ છે અને પોતાની ઉલટ તપાસમાં પણ બનાવ તેઓએ નજરોનજર જોયેલાની અને આરોપીઓ ધ્વારા ગુનાહીત કૃત્ય કરેલ તે અંગેની હકીકતને વળગી રહેલ છે. એટલે કે આ સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષે બનાવના નજરે જોનાર સાહેદ તરીકે સ્પષ્ટ, આધારભુત અને માનવાલાયક હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

ફરીયાદ પક્ષે **સાહેદ ઠાકોર શારદાબેન મહેશજીને આંક-૫૫ થી** તપાસવામાં આવેલ છે.આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,બનાવ આશરે દોઢ વર્ષ પહેલાં ગયા ચૈત્ર માસમાં બપોરે અઢી વાગ્યે બનેલો અને તે દીવસે અમે બધા ઘરે હતા.તે દીવસે જીવણજી તથા કરણાજી બંને જણા મારા ઘરે આવેલા અને મારા બાપુજી બાબુજી એ પણ મારા ઘરે હાજર હતા તેમને આ બંને જણા ગાળો દેવા લાગેલા અને વોટમાં હારી જવા બાબતે તેઓ ગાળો બોલેલા.ત્યારબાદ તે દીવસે સાંજે સાડા છ વાગ્યે હું મારા ઘરે ભેંસોના છાપરા આગળ હતી અને મારી સાથે મારો દીયર

કીરણ તેમજ મારો નાનો છોકરો મારી સાથે હતા અને તે વખતે મારા પતિ તેમજ બાબુજી બંને મારા ઘરના ઓટલા પર બેઠેલ હતા અને ત્યાં આગળ અશ્વિન, વિપુલ, ગોપાળજી, હરજીજી, વિષ્ણુજી, દીલીપજી, મણાજી તથા અભુજી એમ કુલ મળી ૯ જણા આવેલા.અશ્વિનના હાથમાં ધારીયું હતું અને બાબુજીને માથામાં મારેલું અને બાબુજીને લોહી નીકળેલું અને તેથી અમે બધાએ બુમ પાડેલી અને બાબુજી પડી ગયેલા અને મણાજી અને અભુજીએ બાબુજીનો જમણો હાથ પકડેલો અને દીલીપજીએ તેના હાથમાંની છરી બાબુજીને ડાબા હાથે પહેલી આંગળી ઉપર મારેલી અને મારા પતિ મહેશજી તેઓને છોડાવવા ગયા ત્યારે ગોપુજીએ તેના હાથમાંની લાકડી મારા પતિ મહેશજીને માથામાં મારેલી અને મારા સાસુ ઘરમાં હતા તો તેઓ છોડાવવા ગયા ત્યારે તેઓને જમણા ગાલે જીવણજીએ લાકડીથી હુંસો મારેલો. વિપુલજી પાસે જે ધોકો હતો તેનાથી બાબુજીને મારેલા. હરજીજી જોડે લાકડી હતી તે પણ બાબુજીને મારેલી. વિષ્ણુજી આગળ લાકડી હતી તે પણ બાબુજીને મારેલી. જીવણજી આગળ પણ લાકડી હતી તે પણ બાબુજીને મારેલી.ત્યારબાદ કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલો અને મારા પતિ મહેશજી અને બાબુજીને બેચરાજી સી.એચ.સી. ખાતે સારવાર સારૂ લઈ જવામાં આવેલા અને વધુ સારવાર માટે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવેલા. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,આ બધાએ મારા પતિ અને મારા બાપુજી બાબુજી તેમજ મારી સાસુ ઉપર હુમલો કરવાનું કારણ એ છે કે અમે વોટીંગ બીજાને આપેલું તેના કારણે આ હુમલો કરેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ છરી, આર્ટીકલ નં. ૪ થી ૭ ની વાંસની લાકડીઓ,

આર્ટીકલ નં. ૮ ધારીયું તથા મુદ્ધામાલ આર્ટીકલ નં. ૯ ધોકો બતાવવામાં આવે છે જે જોઈને જણાવું છું કે આવા મુદ્ધામાલ મારક હથીયારથી મારા બાપુજી બાબુજી તેમજ મારા પતિ મહેશજી તેમજ મારા સાસુને ઈજા કરવામાં આવેલ છે.

**એટલે કે આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને** લેતાં તેઓ પણ ફરીયાદ પક્ષના કેસ મુજબ તેઓ પણ બનાવના નજરે જોનાર સાહેદ છે અને પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થન કરેલ છે તેમજ આ કામે બનાવ બન્યો તે પહેલા બપોરે અઢી વાગ્યાના સુમારે તેઓ ઘરે હતા ત્યારે જીવણજી અને કરણાજી બંને તેમના ઘરે આવેલા અને તેમા ઘરની સામે બાબુજી રાયાજી એટલે કે ફરીયાદી ઉભા હતા ત્યારે જીવણજી અને કરણાજી બંને બાબુજીને ગાળો બોલતા હતા અને વોટમાં હારી જવા બાબતે ગાળો બોલતા હતા અને ત્યારબાદ તે જ દિવસે સાંજના સાડા છ વાગ્યાના સુમારે સાહેદના પતિ મહેશજી તેમજ બાબુજી ઠાકોર એટલે કે ફરીયાદી સાહેદના ઘરના ઓટલા ઉપર બેઠેલા હતા ત્યારે તમામ આરોપીઓ એકસંપ થઈ હથિયારો ધારણ કરી તેમના ઘરે આવેલા અને ફરીયાદી તથા સાહેદ મહેશજી તેમજ સાહેદ જતનબેનને આરોપીઓએ તેમની પાસેના હથિયારોથી ઈજાઓ પહોંચાડેલાનો સમર્થનકર્તા પુરાવો આપે છે. એટલે કે આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં તેઓએ પોતાની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં કયા આરોપી પાસે શુ હથિયાર હતા અને તેઓએ કોને કયા હથિયારથી શું ઈજા પહોંચાડેલ છે તે અંગે સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ છે અને તેમના પોલીસ રૂબરૂના નિવેદનને વળગી રહેલ

તે ધ્યાને લેતાં બનાવ સમયે આરોપીઓની બનાવ સ્થળે હથિયારો સાથે હાજરી અને તેઓના ધ્વારા ગુનાહીત કૃત્ય કરવામાં આવેલાની હકીકત અંગે અને બનાવ આ સાહેદે નજરો નજર જોયેલાની હકીકત અંગે સમર્થનકર્તા પુરાવો રેકર્ડ ઉપર આવે છે.

**આ સાહેદ બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં** જણાવે છે કે, તે વાત ખરી છે કે હેમતાજી મારા સસરા થાય છે અને બાબુજી અમારા મોટા સસરા થાય છે. અમો ડોડીવાડા ગામમાં ઠાકોરવાસમાં રહીએ છીએ અને અમારા મહોલ્લામાં ૭૦ થી ૮૦ જેટલા મકાનો આવેલા છે. અમો બે ભેંસો રાખીએ છીએ અને ખેતીકામ કરીએ છીએ. તે વાત ખરી છે કે અમો જે મહોલ્લામાં રહીએ છીએ તે જ મહોલ્લામાં આરોપીઓ રહે છે. આરોપીઓને અમો બનાવ પહેલાં નામજોગ ઓળખતા ન હતા.બનાવ બન્યો તે સમયે હું ઘરના છાપરામાં હતી. બનાવ બન્યો ત્યારે ૫૦ જેટલા માણસો ભેગા થયેલા. રસ્તા ઉપર અમારા ગામના અને બીજા ગામના માણસો ભેગા થયેલા. તે વાત ખરી છે કે અમારા ઘર આગળ ચોક છે અને ત્યાં આગળ બે રસ્તા જાય છે.બાબુજી ભણેલા માણસ છે અને તે ગામનો વહીવટ કરતા નથી. તે વાત ખરી નથી કે અમારા મહોલ્લામાં બધા બાબુજીને આગેવાન તરીકે ઓળખે છે. તે વાત ખરી નથી કે ગામની સંસ્થાઓ અને દુધ મંડળી સાથે બાબુજી સંકળાયેલા છે.બાબુજીના ઘર અને અમારા ઘર વચ્ચે ૫૦ ફુટનું અંતર છે. અમારા ઘર અને આરોપીઓના ઘર વચ્ચે ૫૦ ફુટ જેટલું અંતર છે. બધા આરોપીઓનો જવા આવવાનો રસ્તો અમારા ઘર આગળનો છે. અમારા ઘર આગળના

ચોકમાં મહોલ્લાની પબ્લીક બેસવા ઉઠવા આવતી હોય છે. તે વાત ખરી છે કે બાબુજી અમારા ઘરના ઓટલા ઉપર નવરાશની પળોમાં રોજ બેસવા આવતા હોય છે.ચુંટણીમાં હરજીજી તથા ચંદુજી સામસામે ઉભા રહેલા. તે વાત ખરી છે કે અમારો પરીવાર ચંદુજી સુથારના ટેકામાં હતો.તે વાત ખરી છે કે આજે મેં જે હથીયાર ઓળખી બતાવેલ છે તેનું વર્ણન મેં મારા જવાબમાં કરેલ નથી.તે વાત ખરી નથી કે મેં મારી સરતપાસમાં આરોપીઓના હાથમાં જે હથીયાર હોવાનું વર્ણન કરેલ છે તેવા કોઈ હથીયાર મેં આરોપી પાસે જોયેલ ન હોવા છતાં સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.તે વાત ખરી નથી કે આરોપીઓએ બાબુજીને, મારા સાસુને અને મારા પતિને માર મારેલ ન હોવા છતાં સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

એટલે કે આ સાહેદની **ઉલટ તપાસની** ઉપરોકત હકીકત ધ્યાને લેતાં બચાવ પક્ષ ધ્વારા એ હકીકત લાવવાનો પ્રયત્ન કરેલ છે કે, આ કામે આરોપીઓની બનાવ સ્થળે હથિયારો સાથે હાજરી ન હતી અને ચુંટણીની અદાવતના કારણે ખોટી રીતે સંડોવી દીધેલ છે તેમજ ફરીયાદી તથા સાહેદ મહેશજીને જે ઈજાઓ થયેલ છે તે આરોપીઓએ કરેલ નથી જે હકીકતનો આ સાહેદે ઈન્કાર કરેલ છે અને પોતાની ઉલટ તપાસમાં પણ બનાવ તેઓએ નજરોનજર જોયેલાની અને આરોપીઓ ધ્વારા ગુનાહીત કૃત્ય કરેલ તે અંગેની હકીકતને વળગી રહેલ છે. એટલે કે આ સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષે બનાવના નજરે જોનાર સાહેદ તરીકે સ્પષ્ટ, આધારભુત અને માનવાલાયક હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

(૧૭)... આ કામે **ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોકત તમામ સાહેદોના પુરાવાને એકીસાથે** વંચાણે લેવામાં આવે તો ફરીયાદી ઈજા પામનાર ઠાકોર બાબુજી રાયાજી, ઈજા પામનાર સાહેદ મહેશજી હેમતાજી તથા ઈજા પામનાર સાહેદ જતનબેન હેમતાજી તેમજ બનાવ સમયે સ્થળ ઉપર હાજર અને બનાવના અન્ય નજરે જોનાર સાહેદો હેમતાજી રાયાજી, સાહેદ કિરણજી હેમતાજી તથા સાહેદ શારદાબેન મહેશજીનો જે પુરાવો રજુ થયેલ છે તેમાં બનાવની હકીકતના વર્ણન અંગે થોડીઘણી વિસંગતા જણાઈ આવે છે પરંતુ તે સિવાય આરોપીઓની બનાવ સમય અને સ્થળે હાજરી અંગે અને તેઓએ ઈજા પામનાર ફરીયાદીને આરોપી અશ્વિનજી ગોપાળજીએ માથામાં ધારીયુ તથા ઠાકોર દિલીપજી વરસંગજીએ ડાબા હાથની આંગળી ઉપર છરી તેમજ ઠાકોર મણાજી માસંગજી તથા અભુજી મણાજીએ ફરીયાદીને પકડી રાખેલ અને બાકીના આરોપીઓ પૈકી આરોપી જીવણજી ઉર્ફે ટીકો મણાજીએ ફરીયાદીને લાકડી તેમજ સાહેદ નં. ૧૧ જતનબેનને મોંઢાના ભાગે લાકડીથી ઈજા કરેલાની હકીકત અંગે તેમજ આરોપી વિપુલકુમાર ઉર્ફે વિપુલજી ગોપાળજીએ ફરીયાદીને ધોકાથી તથા ઠાકોર હરજીજી માસંગજી એ ફરીયાદીને લાકડીથી તથા ઠાકોર વિષ્ણુજી હરજીજીનાઓએ ફરીયાદીને લાકડીથી ઈજાઓ કરેલાની હકીકત અને કોઈ જ વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી સદરહું બનાવમાં આરોપીઓની ગુનાહીત કૃત્યમાં સંડોવણી અંગેનો સ્પષ્ટ અને એકબીજાને સમર્થનકર્તા પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. જો કે આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ આરોપી ઠાકોર ગોપાળજી માસંગજીએ સાહેદ નં. ૧૦

મહેશજીને માથામાં લાકડી મારી ઈજા કરેલ હોવા અંગે મેડીકલ પુરાવા તેમજ ફરીયાદ પક્ષના અન્ય પુરાવામાં મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં આ કામે બચાવ પક્ષ ધ્વારા એ હકીકત લાવવાનો પ્રયત્ન કરેલ છે કે, ચુંટણીની અદાવતના કારણે ખોટો કેસ કરેલ છે તે હકીકત અંગે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં ચુંટણી પુરી થયા બાદ હાલનો આ બનાવ બનેલાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે જેથી આ કામે આરોપીઓ ધ્વારા ચુંટણીમાં હારી જવાથી તે અંગેનું મનદુઃખ રાખી હાલનો આ હુમલો કરવામાં આવેલાની હકીકત એટલે કે આરોપીઓનો મોટીવ પણ ફરીયાદ પક્ષ ધ્વારા પુરવાર કરવામાં આવેલ છે. એટલે કે આ કામે ફરીયાદ પક્ષના કેસ અને કથન મુજબ ચુંટણી પુર્ણ થયા બાદ તુર્તજ પરિણામ આવ્યા બાદ બપોરના બેએક વાગે આરોપી જીવણજી અને કરણાજી ફરીયાદીના ભાઈ ના ઘરે કે જયાં ફરીયાદી બેઠેલ હતા ત્યાં આવેલ છે અને તેમની સાથે ગાળાગાળી કરી તેમની સાથે ઝઘડો કરેલ છે અને ત્યારબાદ તે જ દિવસે સાંજે સાડા છ વાગ્યાના સુમારે તમામ આરોપીઓએ હથિયારો સાથે આવી ફરીયાદી સાહેદોના ઘર પાસે આવી ઝઘડો કરેલ છે અને ફરીયાદી તથા સાહેદોને ઈજાઓ પહોંચાડેલ હોવા અંગેનો પુરાવો રેકર્ડ ઉપર આવે છે તે હકીકત ધ્યાને લેતાં આરોપીઓનો મોટીવ ચુંટણીમાં હાર થવાના કારણે આ કામના ફરીયાદ પક્ષના માણસો પ્રત્યે તેમને ચુંટણીમાં હરાવવા પાછળ હાથ હોવાનું માની હાલનો હુમલો કરેલ હોવાનું પુરવાર થાય છે એટલે કે આ કામે ફરીયાદ પક્ષે આરોપીઓનો ગુનો બનવા પાછળનો મોટીવ હોવાની હકીકત પણ પુરવાર કરેલ છે. વધુમાં આ કામે ઉપરોકત તમામ સાહેદોના પુરાવાને ધ્યાને લેતાં તેમના

પુરાવામાં થોડી ઘણી વિસંગતતા આવેલ છે પરંતુ તે વિસંગતતા એટલી નથી કે જેના આધારે એવુ સાબિત થાય કે બનાવ સમયે અને સ્થળે આરોપીઓની હથિયારો સાથે હાજરી ન હતી. એટલે કે આ કામે ઉપરોકત ફરીયાદી તથા સાહેદોના પુરાવાને ઘ્યાને લેતાં ચુંટણીના પરિણામના કારણે મનદુઃખ રાખી આરોપીઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદી તથા સાહેદોને ઈજા પહોંચાડવાના સમાન હેતુથી હથિયારો સાથે આવી ફરીયાદી તથા સાહેદોને ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની હકીકત ઉપરોકત સાહેદોના પુરાવા ઉપરથી સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે જે નહી માનવા માટે કોઈ કારણ નથી.

(૧૮)... ફરીયાદ પક્ષે **સાહેદ ચૌધરી હરજીભાઈ વાઘજીભાઈને આંક-૫૭ થી** તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,હું તા.૧૨/૦૪/૧૭ ના રોજ નાયબ મામલતદાર, મહેસાણા તરીકે ફરજ દરમ્યાન પો.સ.ઈ.શ્રી, બેચરાજી પોલીસ સ્ટેશનની દર્દી નામે ઠાકોર બાબુજી રાયાજી, રહે. ડોડીવાડાવાળા સીવીલ હોસ્પિટલ, મહેસાણા ખાતે સારવાર હેઠળ હોઈ અને તેઓ સંપુર્ણ ભાનમાં હોઈ તેઓનું ડી.ડી. લેવડાવવા સારૂ ની યાદી તા. ૧૨/૦૪/૧૭ ના રોજ ૧૪:૦૦ કલાકે મળેલી. જે યાદી મને મળ્યા બાદ હું મહેસાણા ખાતે ડી.ડી. લેવા સારૂ પહોંચેલો. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, હું પ્રથમ ત્યાં ફરજ ઉપર હાજર ડોકટર સાહેબને મળેલો અને ત્યારબાદ ડોકટર સાહેબને સાથે લઈ હું પુરૂષ સર્જીકલ વોર્ડ ખાટલા નં. ૧૯ પાસે પહોંચેલો અને ત્યાં દર્દી નામે ઠાકોર બાબુજી રાયાજી ભાનમાં હોઈ તે બદલનો શેરો

ડોકટરશ્રીએ કરેલો અને ત્યારબાદ દર્દી સાથે હાજર સગા સંબંધીઓને મેં બહાર મોકલેલા અને ફરજ ઉપરના ડોકટરશ્રી પણ બહાર જતા રહેલા અને ત્યારબાદ મેં દર્દીને સામાન્ય પ્રશ્નોત્તરી કરતાં દર્દી જવાબ આપવા સારૂ માનસીક રીતે સક્ષમ જણાતા હોઈ તેમજ જવાબ લખાવવા સંમત હોઈ મેં ડી.ડી. લેવાનું કલાક ૧૪:૧૫ કલાકે શરૂ કરેલું. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ત્યારબાદ દર્દીના લખાવ્યા મુજબ ડી.ડી. લખવાનું શરૂ કરેલ અને સદરહુ ડી.ડી. પુર્ણ કયા બાદ ડી.ડી. તેઓને વાંચી સંભળાવેલું ત્યારબાદ દર્દી નામે ઠાકોર બાબુજી રાયાજીએ સદર ડી.ડી. નીચે પોતાની સહી કરેલી અને ડી.ડી. પુર્ણ થયા બાદ અમોએ તેમાં ૧૪:૪૫ કલાકના સમયની નોંધ કરેલી અને તારીખની પણ નોંધ કરેલી. સદરહુ ડી.ડી. પુર્ણ થયા બાદ દર્દી ભાનમાં હતા. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,આજરોજ હું મારી સાથે અસલ ડી.ડી. લાવેલ છું. જે અસલ ડી.ડી. મારા હસ્તાક્ષરમાં છે તેમજ જે નીચે મારા રૂબરૂ ઠાકોર બાબુજી રાયાજીએ સહી કરેલ છે. જે હું ઓળખું છું. જે ડી.ડી. આંક-૫૮ થી રજુ કરેલ છે.

**એટલે કે આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને** લેતાં તેઓ પણ ફરીયાદ પક્ષના કેસ મુજબ બનાવ સમયે નાયબ મામલતદાર તરીકે મહેસાણા ખાતે ફરજ ઉપર હતા ત્યારે ફરીયાદી ઈજા પામનાર ઠાકોર બાબુજી રાયાજીનું ડી.ડી. લીધેલ છે અને તે ડી.ડી. લેતા સમયે દર્દી ભાનમાં હોવાનો ડોકટરશ્રીનો શેરો કરાવેલ છે તેમજ ડી.ડી. લીધા બાદ વાંચી સંભળાવી તેમના રૂબરૂમાં ફરીયાદીની સહી લીધેલ છે. એટલે કે આ કામે સદરહું સાહેદ ધ્વારા જે ડી.ડી. લેવાની કાર્યવાહી કરવામાં આવેલ છે તે ડી. ડી. આ કામે આંક-૫૮ થી રજુ થયેલ છે અને

તેમાં પણ ફરીયાદીએ આ કામના આરોપીઓ દ્વારા જે ગુનાહીત કૃત્ય કરવામાં આવેલ છે તેની સઘળી હકીકત વિસ્તારથી વર્ણન કરેલ છે અને તે હકીકતને આ સાહેદના પુરાવાથી સંપુર્ણ સમર્થન મળે છે એટલે કે આ સાહેદના પુરાવાને ધ્યાને લેતાં તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થન કરેલ છે તેમજ આ કામે બનાવની હકીકત અંગે સમર્થનકર્તા પુરાવો આપે છે.

**આ સાહેદની બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ** ધ્યાને લેવામાં આવે તો બચાવ પક્ષ દ્વારા એ હકીકત લાવવાનો પ્રયત્ન કરેલ છે કે, તેઓને ડી.ડી. લેવા સારૂ યાદી મળતાં પોલીસ પાસેથી ફરીયાદ અને પંચનામાની વિગતનો અભ્યાસ કરી લીધેલાની હકીકત તેમજ ઈજા પામનારને ડી.ડી. જાતે લખાવેલ નથી પરંતુ ત્યાં હાજર સગાવહાલાઓએ લખાવેલ હોવાની હકીકત લખાવે છે જેનો આ સાહેદે ઈન્કાર કરેલ છે અને ડી. ડી. લેવાની કાર્યવાહી તેઓએ દર્દી સભાનવસ્થામાં હોઈ તેમના લખાવ્યા મુજબ લખી તે ડી. ડી. પુર્ણ થયા બાદ તેની સહી લીધેલાની હકીકતને વળગી રહેલ છે.એટલે કે આ સાહેદનો પુરાવો પણ ફરીયાદ પક્ષે સ્પષ્ટ, આધારભુત અને માનવાલાયક હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

**<u>પંચ સાહેદોનો પુરાવો</u>**

(૧૯)... **સદર કામે આંક–૧૭ થી ઠાકોર ભાવુજી ગલાજીને** તપાસેલ છે. તેઓ આંક–૧૮ ના ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ છે અને તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૨/૦૪/૧૭ ના રોજ

પોલીસે મને ડોડીવાડા ગામે વચલો ઠાકોરવાસ હેમતાજી રાયાજી ઠાકોરના મકાન આગળ બોલાવેલા. મારી સાથે બીજા પંચ તરીકે લાલાજી ગુગાજી ઠાકોર હતા.પોલીસે અમો પંચોને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવાની સમજ આપેલી અને ગુનાવાળી જગ્યાનું પંચનામું અમો પંચોએ જે નજરે જોયેલ તે મુજબનું લખાવેલું અને તે મુજબ પોલીસે લખી લીધેલું. જે પંચનામું આંક–૧૮ થી રજુ છે.

એટલે કે આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં તેમની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું થયેલાની હકીકત અંગે સમર્થનકર્તા પુરાવો આપે છે.

**બચાવ પક્ષની ઉલટ તપાસમાં** તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે, તે વાત ખરી છે કે ફરીયાદી બાબુજી અમારા કુટુંબી કાકા થાય છે. અમો એક જ મહોલ્લામાં રહીએ છીએ અને અવાર – નવાર એકબીજાના ઘરે જવાનું થાય છે. તે વાત ખરી છે કે અવાર – નવાર તેમના ઘરે જવાના કારણોસર જગ્યાની ભૌગોલીક પરિસ્થિતિથી હું વાકેફ છું.પોલીસ આવી ત્યારે મહોલ્લામાં આઠ દસ માણસો ભેગા થયેલા. પોલીસ આવવાથી અમો ત્યાં ગયેલા. પોલીસે અમોને બોલાવેલા નહી.મેં ધો. ૧૦ સુધી અભ્યાસ કરેલ છે. મને દીશામાં બહુ ખ્યાલ આવતો નથી.તે વાત ખરી નથી કે તૈયાર પંચનનામામાં પોલીસે અમારી ફકત સહીઓ લીધેલી.તે વાત ખરી નથી કે ફરીયાદી મારા સગા થતા હોવાથી તેઓની ફરીયાદને સમર્થન આપવા તપાસના કામમાં ખોટી રીતે પંચ તરીકે રહેલ છું અને સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું. એટલે કે આ સાહેદની ઉલટ તપાસની હકીકત ધ્યાને લેતાં બનાવ સ્થળે ગુનાવાળી જગ્યાનું પંચનામું તેમની હાજરીમાં

થયેલાની હકીકતને તેઓ વળગી રહેલ છે અને સદરહું પંચનામાની હકીકતોને સંપુર્ણ સમર્થન કરેલ છે.

**એ જ રીતે સદર કામે આંક–૧૯થી ઠાકોર નરસિંહજી તખાજીને** તપાસેલ છે. તેઓ આંક–૨૨ ના ફરીયાદી તથા સાહેદે પહેરેલ કપડાં કબજે કર્યાના તેમજ તેમની શરીર સ્થિતીના પંચનામાના પંચ સાહેદ છે તેઓ સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે, તા. ૧૨/૦૪/૧૭ ના રોજ પોલીસે અમોને મહેસાણા સીવીલ હોસ્પિટલમાં પુરૂષ સર્જીકલ વોર્ડમાં આવેલ ખાટલા નં. ૧૮–૧૯ આગળ બોલાવેલા. મારી સાથે બીજા પંચ તરીકે કડવાજી અમથાજી ઠાકોર હતા અને અમો પંચોને ત્યાં દાખલ ઈસમોની શરીરસ્થિતિનું પંચનામું કરવાની પોલીસે સમજ આપેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,ખાટલા નં. ૧૮ માં ઠાકોર મહેશજી હેમતાજી, રહે. ડોડીવાડાવાળા હતા. તેઓએ આછા ગુલાબી કલરનો શર્ટ પહેરેલ હતો જે શર્ટ ઉપર લોહીના ડાઘ હતા. ઠાકોર મહેશજીના માથામાં સફેદ કલરનો પાટો બાંધેલ હતો.ગુલાબી કલરનો શર્ટ રજુ કરવામાં આવેલો તે પોલીસે કબજે કરેલો. મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ આછા ગુલાબી કલરનો શર્ટ બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું કે તે તે જ શર્ટ છે જે મહેશજીએ રજુ કરેલ અને જે કબજે કરવામાં આવેલ. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ખાટલા નં. ૧૯ ઉપર ઠાકોર બાબુજી રાયાજી, રહે. ડોડીવાડાવાળા હતા અને તેઓએ રંગોળી કલરનું ટી–શર્ટ પહેરેલ હતું અને તેમના માથાના ભાગે સફેદ કલરનો દવાખાનાનો પાટો બાંધેલ હતો અને ડાબા હાથની પહેલી આંગળીએ પાટો બાંધેલ હતો અને રંગોળી કલરનું ટી–શર્ટ જે પહેરેલ હતું તે રજુ કરેલું અને તે ટી–શર્ટ ઉપર લોહીના ડાઘ હતા.

આ ટી–શર્ટ પોલીસે તપાસઅર્થે કબજે લીધેલ. મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ ગ્રે કલરની ટી–શર્ટ બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું કે તે તે જ ટી–શર્ટ છે જે બાબુજીએ રજુ કરેલ અને જે કબજે કરવામાં આવેલ. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,અમો પંચો જે કંઈ જોયેલ તેનું વિગતવારનું પંચનામું પોલીસને મેં લખાવેલું અને પોલીસે મારા લખાવ્યા મુજબનું પંચનામું લખી લીધેલ. જે અસલ પંચનામું આંક–૨૨ થી રજુ કરેલ છે.

**એટલે કે આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને** લેતાં ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદની શરીર સ્થિતી તેમજ બનાવ સમયે પહેરેલ કપડાં કબજે કર્યાના પંચ સાહેદ છે અને સદરહું પંચનામાની કાર્યવાહી તેમના રૂબરૂ પોલીસે કરેલ અને ત્યારબાદ તેઓએ પંચનામામાં સહી કરેલાની હકીકત અંગે સમર્થનકર્તા પુરાવો આપે છે.

**બચાવ પક્ષની ઉલટ તપાસમાં** તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે,તે વાત ખરી છે કે હું અને ફરીયાદી સરખી ઉંમરના છીએ એક જ ગામના છીએ અને મિત્રો છીએ.અમોએ સહીઓ મહેસાણા ખાતે સરકારી દવાખાનામાં કરેલી. ઈજા પામનાર મહેશજી અમારા પરીચીત છે તેઓ અમારા પરીચીત હોઈ તેઓની ખબર અંતર પુછવા આવેલા. મહેશજી અને બાબુજી અમારા પરીચીત હોઈ તેઓ અવાર–નવાર આ કપડા પહેરતા હતા તેથી હું આ કપડા ઓળખું છું.અમો દવાખાનામાં પાંચ થી સાડા છ ના સુમારે આવેલા અને તે સમયે દવાખાનામાં પોલીસ આવેલ હતી. તે વાત ખરી છે કે પોલીસે બધુ પંચનામું કરીને તૈયાર પંચનામામાં અમારી સહીઓ લીધેલી. કડવાજી અમારી સાથે ખબર અંતર પુછવા આવેલા અને તેઓએ પણ અમારી જેમ પંચનામામાં સહીઓ કરેલી.તે વાત ખરી

નથી કે ફરીયાદી મારા પરીચીત હોવાથી તેઓની ફરીયાદને સમર્થન આપવા તપાસના કામમાં ખોટી રીતે પંચ તરીકે રહેલ છું અને સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

એટલે કે આ સાહેદની **ઉલટ તપાસ**ની આ હકીકત ધ્યાને લેતાં બચાવ પક્ષે એ હકીકત લાવવાનો પ્રયાસ કરેલ છે કે,પોલીસે પંચનામું કરીને તૈયાર પંચનામામાં અમારી સહીઓ લીધેલી જે હકીકતનો સાહેદે સ્વીકાર કરેલ છે પરંતુ સાથે સાથે ફરીયાદી તેમના પરિચીત હોવાથી ફરીયાદને સમર્થન આપવા તપાસના કામમાં ખોટી રીતે પંચ તરીકે રહી સોગંદ ઉપર ખોટી જુબાની આપતા હોવાની હકીકત નકારી કાઢેલ છે. એટલે કે આ સાહેદના પુરાવામાં સદરહું પંચનામાની હકીકત પુરવાર થયેલ છે.

**એ જ રીતે સદર કામે આંક-૨૫ થી ઠાકોર રમેશજી ભુપતાજીને** તપાસેલ છે. તેઓ આંક-૨૬ના મારક હથિયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે.તેઓ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવે છે કે,તા.૧૬/૦૪/૧૭નારોજ પોલીસે મને બેચરાજી પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. મારી સાથે બીજા પંચ તરીકે શાંતીજી રેવાજી ઠાકોર હતા. અમો પંચોને પોલીસે આરોપીઓ મારક હથીયારો રજુ કરતા હોઈ તે કબજે કરવા અંગેનું પંચનામું કરવાની સમજ આપેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,પોલીસ પાસે કુલ સાત આરોપીઓ હાજર હતા. જે પૈકી એક ઈસમનું નામ પુછતાં પોતે પોતાનું નામ ઠાકોર દીલીપજી વરસંગજી, રહે. ડોડીવાડાવાળો હોવાનું જણાવેલ જેણે લોખંડની ધારદાર અણીવાળી છરી રજુ કરેલી. જેના ફળની લંબાઈ આશરે સાડા સાત ઈંચની હતી

અને પહોળાઈ અઢી ઈંચની હતી. જે છરીને વાયરથી ફીટ કરેલી અને જે પોલીસે પંચનામાની રૂઈએ કબજે કરેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,ત્યારબાદ બીજા ઈસમનું નામઠામ પુછતાં તેણે પોતાનું નામ ઠાકોર જીવણજી મણાજી,રહે. ડોડીવાડાવાળો હોવાનું જણાવેલ અને તેણે મારક હથીયાર વાંસની લાકડી રજુ કરેલી. જે લાકડી વાંસની લાલ કલરની અને આછા ઉખડી ગયેલા કલરની અને ચાર ગાંઠોવાળી હતી. જેની લંબાઈ ૧૬૦ સે.મી. ની હતી. આ લાકડી ઉપર કોઈ ડાઘ જોવા મળેલ નહી. જે લાકડી પોલીસે પંચનામાની રૂઈએ કબજે કરેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,ત્યારબાદ ત્રીજા ઈસમનું નામઠામ પુછતાં પોતાનું નામ ઠાકોર ગોપાળજી માસંગજી, રહે. ડોડીવાડાવાળો હોવાનું જણાવેલ જેણે મારક હથીયાર વાંસની લાકડી રજુ કરેલી. જે ચાર ગાંઠોવાળી હતી. જે ૧૫૫ સે.મી. લંબાઈની હતી અને તે પોલીસે તપાસ અર્થે કબજે કરેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,ત્યારબાદ છઠ્ઠા ઈસમનું નામઠામ પુછતાં તેણે પોતાનું નામ ઠાકોર હરજીજી માસંગજી, રહે. ડોડીવાડાવાળો હોવાનું જણાવેલ જેણે મારક હથીયાર વાંસની લાકડી રજુ કરેલી. જે લાકડી સાત ગાંઠોવાળી અને તેની લંબાઈ ૧૩૧ સે.મી. હતી. જે પોલીસે તપાસ અર્થે કબજે કરેલ. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,ત્યારબાદ સાતમા ઈસમનું નામઠામ પુછતાં તેણે પોતાનું નામ ઠાકોર વિષ્ણુજી હરજીજી,રહે.ડોડીવાડાવાળો હોવાનું જણાવેલ અને તેણે વાંસની લાકડી રજુ કરેલી. જે ચાર ગાંઠોવાળી હતી અને તેની લંબાઈ ૧૪૩ સે.મી. ની હતી અને પોલીસે તપાસઅર્થે કબજે કરેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,આ તમામ મારક હથીયારો પોલીસે કાપડની અલગ અલગ બેગીમાં

મુકી તેમાં અમો પંચોની સહીઓવાળી પંચ સ્લીપ મુકી પોલીસે સીલ કરેલ અને તપાસ અર્થે કજબે કરેલ અને આ પંચનામું પોલીસે મારા લખાવ્યા મુજબનું લખી લીધેલું. જે પંચનામા હેઠળ પંચ નં. ૨ તરીકે મેં મારી સહી કરેલી અને પંચ નં. ૧ તરીકે શાંતીજી દેવાજી ઠાકોરનાઓએ મારા રૂબરૂ સહી કરેલી જે પંચનામું આંક – ૨૬ થી રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,મને મુદ્દામાલ આર્ટીકલ નં.૩ લોખંડની છરી તથા મુદ્દામાલ આર્ટીકલ નં.૪ વાંસની લાકડી,આર્ટીકલ નં.૫ લાકડી ચાલુ વપરાશની, આર્ટીકલ નં. ૬ વાંસની લાડકી તથા મુદ્દામાલ આર્ટીકલ નં. ૭ વાંસની લાકડી બતાવવામાં આવે છે જે જોઈને જણાવું છું કે આ તે જ મુદ્દામાલ છે જે પોલીસે મારા રૂબરૂ કબજે કરેલો.

એટલે કે આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ઘ્યાને લેતાં આરોપીઓ પાસેથી ગુનામાં વપરાયેલ મુદ્દામાલના મારક હથિયાર કબજે કર્યાના પંચ સાહેદ છે અને સદરહું પંચનામાની કાર્યવાહી તેમના રૂબરૂ પોલીસે કરેલ અને ત્યારબાદ તેઓએ પંચનામામાં સહી કરેલાની હકીકત અંગે સમર્થનકર્તા પુરાવો આપે છે.

**બચાવ પક્ષની ઉલટ તપાસમાં** તેઓએ એ હકીકત કબુલ કરેલ છે કે,તે વાત ખરી છે કે આરોપીઓ અને હું એક જ ગામના અને એક જ વિસ્તારના છીએ અને વર્ષોથી સાથે રહીએ છીએ તેથી હું તેઓને નામ અને ચહેરાથી ઓળખું છું. તે વાત ખરી છે કે મારા પિતાનું નામ ભુપતાજી રાયાજી છે. ફરીયાદી બાબુજી તે મારા કાકા થાય છે. હું તેમનો સગો ભત્રીજો થાઉ છું. શાંતીજી દેવાજી અમારા મહોલ્લામાં રહે છે.તે વાત ખરી છે કે હાલમાં અમારે આરોપીઓ સાથે બોલવાના કોઈ સંબંધો નથી.તા.૧૬/૦૪/૧૭

ના રોજ પંચનામું કરવામાં આવેલું. અમારા ગામ અને બેચરાજી વચ્ચે ૬ કી.મી.નું અંતર છે. પંચનામું સાંજે સાત આઠ વાગ્યે કરવામાં આવેલું. પંચનામું કરવા માટે પોલીસ મને ઘરે બોલાવવા આવેલ ન હતી પરંતુ હું બહુચરાજી ગયેલ હતો.હું બહુચરાજી પેટ્રોલ પુરાવવા ગયેલ હતો તે સમયે પોલીસે મને બોલાવેલો. આ સિવાય અન્ય કોઈ પંચનામામા રહેલ નથી. તે વાત ખરી છે કે અમો ત્યાં પહોંચ્યા તે પહેલાં આ બધા હથીયારો પોલીસે કબજે કરેલા હતા. શાંતુજી પંચ નં. ૧ મારી સાથે બાઈક ઉપર હતા અને અમો બંને સાથે પોલીસ સ્ટેશનમાં ગયેલા. તે વાત ખરી નથી કે અમો પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે પંચનામું લખેલું તૈયાર હતું અને અમોએ તૈયાર પંચનામામાં ફકત સહીઓ કરેલી. તે વાત ખરી નથી કે પંચનામાની કોઈ કાર્યવાહી અમારા રૂબરૂમાં કરવામાં આવેલ ન હોવા છતાં સોગંદ ઉપર ખોટી હકીકતો ફરીયાદી અમારા કાકા થતા હોવાથી જણાવેલ છે. એટલે કે આ સાહેદની ઉલટ તપાસની આ હકીકત ધ્યાને લેતાં બચાવ પક્ષે એ હકીકત લાવવાનો પ્રયાસ કરેલ છે કે, પોલીસે જાતે પંચનામુ તૈયાર કરેલ અને તેમની તૈયાર પંચનામામાં સહી લીધેલ જે હકીકતનો સાહેદે ઈન્કાર કરેલ છે. એટલે કે આ સાહેદના પુરાવામાં સદરહું પંચનામાની હકીકત પુરવાર થયેલ છે.

એ જ રીતે ફરીયાદ પક્ષે **આંક–૨૮ થી ઠાકોર રાજેન્દ્રકુમાર વરસંગજી તથા આંક–૩૧ થી ઠાકોર પ્રકાશકુમાર ગોવિંદજી** કે જેઓ આંક–૨૯ ના મારક હથિયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે પરંતુ તેમની જુબાનીમાં સદરહું પંચનામાની હકીકતોને સમર્થન આપતા નહોઈ તેમને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ

વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓની ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ તેમની ઉલટ તપાસમાં પણ પંચનામની હકીકતનો સમર્થનકારક કોઈ હકીકત નીકળી આવતી નથી.

**<u>પોલીસ સાહેદોનો પુરાવો</u>**

(૨૦)... સદર કામે **આંક–૬૧ થી પરમાર મુળચંદભાઈ સોમાભાઈને** તપાસેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૨/૦૪/૧૭ નારોજ બહુચરાજી પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ દરમ્યાન બપોરના કલાક ૧૨:૨૦ વાગ્યે ઠાકોર બાબુજી રાયાજી, રહે. ડોડીવાડાવાળાઓનું મે. પો.સ.ઈ. શ્રી એમ.જે. બારોટ સાહેબના ઓના રૂબરૂનું નિવેદન આવતાં બહુચરાજી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નં. ૧૭ / ૧૭ થી ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ સારૂ કાગળો મે. પો.સ.ઈ. શ્રી એમ.જે. બારોટ સાહેબશ્રીને ડેપ્યુટ હુકમ સાથે મોકલી આપેલ. જે ડેપ્યુટ હુકમ આંક – ૬૩ થી રજુ કરેલ છે.

આ સાહેદની જે બચાવ પક્ષ ધ્વારા **ઉલટ તપાસ** થયેલ છે તે જોતાં તેઓએ જણાવેલ છે કે, તે વાત ખરી છે કે, અમોએ બારોટ સાહેબની સુચના અન્વયે લેખીત ફરીયાદ રજીસ્ટર કરેલી તે સિવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલ નથી. એટલે કે આ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ ફરીયાદીની ફરીયાદ રજીસ્ટરે લઈ ગુનાની આગળની તપાસ સારૂ ડેપ્યુટ હુકમ કરેલ છે અને તે સિવાય અન્ય કોઈ કાર્યવાહી નહી કરેલાનું જણાઈ આવે છે.

**આ કામે આંક–૬૪ થી બારોટ મુકેશકુમાર જયદેવભાઈને** તપાસેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૧/૦૪/૧૭ ના રોજ અમો બેચરાજી પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.આઈ. તરીકે ફરજ દરમ્યાન સદર બનાવ બાબતે ભોગ બનનાર ફરીયાદી ઠાકોર બાબુજી રાયાજીનાઓએ અમારા રૂબરૂની ફરીયાદ લખાવતાં ફરીયાદ લખી લઈ ગુન્હો રજીસ્ટર કરવા માટે અત્રેના પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. શ્રીએ.એસ.આઈ.શ્રી મુળચંદભાઈ નાઓને સોંપતા ગુન્હો રજીસ્ટર કરી ડેપ્યુટ હુકમ સાથે આગળની તપાસ અમારી તરફ કરતાં સંભાળી લીધેલી.ત્યારબાદ સદર ગુન્હામાં ભોગ બનનાર ફરીયાદી સાહેદનું ડી.ડી. લેવા સારૂ એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણાને રીપોર્ટ કરવામાં આવેલો તેમજ સદર બનાવ બાબતે ઉપરી અધિકારીશ્રીને જાણ કરવા સારૂ સ્પેશ્યલ રીપોર્ટ કરવામાં આવેલો. સદર ગુન્હાની જગ્યાનું પંચનામું કરવા સારૂ સાહેદ જતનબેન હેમતાજી ઠાકોર,રહે.ડોડીવાડા જેઓ ડોડીવાડા ખાતે હાજર હોઈ તેમણે ગુન્હાવાળી જગ્યા બતાવતાં ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કલાક ૧૩ :૦૦ થી ૧૩:૪૦ સુધીનું કરી લેવામાં આવેલું. ત્યારબાદ સદર ગુન્હાના સાહેદ જતનબેન વા/ઓ હેમતાજી રાયાજી ઠાકોર, હેમતાજી રાયાજી ઠાકોર, કીરણજી હેમતાજી રાયાજી, શારદાબેન વા/ઓ મહેશજી હેમતાજી ઠાકોર તથા અન્ય લાગતા વળગતા સાહેદોના ફરીયાદીની ફરીયાદને મળતી ભળતી હકીકત લખાવતા હોઈ નિવેદન વિગતવારના લઈ કામમાં સામેલ રાખેલા. ત્યારબાદ આ કામે ફરીયાદી ભોગ બનનાર તેમજ સાહેદ ભોગ બનનારના શરીરસ્થિતિનું પંચનામું કરવા સારૂ મહેસાણા સીવીલ હોસ્પિટલ ખાતે આવી ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડાં કબજે કરવાના હોઈ

જે મતલબનું પંચનામું કલાક ૧૭:૩૦ થી ૧૮:૩૦ સુધીનું કરી લેવામાં આવેલું. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ત્યારબાદ આ કામે ફરીયાદીશ્રીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ તેમજ ભોગ બનનાર સાહેદ મહેશજી હેમતાજી ઠાકોરનું નિવેદન લેવામાં આવેલું. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,ત્યારબાદ સદર ગુન્હાના કામે આરોપીઓ પૈકી ઠાકોર દીલીપજી વરસંગજી, ઠાકોર જીવણજી ઉર્ફે ટીકો મણાજી, ગોપાળજી માનસંગજી, ઠાકોર મણાજી માનસંગજી, ઠાકોર અભુજી મણાજી, ઠાકોર હરજીજી માનસંગજી તથા ઠાકોર વિષ્ણુજી હરજીજી તમામ રહે. ડોડીવાડા નાઓ પોલીસ સ્ટેશને મારક હથીયાર સાથે રજુ થયેલા જે બાબતે મારક હથીયારનું પંચનામું કરી આરોપીઓને કલાક ૨૨:૧૦ વાગ્યે અટક કરેલ. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,ત્યારબાદ આરોપી નં. ૧ દીલીપજી વિરસંગજી તથા આરોપી નં. ૨ જીવણજી ઉર્ફે ટીકો મણાજી તથા આરોપી નં. ૩ ગોપાળજી માનસંગજી તથા આરોપી નં. ૪ મણાજી માનસંગજી તથા આરોપી નં. ૫ અભુજી મણાજી તથા આરોપી નં. ૬ હરજીજી માનસંગજી તથા આરોપી નં. ૭ વિષ્ણુજી હરજીજી નાઓના વિગતવારના નિવેદનો લેવામાં આવેલા.ત્યારબાદ ઉપરોકત ગુન્હા પૈકી ત્હોમતદાર અશ્વિનજી ગોપાળજી ઠાકોર તેમજ વિપુલજી ગોપાળજી ઠાકોરનાઓ એ આગોતરા જામીન અરજી સારૂ નામ. સેશન્સ કોર્ટમાં અરજ કરેલ જે આગોતરા જામીન નામંજુર થતાં નામ. ગુજરાત હાઈકોર્ટ ખાતે આ કામે ત્હોમતદાર વિપુલજી ગોપાળજી ઠાકોરના આગોતરા જામીન મંજુર થતાં અત્રેના પોલીસ સ્ટેશન ખાતે બીજા સહ ત્હોમતદાર ઠાકોર અશ્વિનજી ગોપાળજી સાથે મારક હથીયાર સાથે રજુ થયેલા જેથી ઉપરોકત

બંને આરોપીઓને મારક હથીયારનું પંચનામું કલાક ૧૯ : ૧૫ થી ૨૦ : ૧૫ સુધીનું કરી લેવામાં આવેલું. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,સદર ગુન્હાના કામે કબજે કરેલ મુદ્દામાલ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલી આપવા માટે ઈગુજકોક રવાનગી ફોર્મ સાથે મોકલી આપવા સારૂ તજવીજ કરવામાં આવેલી.ત્યારબાદ ગુન્હાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા માટે મામલતદારશ્રી, બહુચરાજીને રીપોર્ટ તેમજ ગુન્હાવાળી જગ્યાના પંચનામાની નકલ મોકલી આપવા તજવીજ કરવામાં આવેલી. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,ત્યારબાદ ઉપરોકત ગુન્હાના કામે એરેસ્ટ કરેલ તમામ ત્હોમતદારો વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલા પુરાવા પડતા હોઈ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલું.જે આરોપીઓને મેં એરેસ્ટ કરેલા તેઓને હું ઓળખું છું જે આજરોજ નામ. કોર્ટમાં હાજર છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,મને આંક-૩૭ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જે ફરીયાદ ફરીયાદી બાબુજી રાયાજી ઠાકોરે લખાવ્યા મુજબની અમોએ લખી લીધેલી જે ફરીયાદ મારા હસ્તાક્ષરમાં છે તેમજ જે ફરીયાદ હેઠળ ફરીયાદીએ મારા રૂબરૂ સહી કરેલી તેમજ રૂબરૂ તરીકે મેં મારી સહી કરેલી. જે હું ઓળખું છું. તે તે જ અસલ ફરીયાદ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,મને આંક-૧૮ ગુન્હાવાળી જગ્યાનું અસલ પંચનામું બતાવવામાં આવે છે. જે પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખવામાં આવેલું અને પંચોએ મારા રૂબરૂમાં સહી કરેલી અને રૂબરૂકર્તા તરીકે મેં મારી સહી કરેલી જે હું ઓળખું છું. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,મને આંક-૨૨ બતાવવામાં આવે છે. જે ફરીયાદી તથા ઈજા પામનારની શરીરસ્થિતિનું તેમજ તેઓએ રજુ કરેલ કપડાં કબજે કર્યા અંગેનું અસલ

પંચનામું છે. જે પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખવામાં આવેલું અને પંચોએ મારા રૂબરૂમાં સહી કરેલી અને રૂબરૂકર્તા તરીકે મેં મારી સહી કરેલી જે હું ઓળખું છું. વધુમાં સદર સાહેદ જણાવે છે કે,અમોએ પંચો રૂબરૂ ફરીયાદી ઠાકોર બાબુજી રાયાજી તેમજ ઈજા પામનાર ઠાકોર મહેશજી હેમતાજીનાઓએ બનાવ વખતે પહેરેલ કપડાં મુદ્દામાલ આર્ટીકલ નં. ૧ મુજબ ફરીયાદીએ જે ગ્રે કલરની ગોળ ગળાવાળી ટી-શર્ટ જે લોહીથી ખરડાયેલ હોઈ તેમજ જમણા ખભાના ભાગે ત્રણેક ઈંચ જેટલું ફાટી ગયેલ હોઈ જે ટી-શર્ટ તેઓએ રજુ કરતાં પંચનામાની રૂઈએ કબજે કરવામાં આવેલ તેમજ મુદ્દામાલ આર્ટીકલ નં. ૨ મુજબ ઈજા પામનાર ઠાકોર મહેશજી હેમતાજીનાઓએ આછા ગુલાબી કલરનો છ બટન વાળો શર્ટ જેના ઉપર લોહીના છુટાછવાયા ડાઘ હોઈ જે તેઓએ પંચો રૂબરૂ રજુ કરતાં પંચનામાની રૂઈએ કબજે કરવામાં આવેલ.ત્હોમતદારો પૈકી ઠાકોર દીલીપજી વરસંગજી નાઓએ લોખંડની છરી તેમજ ઠાકોર જીવણજી મણાજીનાઓએ ચાર ગાંઠોવાળી લાકડી, ઠાકોર ગોપાળજી માનસંગજીએ ચાર ગાંઠોવાળી લાકડી તેમજ ઠાકોર હરજીજી માસંગજીએ સાત ગાંઠોવાળી લાકડી તેમજ ઠાકોર વિષ્ણુજી હરજીજી એ ચાર ગાંઠોવાળી લાકડી જેવા મારક હથીયારો રજુ કરતાં બે પંચોને હાજર રાખી પંચો રૂબરૂ સદર મારક હથીયારો પંચનામાની રૂઈએ કબજે કરવામાં આવેલા. મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૩ થી ૭ બતાવવામાં આવે છે. જે જોઈને જણાવું છું કે જે તમામ મુદ્દામાલ આરોપીઓએ રજુ કરતાં પંચનામાની રૂઈએ કબજે કરેલ. મને આંક-૨૬ વાળું અસલ પંચનામું બતાવવામાં આવે છે.જે પંચનામું પંચોના લખાવ્યા મુજબ લખવામાં આવેલું અને પંચોએ મારા રૂબરૂમાં સહી કરેલી અને રૂબરૂકર્તા તરીકે મેં મારી સહી કરેલી જે હું ઓળખું છું.મને આંક-૨૯

બતાવવામાં આવે છે. જે તા. ૨૪/૦૮/૧૭ ના રોજ કલાક ૧૯:૧૫ થી ૨૦:૧૫ દરમ્યાન પંચો રૂબરૂ તહોમતદારો પૈકી ઠાકોર અશ્વિનકુમાર ઉર્ફે અશ્વિનજી ગોપાળજી માનસંગજી, ઉ.વ.૨૨, રહે. ડોડીવાડા વાળા હાજર હોઈ તેઓ પંચો રૂબરૂ મારક હથીયાર ધારીયું રજુ કરતાં પંચનામાની રૂઈએ કબજે કરેલ . વધુમાં સદર સાહેદ જણાવે છે કે,મને મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ ધારીયું બતાવવામાં આવે છે.જે તે જ ધારીયું છે જે ત્હોમતદાર અશ્વિનકુમારનાઓએ રજુ કરેલ અને જે કબજે કરવામાં આવેલ વધુમાં સદર સાહેદ જણાવે છે કે,પોલીસ સ્ટેશનમાં બીજા ત્હોમતદારે પોતાનું નામ વિપુલકુમાર ઉર્ફે વિપુલજી ગોપાળજી ઠાકોર, રહે. ડોડીવાડા વાળો હોવાનું જણાવેલ અને તેણે હાથમાં પકડેલ મારક હથીયાર ધોકો રજુ કરતાં જે ધોકો પંચોની હાજરીમાં પંચનામાની રૂઈએ કબજે કરવામાં આવેલ. મને મુદ્દામાલ આર્ટીકલ નં.૯ વાંસના લાકડાનો ધોકો બતાવવામાં આવે છે. જે જોઈને કહું છું કે તે તે જ ધોકો છે જે વિપુલજીએ રજુ કરેલ. વધુમાં સદર સાહેદે તેમના પુરાવામાં સી.એચ.સી. બેચરાજીને સદર કામના ફરીયાદી તેમજ ઈજા પામનારે સારવાર લીધેલ હોઈ તેઓના સારવાર સર્ટીફીકેટ આપવાની યાદી આંક–૬૫ થી તથા મામલતદારશ્રી, બેચરાજી ને ગુન્હાવાળી જગ્યાનો નકશો બનાવડાવવા સારૂ લખેલ યાદી આંક–૬૬ થી તથા આરોપી અટક કર્યા અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા સારૂ કરેલ રીપોર્ટ આંક–૬૭ થી તથા તા.૧૬/૦૪/૧૭ ના રોજ આરોપીઓને એરેસ્ટ કરવામાં આવેલ તેની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાનો રીપોર્ટ આંક–૬૮ થી તથા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણા દ્વારા ફરમાવવામાં આવેલ હથીયારબંધીના જાહેરનામાની નકલ આંક–૬૯ થી રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદે

તેમના પુરાવામાં મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલવા સારૂ જે રવાનગી પત્રક ભરવામાં આવેલ તેની સ્થળપ્રત આંક–૭૦ થી તથા એફ.એસ.એલ. અમદાવાદ નાઓએ મોકલેલ પહોંચ આંક–૭૧ થી તથા એફ.એસ.એલ. અમદાવાદ નો ફોરવડીંગ લેટર આંક–૭૨ થી તથા એફ.એસ.એલ. અમદાવાદ નો બાયોલોજી વિભાગનો બાયોલોજીકલ પૃથ્થકરણ રીપોર્ટ આંક–૭૩ થી તથા એફ.એસ.એલ. અમદાવાદ નો સીરોલોજી વિભાગનો સીરોલોજીકલ પૃથ્થકરણ રીપોર્ટ આંક–૭૪ થી તથા સદર ગુન્હાના કામે મારામારીમાં ઈજા પામનાર ઠાકોર બાબુજી રાયાજીનું ડી.ડી. લેવા સારૂ એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, મહેસાણાને ઉદ્દેશીને લખેલ યાદી આંક–૭૫ થી રજુ કરેલ છે.

**એટલે કે આ સાહેદની સરતપાસની ઉપરોકત હકીકત ધ્યાને** લેતાં તેઓએ સદરહું ગુનાની તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, જરૂરી પંચનામા કરેલ તેમજ જરૂરી મુદ્દામાલ કબજે કરી એફ.એસ.એલ. અમદાવાદ ખાતે પૃથ્થકરણ સારૂ મોકલી આપેલ છે તેમજ તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો પડતાં ચાર્જસીટ કરેલ છે અને તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓએ પોતાની ફરજને અનુરૂપ કરેલ કાયદેસરની કાર્યવાહી અંગેનો સમર્થનકર્તા પુરાવો રેકર્ડ ઉપર લાવેલ છે.

આ સાહેદની જે બચાવ પક્ષ દ્વારા **ઉલટ તપાસ** થયેલ છે તે જોતાં તેઓએ જણાવેલ છે કે, તે વાત ખરી છે કે અમોએ બાબુજીની ફરીયાદ હોસ્પિટલમાં લીધેલી. તે વાત ખરી નથી કે દવાખાનામાં હાજર બાબુજીના સગાવહાલાઓએ ફરીયાદ લખાવેલ અને બાબુજીએ તો

ફકત સહી જ કરેલી.તે વાત ખરી નથી કે ફરીયાદીની ફરીયાદ નોંધ્યા સિવાય બીજું કોઇ વિશેષ નિવેદન નોંધેલ નથી.તે વાત ખરી નથી કે ફરીયાદી બાબુજી રાયાજીએ તેમની ફરીયાદમાં એવું લખાવેલ નથી કે, ''દીલીપજી વરસંગજીએ તેના હાથમાંની છરી સીધી મને માથામાં મારવામાં આવેલો પરંતુ મેં મારો ડાબો હાથ આડો કરેલો'' તેમજ ''વિષ્ણુના હાથમાં લાકડી હતી'' તેમજ ''આ બનાવ બનવાનું કારણ એ છે કે સરપંચની ચુંટણીમાં હરજી માસંગજી હારી ગયેલા એટલે આ બધા હુમલો કરનાર ઈસમોને એવો શક હતો કે ચુંટણીમાં હરજીને હરાવનાર વ્યકિત હું જ છું અને બીજા વ્યકિતઓને પણ મેં વોટ આપવા દીધેલ નથી''હવે જણાવું છું કે ફરીયાદ મેં વંચાણે લીધી છે અને તેમાં ફરીયાદીએ મારી હાજરીની ફરીયાદમાં ઉપરોકત દર્શાવેલ લખાણ લખાવેલ નથી. હું બનાવવાળી જગ્યાએ ગયેલો છું. તે વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની બાજુમાં ચોક આવેલ છે અને બનાવવાળી જગ્યાની બે બાજુ જાહેર રસ્તા આવેલા છે અને આજુબાજુમાં રહેણાંકના મકાનો આવેલા છે.તે વાત ખરી છે કે જતનબેન ફરીયાદીના ભાઈની પત્નિ છે અને સાહેદ મહેશજી અને કીરણજી ફરીયાદીના સગા ભત્રીજા છે અને સાહેદ શારદાબેન તેમની સગી ભત્રીજા વહુ છે.તે વાત ખરી છે કે તપાસમાં અમોએ ફરીયાદીના ઘરના માણસોના નિવેદનો નોંધેલા છે તે સિવાય અન્ય કોઈ સાહેદોના નિવેદનો નોંધેલા નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સદર બનાવ વખતે હાજર માણસો તેના ઘરના હોવાથી તેઓના નિવેદનો લેવામાં આવેલ છે. એટલે કે આ સાહેદની ઉલટ તપાસની ઉપરોકત હકીકત ધ્યાને લેતાં બચાવ પક્ષે એ હકીકત લાવવાનો પ્રયત્ન કરેલ છે કે,આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદીના નજીકના સગા સંબંધીઓના

નિવેદનો લેવામાં આવેલ છે જેનો આ સાહેદે સ્વીકાર કરેલ છે પરંતુ સાથે સાથે એ હકીકત અંગે પણ સ્પષ્ટતા કરતા જણાવેલ છે કે, સદર બનાવ વખતે હાજર માણસો તેના ઘરના હોવાથી તેઓના નિવેદનો લેવામાં આવેલ છે. એટલે કે આ કામે તપાસ કરનાર અધિકારી દ્વારા હાજર વ્યકિતઓ કે જેઓ બનાવના નજરે જોનાર સાહેદ અને ઈજા પામનાર સાહેદો છે તેઓના નિવેદન લીધેલ હોય તો તેનાથી ફરીયાદ પક્ષના કેસને નુકશાન થતુ હોવાનું સ્વીકારી શકાય નહી કારણ કે આ કામે બનાવ સમયે હાજર માણસો તેમના ઘરના હોવાથી તેઓના નિવેદનો લેવામાં આવેલ છે. વધુમાં આ કામે સદરહું સાહેદે તેમની ઉલટ તપાસમાં તપાસના કામે કરવામાં આવેલા તમામ પંચનામા પોલીસ સ્ટેશનમાં બેસી તૈયાર કરી દીધેલા છે અને પાછળથી પંચોની ફકત સહીઓ જ મેળવી લીધેલ છે અને આરોપીઓએ મુદ્દામાલના હથીયારો રજુ કરેલ ન હોવા છતાં ખોટી રીતે મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચનામા તૈયાર કરી દીધેલા છે તેમજ સાહેદોના નિવેદનો ફરીયાદને અનુરૂપ નોંધી દીધેલ છે. તે વાત ખરી નથી કે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ હોવાની હકીકતોને નકારી કાઢેલ છે.

એટલે કે આ **સાહેદની ઉલટ તપાસની** ઉપરોકત હકીકત ધ્યાને લેતાં એવી કોઈ હકીકત નીકળી આવતી નથી કે જેના આધારે એવુ સાબિત માની શકાય કે બનાવ સમયે આરોપીઓ પૈકી કોઈ આરોપીની હાજરી ન હતી અને તેઓ દ્વારા ગુનાહીત કૃત્યમાં કોઈ ભાગ ભજવેલ ન હોવા છતાં તેઓને ખોટી રીતે સદરહું કેસમાં સંડોવી દીધેલ છે. ઉલટાનું સદરહું પોલીસ સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓની તપાસ દરમ્યાન

નીકળી આવેલ હકીકતો ધ્યાને લેતાં તે આરોપીની સદરહું ગુનાહીત કૃત્યમાં સીધી સંડોવણી કરવા માટે પુરતી હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. એટલે કે સદરહું સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ પોતાની ફરજ દરમ્યાન ફરીયાદીએ ફરીયાદ હકીકત જાહેર કરતાં તેમના રૂબરૂ ફરીયાદ નોંધી, ગુનો રજીસ્ટર કરાવેલાની અને ગુનાની તપાસ દરમ્યાન બનાવવાળી જગ્યાનું પંચો રૂબરૂ પંચનામું કરેલ, લાગતા વળગતા સાહેદોના જવાબો લીધેલ, આરોપીને અટક કરેલ, મુદ્દામાલ કબજે કરેલાની અને આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો હોઈ ચાર્જસીટ કરેલાની હકીકત અંગેનો પુરાવો આપેલ છે તેમજ તેમની જુબાનીમાં જે ફરીયાદ પક્ષે જે સાહેદો ફરી ગયેલા છે તેઓના પણ તેઓએ જે નિવેદનો લીધેલ તે હકીકત રેકર્ડ ઉપર લાવવા પ્રયત્ન કરેલ છે. પરંતુ ક્રિ.પ્રો.કોડની કલમ ૧૬૧, ૧૬૨ ને ધ્યાને લેવામાં આવે તો તપાસ કરનાર અમલદારે જે નિવેદનો લીધેલ છે તે નિવેદનો રેકર્ડ ઉપર આવવાથી આરોપીઓને સજા કરી શકાય નહી. કારણ કે આરોપીઓને સજા કરવા માટે કોર્ટ રૂબરૂ પર્યાપ્ત પુરાવો રેકર્ડ ઉપર હોવો જરૂરી બની રહે છે. કારણ કે ક્રિ. પ્રો. કોડની કલમ ૧૬૧, ૧૬૨ ના નિવેદન જે રેકર્ડ કરવામાં આવેલ હોય તે માત્ર કોન્ટ્રાડીકશન ઓમીશન પુરતા ધ્યાને લઈ શકાય. એટલે કે જયારે કોર્ટ રૂબરૂ સાહેદોએ સોગંદ ઉપરની જુબાનીમાં જે પુરાવો આપેલ હોય તેને કોર્ટે કન્સીડર કરવો જરૂરી બની રહે તેમ હું માનું છું. આ કામે ફરીયાદી તથા અન્ય સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં તેમજ તબીબી પુરાવો ધ્યાને લેતાં તેઓ ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થન આપતા હોઈ ઉપરોકત પોલીસ

સાહેદોનો પુરાવો તેટલા પુરતો આરોપીની ગુનાહીત કૃત્યમાં સંડોવણી સાબિત માનવા માટે ધ્યાને લઈ શકાય તેમ છે.

**<u>એફ.એસ.એલ. નો પુરાવો</u>**

(૨૧)... ફરીયાદ પક્ષે રજુ થયેલ **એફ.એસ.એલ.નો** પુરાવો ધ્યાને લઈએ તો આ કામે તપાસ કરનાર અધિકારીશ્રી ધ્વારા તપાસ દરમ્યાન એકત્રીત કરવામાં આવેલ મુદ્દામાલને એફ.એસ.એલ.માં તપાસણી સારૂ **આંક–૭૦ થી** રજુ થયેલ રવાનગી નોંધથી મોકલી આપેલ છે જેમાં પાર્સલ નં. ૧ ટીશર્ટ, પાર્સલ નં. ૨–શર્ટ, પાર્સલ નં. ૩–છરી, પાર્સલ નં. ૪–લાકડી, પાર્સલ નં. ૫–લાકડી, પાર્સલ નં. ૬– લાકડી, પાર્સલ નં. ૭–લાકડી, પાર્સલ નં. ૮–ધારીયુ તથા પાર્સલ નં. ૯ થી ધોકો મોકલી આપેલ છે જે અંગેનો **બાયોલોજી વિભાગનો રીપોર્ટ આંક–૭૩** થી રજુ થયેલ છે જેમાં પાર્સલ નં. ૧–ટીશર્ટ તથા પાર્સલ નં. ૨–શર્ટમાં રૂધિરની હાજરી મળી આવેલ છે અને તે સિવાય અન્ય પાર્સલમાં રૂધિરની હાજરી મળેલ નથી તેમજ આ અંગે આંક–૭૪ નો જે સીરોલોજી વિભાગનો રીપોર્ટ રજુ થયેલ છે તે ધ્યાને લેતાં નમુના નં. ૧ ટીશર્ટ ઉપર માનવ રૂધિર "બી" ગૃપ તેમજ શર્ટ ઉપર માનવ રૂધિર "ઓ" ગૃપની હાજરી જણાવેલ છે.

એટલે કે આ કામે મુદ્દામાલ રવાનગી નોંધથી જે મુદ્દામાલ એફ.એસ.એલ.માં પરીક્ષણ અર્થે મોકલવામાં આવેલ છે તે અંગેનો રીપોર્ટ ધ્યાને લેતાં ફરીયાદી ઈજા પામનારના કપડા ઉપરનુ રૂધિરની હાજરી મળી આવેલ છે જો કે હથિયાર ઉપર રૂધિરની હાજરી મળી આવેલ નથી પરંતુ જયારે ઈજા પામનાર ફરીયાદી તથા સાહેદ તેમને થયેલ ઈજા આરોપીઓ

ધ્વારા લાકડી, ધારીયા તેમજ છરીથી કરવામાં આવેલ હોવા અંગે સમર્થનકર્તા પુરાવો રજુ કરેલ હોય ત્યારે એફ.એસ.એલ. રીપોર્ટમાં છરી તથા લાકડી તેમજ ધારીયા ઉપર રૂધિરની હાજરી નહી મળવા માત્ર કારણસર આરોપીઓની ગુનામાં સંડોવણી નથી તેવું માની શકાય નહી કારણ કે એફ.એસ.એલ.નો પુરાવો એ કોરોબોરેટીવ એવીડન્સ તરીકે ધ્યાને લઈ શકાય અને આ કામે એફ.એસ.એલ.ના પુરાવા સિવાય અન્ય મૌખિક પુરાવાથી જયારે ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થતો હોય ત્યારે તે નહી માનવા માટે કોઈ કારણ નથી. વધુમાં એફ.એસ.એલ.નો પુરાવો નજર સમક્ષ રાખતાં ફરીયાદીને થયેલ ઈજા અંગે તેમણે બનાવ સમયે પહેરેલ કપડા ઉપર રૂધિરની હાજરી મળી આવેલ છે જેથી ફરીયાદ પક્ષના કહેવાતા બનાવમાં તેમને ઈજા થયેલાની હકીકતને એફ.એસ.એલ.ના પુરાવાથી સમર્થન મળતુ હોવાની સ્વીકારી શકાય તેમ છે. એટલે કે આ કામે એફ.એસ.એલ.ના પુરાવાથી હથિયારો ઉપર રૂધિરની હાજરી મળી આવેલ નથી તેવું રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ તેટલા માત્ર કારણોસર જે રીતે બનાવ બનેલ છે અને જે રીતે આરોપીઓ ધ્વારા ગુનાહીત કૃત્ય કરવામાં આવેલાનો ફરીયાદ પક્ષનો કેસ છે તે ધ્યાને લેતાં હથિયારો ઉપર રૂધિરની હાજરી મળી આવેલ ન હોય તો તેટલા માત્ર કારણસર આરોપીની હાજરી બનાવ સ્થળે ન હતી કે તેમના ધ્વારા ગુનાહીત કૃત્ય કરવામાં આવેલ નથી તેવું માની શકાય તેમ નથી કારણ કે ફરીયાદ પક્ષનો સમગ્ર કેસ નજર સમક્ષ રાખવામાં આવે તો બનાવ બાદ તુર્તજ આરોપીઓની અટક થયેલ નહતી પરંતુ પાંચેક દિવસ બાદ જયારે હથિયાર રીકવરી પંચનામું કરવામાં આવેલ હોય ત્યારે તેઓએ રજુ કરેલ હથિયારો ઉપર

લોહીની હાજરી ન મળી આવે તે સ્વાભાવિક છે કારણકે લોહીની સાફસફાઈ કરવાનો આરોપીઓને પુરતો સમય મળી રહેલ હોવાનું અનુમાન થઈ શકે તેમ છે. વધુમાં ફરીયાદ પક્ષે કબજે કરવામાં આવેલ ટીશર્ટ અને શર્ટ ઉપર ઉપર રૂધિરની હાજરી મળી આવેલ છે તે ઘ્યાને લેતાં હથિયારો ઉપર રૂધિરીની હાજરી નહી મળી આવવા માત્રથી આ કામે સદરહું ગુનામાં આરોપીની સંડોવણી નથી કે તેમના વિરૂઘ્ઘ ખોટી રીતે પુરાવો એકત્રીત કરવામાં આવેલ છે તે હકીકત માની શકાય તેમ નથી.

(૨૨)... આમ આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનું ઝીણવટભર્યું અવલોકન કરતાં એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે કે, આ કામે જે બનાવ બનેલ છે તે ફરીયાદી ઈજા પામનારના ભાઈના ઘર આગળ દિવસ દરમ્યાન બનેલ છે અને તે સમયે ફરીયાદી તથા તેમના ભાઈના દિકરા સાહેદ મહેશજી તેમજ ફરીયાદીના ભાઈ અને ઈજા પામનાર સાહેદ જતનબેન કે જેઓ ફરીયાદીના ભાભી થાય છે તેમની હાજરી હતી અને તે સમયે હાલના આરોપીઓ પૈકી આરોપી ઠાકોર જીવણજી ઉર્ફે ટીકો મણાજી તથા ઠાકોર કરણાજી મણાજી ફરીયાદી પાસે આવેલા અને ફરીયાદી ઈજા પામનાર બાબુજી રાયાજી સાથે બોલાચાલી કરેલ અને ત્યારબાદ તે જ દિવસે સાંજના આશરે સાડા છ વાગ્યાના સુમાર આરોપીઓ હથિયારો સાથે ફરીયાદી તેમના ભાઈના ઘર આગળ બેઠેલા હતા ત્યારે આવેલ છે અને તેમને તથા તેમના ભત્રીજા સાહેદ મહેશજીને ઈજાઓ પહોંચાડેલ છે તેમજ સાહેદ જતનબેનને પણ આ બનાવમાં ઈજા થયેલ છે. એટલે કે આ કામે ફરીયાદ પક્ષે જે પુરાવો રેકર્ડ ઉપર છે અને તે પુરાવામાં આરોપીઓની

બનાવ સમયે હાજરી અંગે અને તેમના દ્વારા ગુનાહીત કૃત્ય કરવામાં આવેલ હોવા અંગે નજરે જોનાર સાહેદો તેમજ ખુદ ઈજા પામનાર ફરીયાદી તથા તેમના ભત્રીજા સાહેદ મહેશજી દ્વારા સમર્થનકર્તા પુરાવો આપવામાં આવેલ છે. એટલે કે આ કામે ફરીયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદો જેવા કે ફરીયાદી ઈજા પામનાર તથા બીજા અન્ય નજરે જોનાર સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સંપુર્ણપણે સમર્થન આપેલ છે અને તેઓએ પોલીસ રૂબરૂના નિવેદનમાં જે હકીકત દર્શાવેલ છે તે હકીકત તેઓએ નામદાર કોર્ટમાં સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે. સદરહુ સાહેદોની બચાવ પક્ષ તરફથી ખુબજ લંબાણપુર્વક ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ સદરહું સાહેદોનો પુરાવો ધ્યાને ન લઈ શકાય તેવી કોઈ ફળદાયી હકીકત બચાવ પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.વધુમાં ફરીયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ તટસ્થ સાહેદો એવા ડોકટર અને તપાસ કરનાર અધિકારીનો પુરાવો પણ હાલના નજરે જોનાર સાહેદો, ઈજા પામનાર અને ફરીયાદીના પુરાવા સાથે સુસંગત છે. આ તમામ પુરાવો એકીસાથે વંચાણે લેવામાં આવે તો આરોપીઓએ એકસંપ થઈ ગુનાહીત ઈરાદા સાથે ગેરકાયદેસર ગુનાહીત મંડળી રચીને ફરીયાદી અને તેના પક્ષના માણસો ઉપર હુમલો કરેલ છે તે હકીકત ફરીયાદ પક્ષ દ્વારા નિઃશંકપણે પુરવાર થયેલ છે. વધુમાં આ કામે તપાસ દરમ્યાન ફરીયાદ પક્ષ દ્વારા આરોપીઓ પાસેથી રીકવર થયેલ હથિયારોના પંચનામાના પંચોએ પણ ફરીયાદ પક્ષના કેસને સંપુર્ણ પણે સમર્થન આપેલ છે. આમ ફરીયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલા સાહેદોનો પુરાવો જોતાં ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ છે.

(૨૩)... બચાવ પક્ષ તરફથી **વિ.વકીલશ્રી એમ.જી.ચૌધરીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે,આ કામે ઈજા પામનાર સાહેદ મહેશજીએ ડોકટર રૂબરૂની હીસ્ટ્રીમાં તેમને આરોપી ગોપુજી વસંતજીએ માથામાં ધારીયુ મારેલાની હીસ્ટ્રી લખાવેલ છે જયારે ફરીયાદપક્ષના કેસ મુજબ તેમને માથામાં લાકડી મારવાથી ઈજા થયેલ છે જેથી ઈજા પામનાર સાહેદ મહેશજીને માથામાં ધારીયાથી ઈજા થયેલ છે કે લાકડીથી તે અંગે મહત્વનો વિરોધાભાસ હોઈ તેમજ ઈજા પહોંચાડનાર વ્યકિત તરીકે ગોપુજીનું નામ જણાવેલ છે જે નામની કોઈ વ્યકિત આરોપી તરીકે નથી જેથી સદરહું વિરોધાભાસ ધ્યાને લેતાં આરોપીને દોષીત ઠરાવી શકાય નહી.

આ અંગે રજુ થયેલ તબીબી અધિકારીના પુરાવાને ધ્યાને લેવામાં આવે તો ડો.પુજા નરેન્દ્રપુરી ગોસ્વામીના પુરાવા મુજબ તેઓએ સાહેદ મહેશજી હેમતાજીની સારવાર કરેલ છે અને તેઓ રૂબરૂની હીસ્ટ્રીમાં ડોડીવાડા ગામમાં મારામારીમાં ગોપુજી વસંતજી ઠાકોરે માથામાં ધારીયુ મારેલાનું જણાવેલ છે. જો કે આ કામે ગોપુજી વસંતજી ઠાકોર નામની કોઈ વ્યકિત ચાર્જસીટમાં સામેલ નથી. વધુમાં તબીબી અધિકારીશ્રીએ સદરહું ઈજા મારક હથિયાર ધારીયાથી થઈ શકે તેવી હોવાનું અને મુદ્દામાલ આર્ટીકલ નં. ૮ ના ધારીયાથી આવી ઈજા સંભવી શકે તેવું જણાવેલ છે તેમજ મુદ્દામાલ નં. ૫ ની લાકડીથી આવી ઈજા સંભવી શકે નહી તેવું જણાવેલ છે તે જોતાં ઈજા પામનાર સાહેદ મહેશજીને ધારીયાથી ઈજા થયેલ હોવા અંગે તબીબી પુરાવો સ્પષ્ટ છે જયારે આ કામે ઈજા પામનાર મહેશજી તેમજ અન્ય નજરે જોનાર સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ

મહેશજીને લાકડીથી ઈજા થયેલાનું જણાવેલ છે જેથી આ કામે તબીબી અધિકારીના પુરાવા સાથે ઈજા પામનાર અને અન્ય સાહેદોના પુરાવાનુ એકીસાથે મુલ્યાંકન કરવામાં આવે તો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે. વધુમાં આ કામે ઈજા પામનાર સાહેદ મહેશજીએ તબીબી અધિકારી રૂબરૂ તેમની હીસ્ટ્રીમાં આરોપી તરીકે જે વ્યકિતનું નામ લખાવેલ છે તે ગોપુજી વસંતજી ઠાકોર નામની કોઈ વ્યકિત નથી. એટલે કે આ કામે મહેશજીનો પુરાવો ધ્યાને લેતાં ઈજા પામનાર સાહેદ તરીકે તેમના પુરાવાની મહત્વતા પ્રથમ હોય છે પરંતુ આ કામે ઉપર કરેલ ચર્ચા મુજબ તેઓને કયા હથિયારથી ઈજા થયેલ છે તે અંગે તેમજ કોણે ઈજા કરેલ છે તે વ્યકિત અંગે જે તબીબી અધિકારી રૂબરૂની હીસ્ટ્રીમાં અને પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ હકીકતમાં  મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે.એ જ રીતે તબીબી અધિકારી શ્રી ડો. પી. પી. સોનીનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ પણ તેમના પુરાવામાં ઈજા પામનાર સાહેદ મહેશજીએ તેમના રૂબરૂની હીસ્ટ્રીમાં ધારીયાથી ઈજા કરવામાં આવેલાનું અને ઈજા કરનાર ગોકુળજી માનસંગજી ઠાકોર સાથે કુલ દસ જણા હોવાનું જણાવેલ છે જો કે આ કામે ઈજા પામનાર સાહેદ મહેશજીએ હીસ્ટ્રીમાં જણાવેલ નામ ગોકુળજી માનસંગજી આરોપી તરીકે નથી પરંતુ ગોપાળજી માનસંગજી છે. એ જ રીતે તેમના રૂબરૂની હીસ્ટ્રીમાં તેમને આરોપી ધ્વારા ધારીયુ મારેલાની હીસ્ટ્રી જણાવેલ છે પરંતુ તેમના પોલીસ રૂબરૂની નિવેદન અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં તેઓએ તેમને આરોપી ગોપાળજી માનસંગજીનાઓએ લાકડી વડે માથામાં ઈજા કરેલાની હકીકત જણાવેલ છે. એટલે કે આ કામે ઈજા પામનાર સાહેદ મહેશજી કે જેઓ ખુદ ઈજા

પામનાર સાહેદ છે અને તેમના કથન મુજબ તેમને આરોપી ગોપાળજી માનસંગજી દ્વારા લાકડીથી ઈજા કરવામાં આવેલ છે અને તે હકીકત તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદન અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે પરંતુ તેઓએ તબીબી અધિકારી રૂબરૂની હીસ્ટ્રીમાં લાકડીના બદલે ધારીયુ મારેલાની હકીકત લખાવેલ છે. એટલે કે ખરેખરે તેઓએ તબીબી અધિકારી રૂબરૂ જે હીસ્ટ્રીમાં ધારીયાથી ઈજા થયેલાનું લખાવેલ છે તે હકીકત અંગે તેમજ તેમના પોલીસ રૂબરૂના નિવેદન અને કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં લાકડી વડે ઈજા થયેલ હકીકત અંગે મહત્વનો વિરોધાભાસ ઉભો થયેલ છે તેમજ આ કામે તબીબી અધિકારીનો ઉપરોકત પુરાવો ધ્યાને લેતાં ઈજા પામનાર સાહેદ મહેશજીને માથામાં થયેલ ઈજા લાકડી વડે સંભવી શકે નહી તેવી હોવાનું અને ધારીયાથી થઈ શકે તેવું જણાવેલ છે ત્યારે આવા વિરોધાભાસ તેમજ આરોપીના નામ જે હીસ્ટ્રીમાં લખાવેલ છે તે અંગેનો વિરોધાભાસ ધ્યાને લેતાં ખરેખરે ઈજા પામનાર મહેશજીને થયેલ ઈજા કોણે કયા હથિયારથી કરેલ છે તે હકીકત સ્પષ્ટપણે પુરવાર થતી નથી જેથી બચાવ પક્ષની દલીલ કે ઈજા પામનાર સાહેદ મહેશજીને થયેલ ઈજા અંગે આરોપીના નામ અને હથિયાર અંગે વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે તે હકીકત માની શકાય તેમ છે અને તેટલા પુરતી હકીકત ફરીયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર થતી હોવાનું રેકર્ડ ઉપર આવતુ નથી જયારે ફરીયાદીને થયેલ ઈજા અંગે જોઈએ તો તબીબી અધિકારીશ્રીનો ઉપરોકત પુરાવાથી સંપુર્ણ સમર્થન મળી રહે છે જેથી તેટલા પુરતો તબીબી અધિકારીશ્રીનો પુરાવો ફરીયાદ પક્ષને સમર્થનકર્તા હોવાનું જણાઈ આવે છે.

(૨૪)... બચાવ પક્ષ તરફથી **વિ.વકીલશ્રી એમ.જી.ચૌધરીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે,આ કામે ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોના પુરાવામાં ચુંટણીની અદાવતના કારણે બનાવ બનેલાનું રેકર્ડ ઉપર આવેલ છે અને હાલના આરોપીઓને તે કારણે ખોટી રીતે સંડોવી દીધેલ છે. આ અંગે ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લેતાં આ કામે ફરીયાદ પક્ષ અને આરોપી પક્ષ વચ્ચે ગામમાં થયેલ ચુંટણીની અદાવતના કારણસર ઝઘડો થયેલ છે અને સદરહું ઘટના ઘટવા પામેલ છે તેવો ફરીયાદ પક્ષનો શરૂઆતથી જ કેસ છે અને બચાવ પક્ષ દ્વારા ઉલટ તપાસમાં પણ સદરહું ચુંટણીના પરિણામ બાદ આરોપી પક્ષના માણસો હારી ગયા હોવા બાબતે પક્ષકારો વચ્ચે મનદુઃખ થયા અંગેની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આમ ફરીયાદ પક્ષ ગુનો બનવા માટેની શરૂઆત અથવા તો ગુનો બનવાના કારણ એટલે કે મોટીવ સ્પષ્ટપણે સાબિત કરેલ છે. આ કામે આરોપીઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી ગુનાહીત કૃત્ય કરવાના બદદાનત અને બદ આશય સાથે ગુનાહીત હથિયાર લઈ ફરીયાદ પક્ષના માણસો ઉપર હુમલો કરેલાની હકીકતને સ્પષ્ટપણે રેકર્ડ ઉપરના પડેલ તમામ પુરાવા ઉપરથી શંકા રહીત રીતે ફરીયાદ પક્ષ સાબિત કરેલ છે.

(૨૫)... બચાવ પક્ષ તરફથી **વિ.વકીલશ્રી એમ.જી.ચૌધરીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓ ફરીયાદીના નજીકના સગાસંબંધી અને હિત ધરાવતા સાહેદો છે જેથી તેમના પુરાવાને ધ્યાને

લઈ આરોપીઓને દોષીત ઠરાવી શકાય નહી તેમજ નજરે જોનાર સાહેદના પુરાવાને ત્રણ કક્ષામાં વહેંચી શકાય (૧) સંપુર્ણ ભરોસાપાત્ર (૨) સંપુર્ણ ભરોસાપાત્ર હોવાનું જણાયેલ નહી અને (૩) સંપુર્ણ બિનભરોસાપાત્ર. જયારે તે પુરાવો સંપુર્ણ ભરોસાપાત્ર હોવાનું જણાયેલ ન હોય તો અદાલતે પુરાવા ઉપર વર્તતા પહેલા કેટલાક સમર્થન માટે આગ્રહ રાખી શકે તેમ છતાં જયારે આવો પુરાવો સંપુર્ણ બિનભરોસાપાત્ર અને ખામીયુકત જણાય ત્યારે તેને સંપુર્ણપણે કાઢી નાખવાની જરૂર છે અને કોઈપણ સમર્થન ખામી દુરશ્ત કરી શકે નહી. એક નબળો પુરાવો બીજા નબળા પુરાવાને સમર્થન પુરૂ પાડી શકે નહી અને હાલના કેસમાં પણ ફરીયાદ પક્ષના પુરાવામાં વિસંગતતાઓ રેકર્ડ ઉપર આવેલ હોઈ તેનો આરોપીઓને મળવાપાત્ર છે અને તેઓએ તેમની દલીલોના સમર્થનમાં (૧) **૨૦૦૯(૩) જી.એલ.એચ. ૬૧૮, વિનુભાઈ ઉર્ફે ડાઘીયો હિમંતભાઈ ગોસ્વામી વિ. સ્ટેટ ઓફ ગુજરાત તથા** (૨) ૨૦૧૭(૧)**, જી.એલ.આર. ૨૦૧૭, પેજ નં. ૪૯૪, સ્ટેટ ઓફ ગુજરાત વિ. ધિરજભઆઈ જીણાભાઈ મકવાણાના** નામદાર ગુજરાત હાઈકોર્ટના જજમેન્ટની નકલો રજુ કરેલ છે. આ અંગે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરીએ તો સાહેદો ફરીયાદીના નજીકના સગાસંબંધી હોવાની હકીકત અંગે તકરાર નથી પરંતુ તે પૈકી ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદ મહેશજી તેમજ જતનબેન કે જેઓ બનાવના ખુદ ઈજા પામનાર સાહેદ છે અને તે સિવાયના બાકીના સાહેદો બનાવના નજરે જોનાર સાહેદ તરીકે ફરીયાદ પક્ષે પુરાવો આપેલ છે તે હકીકત ધ્યાને લેતાં એક માત્ર હિત ધરાવતા સાહેદોનો પુરાવો હોઈ તેને તબીબી પુરાવા

અને પોલીસ સાહેદોના પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળતું હોય તો તે નહી માનવા માટે કોઈ કારણ નથી.વધુમાં આ કામે ઉપરોકત પુરાવામાં આરોપીઓની સદરહું ગુનાહીત કૃત્યમાં સંડોવણી અંગેનો સ્પષ્ટ, આધારભુત અને માની શકાય તેવો પુરાવો રજુ થયેલ છે અને તે પુરાવામાં એકબીજાના પુરાવા સાથે મુલ્યાંકન કરતાં ફરીયાદ પક્ષના કેસને નુકશાન કરે તેવો કોઈ વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ નથી અને જેથી બચાવ પક્ષની દલીલ કે સદરહું સાહેદોનો પુરાવો માની શકાય નહી તે હકીકત સ્વીકારી શકાય તેમ નથી.

(૨૬)... બચાવ પક્ષ તરફથી **વિ.વકીલશ્રી એમ.જી.ચૌધરીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે,આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં તમામ આરોપીઓનો ગુનામાં રોલ ધ્યાને લેતાં તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ હોવાનું જણાઈ આવે છે અને જેથી તમામ આરોપીઓને સદરહું ગુનામાં દોષીત ઠરાવી શકાય નહી. જો કે આ અંગે ફરીયાદ પક્ષે **વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે.જોષીનાઓએ દલીલ કરતાં** જણાવેલ છે કે,નામદાર સુપ્રિમ કોર્ટે એવુ સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, જયારે કોઈ પણ ગુનાહીત કૃત્ય કરવામાં આવેલ હોય અને તે ગેરકાયદેસર મંડળીના કોઈપણ સભ્ય ગુનાના કામમાં કરવામાં આવેલ મુખ્ય ગુનેગાર જેટલો જ ગુનેગાર ગણાય. જો ગેરકાયદેસર મંડળીના સભ્યની હાજરી ફકત મંડળીમાં હાજર રહેવા પુરતી હોય તેમ છતાં ગેરકાયદેસર મંડળીના સભ્યે મંડળીના સભ્ય તરીકે ઘટના સ્થળે હાજર રહેલ હોય પરંતુ ગુનામાં સક્રિયપણે ભાગ ભજવેલ ન હોય તેમ છતાં ફકત અને ફકત ગેરકાયદેસર

મંડળીના સભ્ય હોવાના કારણસર સદરહું આરોપીએ મુખ્ય આરોપી જેટલો જ ગુનો કરેલ છે તેવું કહી શકાય અને તેના મુખ્ય આરોપી જેટલો જ સજાનો હુકમ ફરમાવી શકાય એટલે કે ગેરકાયદેસર મંડળીના સભ્યો ધ્વારા ગુનાહીત કૃત્ય દરમ્યાન તેમનો સમાન ઈરાદો હતો તેવું ગણી શકાય અને આ સમાન હેતુ અને ઈરાદાના ફળસ્વરૂપે જ તેઓએ ગેરકાયદેસર મંડળી રચી અને સામાવાળા પક્ષ ઉપર હુમલો કરી નુકશાન પહોંચાડેલ છે તેમાં દરેક આરોપીની એકસરખી સંડોવણી છે તેવુ માની શકાય.

(૨૭)... આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા ફરીયાદી તથા અન્ય સાહેદોનો જે પુરાવો છે તે સતત, સખત અને કોઈપણ જાતની ખામી વગરનો છે. આ પુરાવો સંપુર્ણપણે વિશ્વાસનીય અને આધારભુત છે. સદરહું સાહેદોએ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે તેમજ આરોપીઓના નામ વર્ણન અને ગુના વખતે તેઓએ કરેલ કૃત્યને સ્પષ્ટ શબ્દોમાં વર્ણવેલ છે તથા સદરહું સાહેદોની બચાવ પક્ષ ધ્વારા ખુબજ ઝીણવટભરી રીતે ઉલટ તપાસ કરવામાં આવેલ છે પરંતુ એવી કોઈ ફળદાયી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી કે જેના આધારે એવુ કહી શકાય કે સદરહુ સાહેદે આરોપીઓને હેરાન કરવાના બદ આશયથી સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે અને ખોટી રજુઆત કરે છે. વધુમાં સદરહું ફરીયાદી તથા સાહેદોના ઉપરોકત પુરાવાને સ્વતંત્ર સાહેદો જેવા કે ડોકટર અને તપાસ કરનાર અધિકારીના પુરાવાથી પણ સમર્થન મળે છે જે નહી માનવા માટે કોઈ કારણ નથી. એટલે કે આ કામે ફરીયાદ પક્ષે જે રીતે બનાવ બનેલ છે

અને ફરીયાદીને જે ઈજા થયેલ છે તે આ કામના આરોપીઓ દ્વારા જ કરવામાં આવેલ હોવાની સ્પષ્ટ હકીકત નજરે જોનાર સાહેદ અને ઈજા પામનાર સાહેદ ખુદ ફરીયાદી તેમજ ઈજા પામનાર સાહેદ મહેશજી તેમજ સાહેદ જતનબેન અને અન્ય બનાવના નજરે જોનાર સાહેદોના પુરાવાથી સ્પષ્ટ થાય છે જેથી આ કામે ઉપરોકત ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીઓ દ્વારા જ સદરહું ગુનાહીત કૃત્ય કરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે જો કે આ કામે અગાઉ ચર્ચા કર્યા મુજબ સાહેદ મહેશજીને બનાવમાં ઈજા થયેલાની હકીકત પુરવાર થાય છે પરંતુ કયા હથિયારથી કોણે ઈજા કરેલ તે હકીકત પુરવાર થતી ન હોઈ ફરીયાદ પક્ષ તે હકીકત પુરવાર કરી શકેલ નથી તેવું સ્પષ્ટ થાય છે.

(૨૮)... આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપીઓની ગુનાહીત કૃત્યમાં સંડોવણી સાબિત થાય છે ત્યારે આરોપીઓને કયા ગુના સબબ દોષીત ઠરાવી શકાય તેમ છે તે અંગે ચર્ચા કરીએ તો આ કામના આરોપીઓ સામે આંક-૫ થી ફરમાવવામાં આવેલ તહોમતનામું જોતાં તેમાંઈ. પી. કો. કલમ ૩૦૭, ૩૨૬, ૩૨૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦-બી તથા જી.પી. એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે તેની કાયદાકીય જોગવાઈઓ તથા તે ગુનો પુરવાર કરવા તેના આવશ્યક તત્વો શું છે અને તે ફરીયાદ પક્ષે ઉપરોકત રજુ થયેલ પુરાવામાં પુરવાર થયેલ છે કે કેમ? તે અંગે ચર્ચા કરવાની રહે છે જે અંગે રજુ થયેલ

આક્ષેપીત ગુના સંબંધીત કાયદાની જોગવાઈ ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે.

**ઈ. પી. કો. કલમ ૩૦૭ માં જણાવ્યા પ્રમાણે** " કોઈ વ્યકિત, કોઈ કૃત્ય, એવા ઈરાદાથી કે જાણકારી સાથે અને એવા સંજોગોમાં કરે કે તે કૃત્યથી જો પોતે મૃત્યુ નિપજાવત તો ખુન માટે દોષીત થાત, તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર થશે અને તેવા કૃત્યથી કોઈ વ્યકિતને વ્યથા થાય, તો ગુનેગાર આજીવન કેદની અથવા ઉપર જણાવ્યા પ્રમાણેની કેદની શિક્ષાને પાત્ર થશે તેવું તેમાં ઠરાવેલ છે."

જયારે **ઈ. પી. કો. કલમ ૩૨૬**– જે કોઈ વ્યકિત, કલમ ૩૩પમાં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય ગોળી છોડવાના, ભોંકવાના, કાપવાના કોઈ સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મોત નિપજવાનો સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે કોઈ તપાવેલ પદાર્થ વડે અથવા કોઈ ઝેરી કે ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઈ વિસ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવ શરીરને નુકશાનકારક હોય તેવા પદાર્થ વડે અથવા કોઈપણ પશુ મારફત સ્વૈચ્છાપુર્વક વ્યથા કરે, તેને દસની મુદત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

**ઈ. પી. કો. કલમ ૩૨૪ – ભયંકર હથિયાર કે સાધનો વડે સ્વૈચ્છાપુર્વક વ્યથા કરવા બાબતઃ–** જે કોઈ વ્યકિત, કલમ ૩૩૪ માં જણાવેલા સંજોગોમાં હોય તે સિવાય, ગોળી છોડવાના, ભોંકવાના કે

કાપવાના સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મોત નિપજવાનો સંભવ હોય તેવા સાધન વડે અથવા આગ કે કોઈ તપાવેલા પદાર્થ વડે અથવા કોઈ ઝેર કે ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઈ વિસ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી તે લોહીમાં ભળવાથી માનવ શરીરને નુકશાનકારક હોય તેવા પદાર્થ વડે અથવા કોઈ પશુ મારફત સ્વૈચ્છાપુર્વક વ્યથા કરે, તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**ઈ. પી. કો.કલમ ૧૨૦–બી** –ગુનાહીત કાવતરાની શિક્ષાઃ– જે કોઈ વ્યકિત મોતની, આજીવન કેદની અથવા બે કે તેથી વધુ વર્ષ સુધીની સખત કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાના ઈરાદાથી ગુનાહીત કાવતરામાં સામેલ હોય તેને એવા કાવતરા માટેની શિક્ષાની આ અધિનિયમમાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી ન હોય ત્યારે એવા ગુનામાં તેણે દુષ્પ્રેરણ કર્યુ હોય એ રીતે શિક્ષા કરવામાં આવશે.

જે કોઈ બાબત ઉપર જણાવ્યા મુજબ શિક્ષાપાત્ર ગુનો કરવા માટે ગુનાહીત કાવતરાં સિવાયની બીજા ગુનાહીત કાવતરામાં સામેલ હોય, તેને છ મહીના સુધીની બેમાંથી કોઈ પ્રકારની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે .

જયારે **ઈ. પી. કો. કલમ ૫૦૪** મુજબના ગુન્હા સંબંધેનો જે આરોપ મુકવામાં આવેલ છે તેની જોગવાઈ ધ્યાને લેતાં **ઈ. પી. કો. કલમ ૫૦૪– સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપુર્વક અપમાન કરવું** –જેમાં ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે

અથવા કોઈ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઈ વ્યકિત, ઈરાદાપુર્વક બીજી કોઈ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા બંને શિક્ષા કરવામાં આવશે. જયારે **ઈ. પી. કો. કલમ ૫૦૬(૨)**– જે કોઈ વ્યકિત, ગુનાહીત ધમકી આપે તેને બે વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મીલકતને નાશ કરવાની અથવા મોતની આજીવન કેદની અથવા સાત વર્ષની મુદત સુધીની કેદની શિક્ષાને પાત્ર ગુનો કરવાની હોય અથવા કોઈ સ્ત્રી ઉપર ચારિત્ર્યહિનતાનું આળ મુકવાનું હોય, તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

(૨૯)... આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનું પુરાવાકીય મુલ્યાંકન કરતાં એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ ઉપર આવેલ છે કે, આરોપીઓએ ચુંટણી અંગેની અદાવતના કારણે હુમલો કરેલ છે પરંતુ આરોપીઓએ ગુનાહીત કાવતરૂ રચી સદરહું બનાવને અંજામ આપેલ હોય તેવું ફરીયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર થતુ નથી તેમજ આરોપીઓ સામે **જી.પી. એકટની કલમ ૧૩૫** મુજબના જે ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે તે બાબતને પણ જોવામાં આવે તો આ કામે આંક–૬૯ થી જાહેરનામાની

નકલ રજુ થયેલ છે પરંતુ ફરીયાદ પક્ષ દ્વારા અધિક જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરીના કોઈ માહીતગાર માણસને તપાસી તે હકીકત પુરવાર કરવામાં આવેલ નથી. સદરહું કામે ફરીયાદ પક્ષ દ્વારા એવો પણ પુરાવો આપવામાં આવેલ નથી કે સદરહું બનાવ સમયે જે જાહેરનામું અધિક જીલ્લા મેજીસ્ટ્રેટની દ્વારા બહાર પાડવામાં આવેલ હતુ તે જાહેરનામાની નકલ તેઓએ ગામની જાહેર જગ્યાએ તેને ચોંટાડીને તેની જાહેરાત કરેલ હોય અથવા તો દાંડી પીટીને આ જાહેરનામાનુ પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય. આમ જાહેરનામાની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ દ્વારા કોઈ માની શકાય તેવો સ્પષ્ટ પુરાવો રજુ કરવામાં આવેલ નથી જેથી ફરીયાદ પક્ષ જાહેરનામાની વિગત સાબિત કરવામાં સ્પષ્ટપણે નિષ્ફળ રહેલ છે.

એ જ રીતે જે આરોપીઓ સામે ફરીયાદી તથા સાહેદોને જે બિભત્સ ગાળો આપવા સંબંધેનો આરોપ છે તથા ગુનાહીત ધમકી આપવા સંબંધે પણ આરોપ છે પરંતુ તે ધમકી આપ્યા બાદ આરોપીઓએ ધમકી સંબંધે કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ? તે હકીકત પણ પુરવાર થવા પામેલ નથી. કારણ કે જો ધમકી આપેલ હોય તો તે ધમકીના અનુસંધાને આરોપીઓએ કોઈ પગલાં લીધેલ હોય અથવા કોઈ કાર્યવાહી કરેલ હોવી જોઈએ એટલે કે ફરીયાદી અને આરોપીઓ જયારે એકજ ગામના હોય અને બાજુ બાજુમાં રહેતા હોય ત્યારે તે જગ્યાએથી ફરીયાદ પક્ષ સ્થળાંતર કરી ગયેલ હોય તેવું પણ બનવા પામેલ નથી તેમજ આરોપીઓ દ્વારા ફરીયાદીને બિભત્સ ગાળો આપી જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે તે માટેનો પ્રયત્ન

કરેલ હોય તે હકીકત પણ રેકર્ડ ઉપર આવવા પામેલ નથી. એટલે કે માત્ર ગાળો આપી તેટલું કહેવું પર્યાપ્ત નથી પરંતુ આરોપીઓ કયા શબ્દોમાં ગાળો બોલેલ તે હકીકત પણ પુરવાર થવી જોઈએ જે આ કામે થવા પામેલ નથી તે પણ સ્પષ્ટ થઈ આવે છે. વધુમાં આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં સાહેદ મહેશજી ઠાકોરને માથાના ભાગે ઈજા થયેલાની હકીકત પુરવાર થાય છે પરંતુ તેમને કયા આરોપીએ શું હથિયારથી ઈજા કરેલ છે તે બાબતે વિરોધાભાસી પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે જેથી તેમને સદરહું બનાવમાં ઈજા થયેલાની હકીકત ફરીયાદ પક્ષે પુરવાર થાય છે પરંતુ તે ઈજામાં કયા આરોપીની સંડોવણી હતી તે અંગેનો વિરોધાભાસી પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોઈ તેમને થયેલ ઈજાઓ અંગે જે તહોમતનામામાં ઈ. પી. કો. કલમ ૩૨૬, ૩૨૪ મુજબના ગુનાનું તહોમત ફરમાવેલ છેતે સાબિત થતુ નથી જેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીઓને ઈ. પી. કો.કલમ ૩૨૬, ૩૨૪, ૨૦૧, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુના સંબંધે દોષીત ઠરાવી શકાય તેમ નહોઈ તે ગુનામાં તેઓને શંકાનો લાભ આપી શકાય તેમ છે જયારે ઈ. પી. કો.કલમ ૩૦૭ મુજબના ગુનાના આવશ્યક તત્વો તેમજ પડેલ પુરાવો ધ્યાને લેતાં આરોપીઓ તે ગુના સબબ દોષીત ઠરતા હોવાનું રેકર્ડ ઉપર સ્થાપિત થાય છે.

એ જ રીતે ફરીયાદ પક્ષ દ્વારા જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે પુરાવો જોતાં આરોપીઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી પ્રાણઘાતક હથિયારો ધારણ કરી હુમલો કરેલાનો ઈ. પી. કો.કલમ ૧૪૭,

૧૪૮, ૧૪૯ અન્વયેના ગુનાનો આક્ષેપ છે. આ અંગે કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

આ કામે આરોપીઓ સામે કાયદા વિરૂધ્ધની મંડળી રચી ગુનો કર્યાનો આક્ષેપ છે તે ધ્યાને લેતાં **ઈ. પી. કો. કલમ ૧૪૧** માં કાયદા વિરૂધ્ધની મંડળી અંગેની વ્યાખ્યા કરેલ છે જેમાં પાંચ અથવા વધુ વ્યકિતઓની મંડળીને, જો તેની અંગભુત વ્યકિતઓનો સમાન ઉદ્ધેશ નીચે મુજબ હોય તો "કાયદા વિરૂધ્ધની મંડળી" કહેવામાં આવે છે.

**પહેલો–** કેન્દ્ર અથવા કોઈ રાજય સરકાર ઉપર અથવા સંસદ અથવા કોઈ રાજયના વિધાનમંડળ પર અથવા રાજય સેવકની હેસિયતથી પોતે કાયદેસરની સત્તા વાપરતો હોય ત્યારે કોઈ રાજય સેવક ઉપર ગુનાહીત બળથી અથવા ગુનાહીત બળ દાખવી ધાક બેસાડવાનો અથવા

**બીજો–** કોઈ કાયદાની અથવા કાનુની કામગીરી હુકમની અમલ બજવણીનો સામનો કરવાનો અથવા

**ત્રીજો–** કોઈ બગાડ કે ગુનાહીત અપ–પ્રવેશ કે બીજો ગુનો કરવાનો, અથવા

**ચોથો–**ગુનાહિત બળથી અથવા કોઈ વ્યકિતને બળ દાખવીને કોઈ મિલકતનો કબજો લેવાનો કે મેળવવાનો અથવા કોઈ વ્યકિતના કબજા કે ભોગવટામાં હોય તેવા તે રસ્તે આવવા જવાના હકના ઉપભોગથી અથવા પાણીનો ઉપયોગ કરવાના હકથી કે બીજા અમુર્ત હકથી તેને વંચિત રાખવાનો અથવા કોઈ હકનો કે માની લીધેલા હકનો અમલ કરાવવાનો, અથવા,

<u>**પાંચમો–**</u> ગુનાહીત બળથી અથવા ગુનાહીત બળ દાખવીને જે કરવા કોઈ વ્યકિત કાયદેસર રીતે બંધાયેલ ન હોય તે કરવાની અથવા જે કરવાનો તેને કાયદેસર હક હોય કે તે ન કરવાની તેને ફરજ પાડવાનો .

આ કામે આરોપીઓ સામે જે ગુનાનો આક્ષેપ છે તેની કાયદાકીય પ્રસ્થાપિત જોગવાઈ ધ્યાને લઈએ તો

<u>**ઈ. પી. કો. કલમ ૧૪૭**</u> **–હુલ્લડ કરવા માટે શિક્ષા**– જે કોઈ વ્યકિત, હુલ્લડ કરવા માટે દોષિત હોય તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**કલમ–૧૪૬ હુલ્લડ કરવુ–** કોઈ કાયદા વિરૂધ્ધની મંડળીનો સામાન્ય ઉદ્ધેશ પાર પાડવામાં તે મંડળી અથવા તેનો કોઈ સભ્ય બળ અથવા હિંસાનો ઉપયોગ કરે ત્યારે, તે મંડળીને દરેક સભ્ય હુલ્લડ કરવાના ગુના માટે દોષિત છે.

<u>**ઈ. પી. કો. કલમ ૧૪૮**</u> **–પ્રાણઘાતક હથિયારથી સજ્જ થઈને હુલ્લડ કરવા બાબત**– જે કોઈ વ્યકિત, પ્રાણઘાતક હથિયારથી અથવા આક્રમક હથિયાર તરીકે વાપરતાં જેનાથી મૃત્યુ થવાનો સંભવ હોય એવી કોઈ વસ્તુથી પોતે સજજ થયેલ હોય અને હુલ્લડ કરવા માટે દોષિત હોય તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

આ અંગે ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો સદરહું કામે ફરીયાદ પક્ષ ધ્વારા જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે તમામ સાહેદોનો પુરાવો ધ્યાનપુર્વક વંચાણે લેતાં એ હકીકત નિર્વિવાદપણે સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે,આરોપીઓએ એકસંપ થઈ

ગેરકાયદેસર મંડળી રચી પ્રાણઘાતક હથિયારો ધારણ કરી હુમલો કરેલાનો અને ફરીયાદી સાહેદોને માર મારેલાનું રેકર્ડ ઉપર આવેલ છે. આમ ફરીયાદ પક્ષ દ્વારા રજુ થયેલ પુરાવો ધ્યાનપુર્વક વંચાણે લેતાં એવો નિષ્કર્ષ નીકળેલ છે કે, ઈજા પામનાર ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદોનો પુરાવો ધ્યાને આરોપીઓએ તેમને માર મારવા અથવા મારી નાખવાનો સમાન હેતુથી ગેરકાયદેસર મંડળી રચી અને તેમના ઉપર હુમલો કર્યા હોય તે પ્રકારનો પુરાવો રજુ કરવામાં આવેલ છે તેમજ  તમામ આરોપીઓએ ભેગા થઈને અલગ અલગ અને સક્રિયપણે ભાગ ભજવેલ છે તે અંગેનો રેકર્ડ ઉપરના પુરાવા ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે. નામદાર સુપ્રિમ કોર્ટ તથા નામદાર ગુજરાતની વડી અદાલત દ્વારા સંખ્યાબંધ ચુકાદાઓમાં એવું ઠરાવેલ છે કે, સમાન હેતુ (કોમન ઓબ્જેકટ) ગુનો બનતો હોય તે સમયે પણ આરોપીઓ વચ્ચે ઉદ્‌ભવી શકે છે. હાલના કામે ફરીયાદ પક્ષનો પુરાવો જોતાં તમામ આરોપીઓએ એકસાથે મળીને ગુનાહીત કૃત્યમાં સક્રિય ભાગ ભજવેલ છે અને તે અંગેનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ હોઈ ઈ. પી. કો.કલમ ૧૪૯ અન્વયે આરોપીઓએ ગુનો કરેલ છે તેવું કહી શકાય તેમજ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી ઈજા પામનાર ફરીયાદીને માર મારવાના અથવા તો મારી નાખવાના હેતુથી ગેરકાયદેસર મંડળી રચ્યા અંગેનો પુરાવો પણ રેકર્ડ ઉપર ફરીયાદ પક્ષ દ્વારા લાવવામાં આવેલ  હોવાથી આરોપીઓને **ઈ. પી. કો. કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯** અન્વયેના ગુનામાં દોષીત ઠરાવી શકાય તેમ છે.

(૩૦)... સદર કામે આરોપી સામે આંક–૫ ના તહોમતનામામાં ફરમાવવામાં આવેલ આક્ષેપીત ગુનાઓ તેમજ તેમની કાયદાકીય જોગવાઈ તથા સદરહું ગુનાઓ સાબિત કરવા માટેના આવશ્યક તત્વો તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવો નજર સમક્ષ રાખવામાં આવે તો આ કામે તમામ આરોપીઓએ ભેગા મળી એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બની, પ્રાણઘાતક હથિયારો ધારીયુ, લોખંડની છરી, લાકડીઓ, ધોકા જેવા હથિયારો ધારણ કરી બનાવ તારીખ ૧૧–૦૪–૨૦૧૭ નારોજ કલાક ૧૮–૩૦ વાગ્યાના સુમારે મોજે ડોડીવાડા મુકામે ફરીયાદી તેમના ભાઈ ઠાકોર હેમતાજી રાયાજીના ઘરે બેઠેલ હોઈ ત્યાં તમામ આરોપીઓએ આવી ફરીયાદીને કહેલ કે તમોએ ઠાકોર હરજીજી માસંગજીને વોટ આપેલ નથી તેમ કહી ફરીયાદી સાથે ઝઘડો કરી ઉશ્કેરાઈ જઈ આરોપી નં.૧ અશ્વિનજીનાએ તેના હાથમાનું ધારીયું ફરીયાદીને માથાના ભાગે સીધુ મારી તથા આરોપી નં. ૫ મણાજી તથા આરોપી નં. ૬ અભુજીનાએ ફરીયાદીને પકડી રાખતાં આરોપી નં. ૨ દિલીપજીનાએ લોખંડની છરી ફરીયાદીના ડાબા હાથની પહેલી આંગળી ઉપર મારી તથા આરોપી નં. ૩ જીવણજી, નં. ૪ ગોપાળજી, નં. ૮ હરજીજી તથા નં. ૯ વિષ્ણુજીનાઓએ લાકડીઓથી તથા તમો આરોપી નં. ૭ વિપુલજીનાએ ધોકાથી ફરીયાદીને બરડાના ભાગે તથા કમરના ભાગે તથા થાપાના ભાગે માર મારી તથા સાહેદ નં. ૧૧ જતનબેન હેમતાજીને તમો આરોપી નં. ૩ જીવણજીનાએ લાકડી મોઢાના જમણી બાજુના ભાગે મારી તેમજ ફરીયાદીને મારી નાંખવાના ઈરાદે જીવલેણ ઈજાઓ કરી ગુનો કરેલાનો પણ પુરાવો રેકર્ડ ઉપર આવે છે જેથી આરોપીઓ સામે ઈ. પી. કો. કલમ ૧૪૭, ૧૪૮,

૩૦૭ સાથે વાંચતા કલમ ૧૪૯ મુજબનો ગુનો ફરીયાદ પક્ષે નિ:શંકપણે સાબિત કરેલાનું પ્રથમદર્શનીય રીતે રેકર્ડ ઉપર આવેલ હોઈ આરોપીને સદરહું શિક્ષાને પાત્ર ગુના સબબ **દોષીત** ઠરાવવાનું ઉચીત જણાય છે.

જયારે આરોપી સામે ઈ. પી. કો. કલમ ૩૨૬, ૩૨૪, ૨૦૧, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનાના આવશ્યક તત્વો ધ્યાને લેતાં તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં સદરહું ગુનો સાબિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલાનું રેકર્ડ ઉપર આવેલ હોઈ આરોપીઓને સદરહું ગુના સબબ છોડી મુકવાનું ઉચીત જણાય છે.

(૩૧)... ફરીયાદ પક્ષે રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવો નજર સમક્ષ રાખતાં ફરીયાદ પક્ષ પોતાના પુરાવાથી આ કામના આરોપીએ **ઈ. પી. કો. કલમ ૧૪૭, ૧૪૮, ૩૦૭ સાથે વાંચતા કલમ ૧૪૯** મુજબનું ગુનાહીત કૃત્ય કરેલ હોવાનું નિ:શંકપણે સાબિત કરી શકેલ હોવાનું જણાઈ આવતું હોઈ ઉપરોકત ચર્ચાને અંતે **મુદ્દા નં.૧ નો નિર્ણય અંશતઃ હકારાત્મકમાં તથા મુદ્દા નં. ૨ નો પરત્વે** નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **-:: હુ ક મ :: -**

- આરોપીઓને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૩૫(૧) અન્વયે ઈ. પી. કો. કલમ ૩૨૬, ૩૨૪, ૨૦૧, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના ગુનામાં પુરતા પુરાવાના

અભાવે દોષીત ન ઠરતાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- જયારે આરોપીઓને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૩૫(૨) અન્વયે **ઈ. પી. કો. કલમ ૧૪૭, ૧૪૮, ૩૦૭ સાથે વાંચતા કલમ ૧૪૯** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે તથા સદરહું ગુના સબબ સજા બાબતે સાંભળવા માટે રાખવામાં આવે છે.

તારીખઃ–૨૯–૦૫–૨૦૧૯
સ્થળઃ– મહેસાણા.

**(દિવ્યેશકુમાર અમૃતલાલ જોષી)**
**સેશન્સ જજ, મહેસાણા.**
**Judge code–GJ**00 907.

(૩૨)... **સજા બાબતે સાંભળ્યા.**

આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એમ.જી.ચૌધરીની મુખ્ય રજુઆત એવી છે કે, આરોપીઓનો આ પ્રથમ ગુનો છે. આરોપીઓ એકજ પરિવારના કાકા બાપાના ભાઈઓ છે.આરોપીઓ બાળબચ્ચાવાળા છે અને કુટુંબની તમામ જવાબદારી તેમના શીરે છે. આ કામના આરોપી નં. ૧ અશ્વિનજીનો અભ્યાસ હાલ ચાલુ છે. તે સંજોગોમાં ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે.

(૩૩)... સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી રેખાબેન કે. જોષીની મુખ્ય દલીલ છે કે, આ કામે આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી ગુનાહીત કૃત્ય કરેલ છે અને આરોપીઓ સામે ઈ. પી. કો. કલમ ૩૦૭ મુજબનો ગુનો ફરીયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે. જેથી ગુનાની ગંભીરતા ધ્યાને લેતાં તેમજ સમાજમાં દાખલો બેસે તે માટે આરોપીઓને કાયદામાં પ્રસ્થાપિત મહત્તમ સજા કરવા રજુઆત કરેલ છે.

(૩૪)... પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો ધ્યાને લીધી. ફરીયાદ પક્ષ આ કામના આરોપીઓ સામેનો ઈ. પી. કો. કલમ ૧૪૭, ૧૪૮, ૩૦૭ સાથે વાંચતા કલમ ૧૪૯ મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે. આ કામે ફરીયાદ પક્ષની હકીકત ધ્યાને લેતાં આરોપીઓએ જે રીતે ગેરકાયદેસર મંડળી રચી ઘાતક હથિયાર વડે હુમલો કરી ફરીયાદી સાહેદોને ઈજાઓ પહોંચાડેલ છે તે ધ્યાને લેતાં તેમજ આ પ્રકારના ગુનાની ગંભીરતા તથા સમાજમાં પડતી તેની અસરોને ધ્યાને લેતાં નીચે મુજબનો સજાનો હુકમ કરવો ઉચીત જણાય છે તે સંજોગોમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **-:: હુ ક મ :: -**

- આરોપીઓને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૩૫(૨) અન્વયે **ઈ. પી. કો. કલમ ૧૪૭, ૧૪૮, ૩૦૭ સાથે વાંચતા કલમ ૧૪૯** મુજબના સજાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને **પ્રત્યેક** આરોપીને ઈ. પી. કો. કલમ

૧૪૭ મુજબના ગુના માટે **૧(એક)વર્ષની** સાદી કેદની સજા અને **રૂા.૧,૦૦૦/–**(અંકે રૂપિયા એક હજાર)નો દંડ અને દંડ ન ભરે તો વધુ ૧૫ દિવસની સાદી કેદની સજા તેમજ ઈ. પી. કો. કલમ ૧૪૮ મુજબના ગુના માટે **૨(બે)વર્ષની** સાદી કેદની સજા અને રૂ**ા.૨,૦૦૦/–** (અંકે રૂપિયા બે હજાર)નો દંડ અને દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવાનો તેમજ **ઈ. પી. કો. કલમ ૩૦૭ સાથે વાંચતા કલમ ૧૪૯** મુજબના સજાને પાત્ર ગુના માટે **૭(સાત)**વર્ષની સખત કેદની સજા તથા **રૂા.૫,૦૦૦/–** (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નો દંડ અને દંડ ન ભરે તો વધુ ૨**(બે)** માસની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીઓ જેટલો સમય જેલમાં રહયા હોય તેટલા સમયનો સેટ–ઓફ આપવો.
- આ કામે કરવામાં આવેલ તમામ સજાઓ આરોપીઓએ **એકસાથે** ભોગવવી.
- અપીલ સમય પુરો થયા બાદ બિન કિંમતી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે ફરીયાદી ઠાકોર બાબુજી રાયાજીને વળતર માટે ક્રિ.પ્રો.કોડની કલમ **૩૫૭(એ)** અન્વયે યોગ્ય કાર્યવાહી

કરવા જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહેસાણાને યાદી કરવી.

- આ ચુકાદાની ખરી નકલ આરોપીઓને વિના મુલ્યે તાકીદે આપવી.
- આખરી હુકમની તથા તહોમતનામાની એક નકલ જેલરશ્રી, સબજેલ,મહેસાણા તથા બેચરાજી પોલીસ સ્ટેશનમાં અલગથી મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ રોજ તારીખ ૨૯ માહે મે, સને ૨૦૧૯ નારોજ ખુલ્લી અદાલત મધ્યે જાહેર કર્યા.

તારીખઃ-૨૯-૦૫-૨૦૧૯

સ્થળઃ- મહેસાણા.

**(દિવ્યેશકુમાર અમૃતલાલ જોષી)**

**સેશન્સ જજ, મહેસાણા.**

**Judge code-GJ**00 907.